૨૦૪ વર્ષ
દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 148 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 June 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૨૪ જૂન ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘આપ’ના ધારાસભ્ય ચૈતર વસાવાને સાત વર્ષની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નર્મદા જિલ્લાની અદાલતે આમ આદમી પાર્ટી (આપ)ના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની અને અન્ય કેટલાક સહ-આરોપીઓને વર્ષ ૨૦૨૩ના વન વિભાગના અધિકારીઓ પર હુમલો અને ખંડણીના કેસમાં દોષિત ઠેરવીને સાત વર્ષની જેલની સજા સંભળાવી હતી. એડિશનલ સેશન્સ જજે ચૈતર વસાવા પર ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં બાદ ‘આપ’ના સૌથી દિગ્ગજ આદિવાસી નેતા તરીકે ઊભરી આવેલા ચૈતર વસાવા માટે કોર્ટનો આ ચુકાદો પક્ષ અને તેમના રાજકીય ભવિષ્ય માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો અનુસાર, સરકારી વકીલ વંદના ભટ્ટે જણાવ્યું હતું કે, ચૈતર વસાવાના પત્ની શકુંતલાબેન સહિત અન્ય આઠ આરોપીઓને પણ સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. તમામ આરોપીઓને રાજપીપળા સબ-જેલમાં અદાલતી કસ્ટડીમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ, નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખોરવાય નહીં તે હેતુથી આરોપીઓ દ્વારા અન્ય જિલ્લાની જેલમાં ટ્રાન્સફર કરવા માટેની અરજી પણ દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત, સજા પામેલી મહિલાઓ પૈકી એક ગર્ભવતી હોવાથી અને અન્ય એક મહિલાને નવજાત શિશુ હોવાના કારણે, તેમના વકીલે બાળકને જેલમાં માતા સાથે રહેવા દેવાની મંજૂરી માંગતી અરજી કોર્ટ સમક્ષ રજૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરકારી વકીલે વધુમાં જણાવ્યું હતું કે આરોપીઓને અગાઉ આ જ કેસમાં એક વર્ષની પ્રોબેશન પર મુક્ત કરવામાં આવ્યા હતા. જો કે, તેમણે કથિત રીતે ફરીથી ગુના આચર્યા હોવાથી કોર્ટે તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આ કડક સજા ફટકારી હતી. આ સમગ્ર મામલો ૩૦ ઓક્ટોબર ૨૦૨૩નો છે, જ્યારે ઝાડોલી ગામના સહ-આરોપી રમેશ વસાવા સહિતના ગ્રામજનોને વન વિભાગની જમીન પરથી દબાણ હટાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ આદેશથી નારાજ થઈને ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના પાંચ અધિકારીઓને ડેડિયાપાડા સ્થિત પોતાના ઘરે બોલાવ્યા હતા અને ધાકધમકી આપી હતી.

નવેમ્બર ૨૦૨૩માં ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એફઆઈઆર મુજબ, ચૈતર વસાવા અને તેમના પરિવારે સરકારી અધિકારીઓ સાથે ગાળાગાળી કરી હતી, તેમાંથી એક અધિકારી પર શારીરિક હુમલો કર્યો હતો અને પ્રભાવિત ગ્રામજનોને વળતર ચૂકવવાની માગ કરી હતી. ચૈતર વસાવાએ કથિત રીતે બિનલાઇસન્સવાળા હથિયારથી હવામાં એક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું, જેના કારણે તેમના પર આર્મ્સ એક્ટ અને ભારતીય દંડ સંહિતા હેઠળ રમખાણો, ખંડણી અને ફરજ પરના સરકારી કર્મચારીને ધમકાવવાની કલમો લગાવવામાં આવી હતી. બીજા દિવસે ચૈતરના પર્સનલ આસિસ્ટન્ટ જિતેન્દ્રએ પણ અધિકારીઓનો સંપર્ક કરી નાણાંની માંગણી દોહરાવી હતી. આ કેસમાં ચૈતર, શકુંતલા, જિતેન્દ્ર, રમેશ વસાવા અને બોગાજ ગામના ત્રણ રહીશો સહિત અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. અકસ્માત અને ધમકીની ઘટનાના થોડા જ દિવસોમાં શકુંતલાબેન, જિતેન્દ્ર અને રમેશની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ચૈતર વસાવા ઘણા દિવસો સુધી ફરાર રહ્યા બાદ શરણે આવ્યા હતા. ત્યારબાદ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભરૂચ બેઠક પરથી ઉમેદવારી નોંધાવ્યા બાદ તેમને જામીન મળ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૈતર વસાવા દ્વારા બચાવ પક્ષના વધારાના સાક્ષીઓની તપાસ માટે કરવામાં આવેલી અરજીને ગુજરાત હાઈકોર્ટે ‘ટ્રાયલમાં વિલંબ કરવાનો છેલ્લો પ્રયાસ’ ગણાવીને ફગાવી દીધી હતી.

આ અંગે ‘આપ’ના નેતા ગોપાલ ઇટાલિયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ઇટાલિયાએ આક્ષેપ કર્યો હતો કે આદિવાસીઓના જમીન, માઇનિંગ અને અનામત જેવા હકો માટે સતત અવાજ ઉઠાવનારા ચૈતર વસાવાનું મનોબળ તોડવા માટે સત્તાધારી પક્ષ દ્વારા સરકારી તંત્રનો દુરુપયોગ કરીને આ રાજકીય પ્રેરિત ષડ્યંત્ર રચવામાં આવ્યું છે. તેમણે વડાપ્રધાનની દેડીયાપાડા મુલાકાત બાદ ઘડાયેલા આ કથિત કેસ સામે સવાલ ઉઠાવતા ઉમેર્યું હતું કે, અનેક મોટા ગુનેગારો બહાર ફરી રહ્યા છે ત્યારે માત્ર ભાજપ સામે ન ઝૂકનારા આદિવાસી નેતાને જ નિશાન બનાવીને સમગ્ર સમાજનો અવાજ દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ અંગે, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદીએ મીડિયા સાથે વાતચીત દરમિયાન મહત્વની સ્પષ્ટતા કરી હતી કે નિયમ અનુસાર, જે દિવસે ધારાસભ્યને સજા ફટકારવામાં આવે તે જ દિવસથી તેમનું ધારાસભ્ય પદ આપોઆપ રદ થયેલું ગણાય છે. તેમણે જણાવ્યું હતું કે ચૈતર વસાવાનું ધારાસભ્ય પદ આજથી જ સમાપ્ત થઈ ગયું છે. સજાના ગાળા ઉપરાંત તેઓ આગામી છ વર્ષ સુધી કોઈ પણ પ્રકારની ચૂંટણી પણ લડી શકશે નહીં.

# મોડું મોડું પણ મુંબઈમાં ચોમાસું બેઠું

## ગરમીથી રાહત, આખો દિવસ વરસ્યો વરસાદઃ નૈર્ઋત્યના ચોમાસાએ દહાણુ સુધીના વિસ્તારને આવરી લીધોઃ બે દિવસ યલો અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અસહ્ય ગરમીથી ત્રાસી ગયેલા મુંબઈગરાઓ માટે સારા સમાચાર ગણીએ તો ખાસ્સી રાહ જોવડાવ્યા પછી આખરે મંગળવારે મુંબઈમાં સત્તાવાર રીતે ચોમાસું બેઠું હતું. સતત બે દિવસ વરસાદે હાજરી પુરાવ્યા પછી આવેલા નૈર્ઋત્યના ચોમાસાએ છેક દહાણુ સુધીના વિસ્તારને આવરી લીધો હતો અને ઝડપભેર ગુજરાત ભણી વધી રહ્યું છે. આગામી બે દિવસ મુંબઈ-થાણે માટે યલો અલર્ટ હોવાની આગાહી વેધશાળાએ કરી હતી.

સખત તાપમાં શેકાયેલા મુંબઈગરા કાગડોળે ચોમાસાની રાહ જોતા હતા. છેલ્લા બે દિવસથી મુંબઈના અમુક વિસ્તારમાં જોરદાર તો કેટલાક પરિસરમાં મધ્યમ વરસાદ વરસ્યો હતો. મોટા ભાગના વિસ્તારોમાં ઝરમર વરસીને વરસાદે હાજરી પુરાવતાં ગરમીથી થોડી રાહત મળી હતી. વળી, જળાશયોમાં પાણીની સપાટી નીચી જતાં પાણીકાપનો સામનો કરવો પડી રહ્યો છે. એવામાં મંગળવારે મુંબઈમાં સત્તાવાર ચોમાસું બેસતાં મુંબઈગરાઓએ હાશકારો અનુભવ્યો હતો.સાધારત રીતે મુંબઈમાં ૧૦ જૂને ચોમાસાનું આગમન થાય છે. ગયા વર્ષે તો મેના છેલ્લા સપ્તાહમાં જ ચોમાસાએ દેખા દીધી હતી, પરંતુ આ વર્ષે ચોમાસાએ લાંબી પ્રતીક્ષા કરાવડાવી હતી. ખાસ્સા ૧૩ દિવસ મોડું આગમન થયું હતું.

આઈએમડીના રેકોર્ડ અનુસાર ચોમાસું સૌથી વધુ ૧૯૭૪ અને ૧૯૫૮માં લંબાયું હતું. તે વર્ષે છેક ૨૮ જૂને ચોમાસું બેઠું હતું.

આઈએમડીનાં વિજ્ઞાની સુષમા નાયરે ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે મંગળવારે મુંબઈમાં બેસેલા ચોમાસાએ છેક દહાણુ સુધીના વિસ્તારને આવરી લીધો છે. મહારાષ્ટ્રના અમુક જ ભાગ ચોમાસાથી વંચિત રહ્યો છે. નૈર્ઋત્યનું ચોમાસું ઝડપભેર ગુજરાત ભણી વધી રહ્યું છે.

મુંબઈ મહાપાલિકાના આંકડા દર્શાવે છે કે મંગળવારની સવારે આઠથી સાંજે સાત વાગ્યા દરમિયાન સૌથી વધુ વરસાદ શહેરમાં મુંબઈ સેન્ટ્રલમાં ૭૯ મિ.મી. નોંધાયો હતો. ત્યાર બાદ લોઅર પરેલમાં ૭૪.૪ મિ.મી., એફ સાઉથ વૉર્ડમાં ૭૨.૬૩ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

પશ્ચિમી પરામાં સૌથી વધુ મલાડમાં ૬૧.૮ મિ.મી., માલવણીમાં ૫૨.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો તો પૂર્વ પરાના માનખુર્દ ખાતે ૫૧.૨ મિ.મી. પવઈમાં ૩૭.૪ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

દિવસ દરમિયાન પડેલા વરસાદને કારણે પાણી ભરાવાની કોઈ ફરિયાદો પાલિકાના કન્ટ્રોલ રૂમને મળી નહોતી. એ સિવાય વરસાદી ઘટનાઓની પણ નોંધ થઈ નહોતી. જોકે રાતે આઠ વાગ્યાની આસપાસ શહેરના ઘણા ભાગોમાં વરસાદનું જોર વધ્યું હતું.



અવશેષઃ હિમાચલ પ્રદેશના કિન્નોરમાં નેશનલ હાઈવે પાંચ પર એક બ્રીજ તૂટી પડ્યો હતો. (પીટીઆઈ)

## કેન્દ્રના પ્રધાનમંડળમાં ફેરબદલની તૈયારી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે પદ્મ પુરસ્કાર એનાયત કરવાના કાર્યક્રમ બાદ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂને મળતા અને તાજેતરમાં કેન્દ્રના અમુક પ્રધાનને ભાજપની રાજ્ય સ્તરની કામગીરી સોંપાઇ હોવાથી અથવા રાજ્યસભાના સભ્ય તરીકેની મુદત પૂરી થઇ હોવાથી કેબિનેટમાં ફેરફાર થવાની શક્યતા ઊભી થઇ હોવાનું કહેવાય છે. કેન્દ્રના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગોને લગતા મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન હર્ષ મલ્હોત્રાને પક્ષના દિલ્હી એકમના વડા બનાવાયા છે.કેન્દ્રના નાણાં ખાતાના રાજ્ય કક્ષાના પ્રધાન પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશમાંના ભાજપના પ્રમુખ બનાવાયા છે.કેરલમમાંના ભાજપના નેતા જ્યોર્જ કુરિયને કેન્દ્રીય પ્રધાનમંડળમાંથી મત્સ્ય, પશુ-સંવર્ધન અને ડેરી તેમ જ લઘુમતી કોમની બાબતોને લગતા રાજ્ય કક્ષાના પ્રધાન તરીકે રાજીનામું આપ્યું હતું. (એજન્સી)

**પુણેના લોહગડમાં ટ્રેકરના મોતનું રહસ્ય ખૂલ્યું**

# ફિયાન્સેએ પ્રેમી સાથે મળીને તેને પતાવી દીધેલો

## કિલ્લા પર કેતન અગરવાલને મારવામાં નિષ્ફળતા મળે તો મહાબળેશ્વરમાં તેની હત્યા કરવા માટે ‘પ્લાન બી’ પણ વાગ્દત્તાએ તૈયાર રાખ્યો હતો

પુણેઃ પુણેના ઐતિહાસિક લોહગડ જિલ્લા પરથી ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં અકસ્માતે પડી જવાથી ટ્રેકર અને રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન વિશાલ અગરવાલના થયેલા મૃત્યુની તપાસમાં ચોંકાવનારી માહિતી સામે આવી છે.

કેતનનું કિલ્લા પરથી પડી જવાથી મૃત્યુ નહોતું થયું, પણ તેની હત્યા કરવામાં આવી હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. કેતનને ઊંડી ખીણમાં ધકેલી તેની હત્યા કરવા બદલ પોલીસે વાગ્દત્તા અને તેના પ્રેમીની ધરપકડ કરી હતી. કેતનને કિલ્લા પર મારવામાં નિષ્ફળતા મળે તો મહાબળેશ્વરમાં તેની હત્યા કરવા માટે વાગ્દત્તાએ ‘પ્લાન બી’ પણ તૈયાર રાખ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ૧૮ જૂને આ ઘટના બની હતી અને અકસ્માતે પડી જવાથી કેતનનું મૃત્યુ થયું હોવાનું પોલીસને શરૂઆતમાં લાગ્યું હતું. જોકે તપાસમાં કેતનની હત્યા કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું.

૨૬ વર્ષનો કેતન અગરવાલ પુણે જિલ્લાના ગહુંજેનો રહેવાસી હતો અને પરિવારની રિયલ એસ્ટેટ કંપનીનો ડિરેક્ટર હતો. કેતન ૧૮ જૂને લોહગડ કિલ્લા નજીકની ઊંડી ખીણમાં મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. કેતન તેની વાગ્દત્તા સિયા ગોયલ અને મિત્રો સાથે કિલ્લા પર ટ્રેકિંગ માટે ગયો હતો. પ્રી-વેડિંગ શૂટ અને સિયાના આગામી જન્મદિવસની ઉજવણી માટે કિલ્લા પર ગયેલો કેતન ફોટા પાડી રહ્યો હતો ત્યારે ભારે પવનને કારણે સંતુલન ગુમાવતાં તે ખીણમાં પડી ગયો હતો, એમ પોલીસે અગાઉ જણાવ્યું હતું.

કેતનનો પગ લપસતા તે ઊંડી ખીણમાં પડી ગયો હતો, એવું સિયાએ લોનાવલા ગ્રામીણ પોલીસને જણાવ્યા બાદ આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

કેતનના લગ્ન નવેમ્બરમાં નિર્ધારિત હતા અને પરિવારજનોએ એ માટે તૈયારી પણ શરૂ કરી દીધી હતી. તેમણે લગ્નસમારંભ માટે રાજસ્થાનના ઉદયપુરમાં પેલેસ પણ બૂક કરાવ્યો હતો.

પુણે ગ્રામીણના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપ સિંહ ગિલે કહ્યું હતું કે મૃત્યુની આસપાસના સંજોગો શંકાસ્પદ જણાયા હતા, જેને લઇ કેસની ઊંડાણથી તપાસ કરાઇ હતી. નાણાકીય વિખવાદ અને અંગત સંબંધોની તપાસ પણ ચાલી રહી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે સિયાના અન્ય પુરુષ સાથે સંબંધ હોવાનું જાણવા મળ્યું હતું, જેની ઓળખ પુણેના કોંઢવાના રહેવાસી ચેતન બાબુલાલ ચૌધરી (૨૨) તરીકે થઇ હતી. કેતન સાથે સિયા લગ્ન કરવા માગતી નહોતી અને ચેતન સાથેના સંબંધોમાં તે કેતનને આડખીલીરૂપ માનતી હતી. આથી તેઓ કેતનને કિલ્લા પર લઇ ગયા હતા અને ત્યાંથી તેને ધક્કો માર્યો હતો, જેમાં તેનું મૃત્યુ થયું હતું.

### ત્રણ-ત્રણ પ્રયાસ બાદ કેતનને કિલ્લા પર લઇ જવામાં સિયાને સફળતા મળી

પુણેઃ કેતનની હત્યાનો પ્લાન બનાવ્યા બાદ તેને કિલ્લા પર લઇ જવાના ત્રણ વાર પ્રયાસ કરવામાં આવ્યા હતા, પણ ઊંચાઇથી ડર લાગતો હોવાથી કેતને કિલ્લા પર જવા માટે ઇનકાર કરતો હતો. આખરે સિયાએ આગ્રહ કર્યા બાદ કેતન ત્યાં જવા માટે તૈયાર થયો હતો અને સિયાએ પ્રેમી ચેતન સાથે મળીને કેતનનો કાંટો કાઢ્યો હતો. ભર તડકામાં હુડી પહેરીને કિલ્લા પર જઇ રહેલો ચેતન સીસીટીવી કેમેરામાં નજરે પડ્યો હતો. કેટલાક દિવસ અગાઉ પણ કેતનની હત્યાનો પ્રયાસ કરાયો હતો. એ સમયે સાપની ડર દેખાડીને તેને ખીણમાં ધકેલવાનો પ્રયાસ યોજના બનાવાઇ હતી, એવું સામે આવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કેતનને કિલ્લા પર લઇ જવાયા બાદ સિયાએ ચેતનને ત્યાં બોલાવ્યો હતો. લોકલ ક્રાઇમ બ્રાન્ચે ચેતનને કસ્ટડીમાં લઇ પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે સિયા અને તેની વચ્ચેના સંબંધમાં ચેતન અવરોધરૂપ બની રહ્યો હોવાથી તેનો કાંટો કાઢવાનું નક્કી કરાયું હતું. ચેતનની કબૂલાત બાદ પોલીસે સિયાની ધરપકડ કરી હતી.

ઘટનાક્રમ સ્થાપિત કરવા, ફોરેન્સિક પુરાવા એકઠા કરવા અને કાવતરામાં અન્ય કોઇ સામે છે કે કેમ તે જાણવા માટે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## પાકિસ્તાનની પોલ ખૂલીઃ ભારતના તમામ ૩૬ રાફેલ વિમાન સલામત


નવી દિલ્હીઃ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેનાના રાફેલ ફાઇટર જેટને તોડી પાડવાના પાકિસ્તાનના દાવાનો ફરી એકવાર પોલ ખુલી ગઈ છે.

ભારતીય વાયુસેના મુખ્યાલય દ્વારા જાહેર કરાયેલા એક સત્તાવાર દસ્તાવેજમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ફ્રાન્સ પાસેથી ખરીદેલાં તમામ ૩૬ રાફેલ વિમાનો સંપૂર્ણપણે કાર્યરત છે.

આ ભારતના રાફેલ પર પાકિસ્તાનના દાવાને જડબાતોડ જવાબ છે. પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતના રાફેલ વિમાનો વિશે ખોટા દાવાઓ કર્યા હતા.

૧૫ જૂન, ૨૦૨૬ના રોજ એરફોર્સના હેડક્વાર્ટસના ડિરેક્ટોરેટ ઓફ એન્જિનિયરિંગ (રાફેલ) એ ફ્રેન્ચ કંપની સૈફ્રાન એરક્રાફ્ટ એન્જિન્સને ‘‘બ્રિજ સપોર્ટ’’ પ્રસ્તાવ (આરએફપી) મોકલ્યો છે. આ એક પ્રકારનું સપોર્ટ ટેન્ડર છે.

દસ્તાવેજમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારતીય વાયુસેના ૨૦૧૬ના ભારત-ફ્રેન્ચ સરકારી કરાર હેઠળ ખરીદેલા તમામ ૩૬ રાફેલ વિમાનોનું સંચાલન કરી રહી છે અને સપ્ટેમ્બર ૨૦૨૬ પછી તેના મેઈન્ટેનન્સ અને ટેકનિકલ સપોર્ટની જરૂર પડશે. આ કામ માટે ભારતીય વાયુસેનાએ ટેન્ડર જાહેર કર્યું છે.



તહેનાતીઃ ભારતીય નૌકાદળના દેશી બનાવટના બે જહાજો આઈએનએસ ઉદયગીરી અને આઈએનએસ ક્વારત્તી વિયેટનામના ના હો ચી મિન્હ સિટીના ન્હા રોન્ગ પોર્ટમાં મંગળવારે આવી પહોંચ્યા હતા. આની સાઉથઈસ્ટ રીજનમાં તહેનાતી થવાની છે. (પીટીઆઈ)

# ઉત્તરાખંડ ગુરુદ્વારા વિવાદનો આવ્યો શાંતિપૂર્ણ ઉકેલ, વહીવટીતંત્રે શાંતિ જાળવવાની કરી અપીલ

દેહરાદૂનઃ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગના નગરાસૂમાં આવેલા ગુરુદ્વારા સાહિબમાં તણાવપૂર્ણ પરિસ્થિતિનો આખરે અંત આવ્યો હતો. ચાર દિવસથી ચાલેલી ચર્ચા અને ચિંતાનો વિષય બનેલો આ મુદ્દો વાતચીત અને પરસ્પર સંમતિથી ઉકેલાયો હતો. પંજાબથી આવેલા નિહંગ શીખોના એક પ્રતિનિધિમંડળ સાથે વાતચીત બાદ શનિવારે સાંજે ગુરુદ્વારામાં રહેતા નિહંગ શીખોનું એક જૂથ ત્યાંથી રવાના થયું હતું.

જિલ્લા મેજિસ્ટ્રેટ વિશાલ મિશ્રાએ જણાવ્યું હતું કે ગુરુદ્વારા મેનેજમેન્ટ અને પોલીસ વહીવટીતંત્રે શાંતિપૂર્ણ રીતે આ મુદ્દાનો ઉકેલ લાવવા માટે સાથે મળીને કામ કર્યું હતું. સંકળાયેલા બધા લોકો હવે પરિસર છોડીને ચાલ્યા ગયા છે અને સ્થિતિ સામાન્ય થઈ ગઈ છે.

નોંધનીય છે કે ૨૦ જૂનની સાંજે લગભગ અડધો ડઝન નિહંગ શીખો બદરીનાથ હાઇવે પર રુદ્રપ્રયાગ અને ગૌચર વચ્ચે આવેલા નગરસુ ગુરુદ્વારામાં ઘૂસી ગયા હતા અને તેઓ છત પર ચઢી ગયા હતા અને ધાબા પર જવાનો રસ્તો રોકી દીધો હતો. તેઓ ૧૬ જૂનના રોજ ઉત્તરાખંડના કર્ણપ્રયાગ શહેરમાં બનેલી ઘટનાના સંદર્ભમાં ધરપકડ કરાયેલા નિહંગ શીખોની મુક્તિની માંગ કરી રહ્યા હતા.મિશ્રાએ મંગળવારે જણાવ્યું હતું કે પોલીસ કંટ્રોલ રૂમને ૨૦, જૂનની સાંજે નિહંગ શીખો અને ગુરુદ્વારા સ્વયંસેવકો વચ્ચે થયેલી અથડામણ અંગે માહિતી મળી હતી. ફરિયાદ બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

અધિકારીઓના જણાવ્યા મુજબ, વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ત્યાં પહોચેલા નિહંગ શીખોના એક જૂથે આવનારા પ્રદર્શનકારીઓ માટે રહેવાની વ્યવસ્થાની માંગણી કરી જેને ગુરુદ્વારા મેનેજમેન્ટ સમિતિએ મર્યાદિત ક્ષમતાને કારણે યોગ્ય વ્યવસ્થા નહીં થઈ શકે તેમ કહ્યું હતું. જેના કારણે પરિસ્થિતિ વધુ વણસી ગઈ જેના પગલે જૂથ ઉપરના માળે જઈને કબજો કર્યો હતો. વહીવટીતંત્રની અપીલ છતાં તેઓએ પરિસર ખાલી કરવાનો ઇનકાર કર્યો હતો.મંગળવારે પંજાબના નિહંગોનું એક પ્રતિનિધિમંડળ ગુરુદ્વારામાં જૂથને મળ્યું અને પરિસર ખાલી કરવામાં આવ્યું હતું. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે નિહંગો છત પર રહીને ખોરાક અને અન્ય પુરવઠો મેળવતા હતા. ધરપકડ ટાળવા માટે તેઓએ ક્યારેક પથ્થરમારો પણ કર્યો હતો.ગુરુદ્વારાના મેનેજર સરદાર બેઅંત સિંહે રવિવારે દાવો કર્યો હતો કે નિહંગોએ એક વ્યક્તિને થોડા સમય માટે બંધક બનાવી રાખ્યો હતો અને પછી તેને છોડી દીધો હતો. નગરસૂમાં થોડા વર્ષો પહેલા બંધાયેલા આ ગુરુદ્વારાનો ઉપયોગ હેમકુંડ સાહિબ યાત્રાએ જનારા શીખ શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવે છે. જિલ્લા અધિકારીઓએ લોકોને આ ઘટના અંગેની અફવાઓ પર ધ્યાન ન આપવા વિનંતી કરી.

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાનને ક્રૂડ વેચવાની છૂટ, ભારતને સૌથી વધારે ફાયદો

**અમેરિકા** અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતીથી નારાજ ઈઝરાયલે લેબેનોન પર હુમલાનાં છમકલાં ચાલુ રાખ્યાં છે ત્યારે અમેરિકાએ ઈરાન સાથે શાંતિ સ્થાપવાની પોતાની ઈચ્છા મજબૂત હોવાનો સંકેત આપતાં ઇરાનને આગામી ૬૦ દિવસ સુધી કોઈપણ દેશને તેનું ક્રૂડ ઓઇલ વેચવા માટે છૂટ આપી છે.

અમેરિકા-ઇરાન વચ્ચે સ્વિટ્ઝરલેન્ડમાં થયેલી મંત્રણામાં ઈરાને કોઈ પણ સંજોગોમાં હોર્મુઝ સ્ટ્રેઈટ ખુલ્લી રાખવાની ખાતરી આપતાં સામે અમેરિકાએ પણ ઉદારતા બતાવીને ક્રૂડ વેચવાની છૂટ આપી દીધી. અમેરિકાએ ૬૦ દિવસ માટે એટલે કે ૨૧ ઓગસ્ટ સુધી ઈરાનને ક્રૂડ ઓઇલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ઉત્પાદન, વેચાણ, ડિલિવરી અને આયાત માટે છૂટ આપી છે.

ઈરાન સાથેની વાટાઘાટો સારી ચાલે ને અમેરિકા તથા ઈરાન વચ્ચે ઈરાનના પરમાણુ કાર્યક્રમ મુદ્દે કોઈ સમજૂતી થાય તો આ છૂટ કાયમી પણ થઈ શકે છે. અત્યાર લગી અક્કડ રહેલું ઈરાન આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને પોતાનાં પરમાણુ મથકોની ચકાસણી કરવા દેવા પણ તૈયાર થયું છે. પરમાણુ નીરિક્ષકો ક્યારે ઇરાન જશે તેનો ફેંસલો પણ એકાદ-બે દિવસમાં થઈ જશે કેમ કે ઈરાનની પરમાણુ નિરીક્ષકો સાથે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

અમેરિકાએ આપેલી ૬૦ દિવસની છૂટના સમયગાળામાં પરમાણુ નિરીક્ષકો ઈરાનનાં પરમાણુ મથકોમાં જઈને ઈરાન પરમાણુ બોમ્બ નથી બનાવી રહ્યું તેની ખાતરી કરી લે અમેરિકાને રિપોર્ટ આપે તો ૬૦ દિવસમાં બને દેશો વચ્ચે સમજૂતી થઈ જશે કેમ કે ઈરાન પરમાણુ શસ્ત્રો નહીં બનાવવા માટે સંમત થઈ જ ગયું છે. માનો કે ૬૦ દિવસમાં પરમાણુ મથકોના ઈન્સ્પેક્શનનો કાર્યક્રમ ના પતે ને કોઈ સમજૂતી ના થાય પણ વાટાઘાટો હકારાત્મક દિશામાં આગળ વધે તો અમેરિકા ૬૦ દિવસની છૂટને બીજા ૬૦ દિવસ કે ૬ મહિના માટે પણ લંબાવી શકે છે એ જોતાં આખી દુનિયા માટે આ બહુ મોટા સમાચાર છે.

ઈરાન પાસે લગભગ ૨૧૦ અબજ બેરલ ક્રૂડ ઓઈલના ભંડાર છે. ઈરાન કરતાં વધારે ક્રૂડ ઓઈલના ભંડાર માત્ર વેનેઝુએલા અને સાઉદી અરેબિયા પાસે છે અને ઈરાન વિશ્વમાં ત્રીજા ક્રમે છે. વિશ્વમાં ક્રૂડ ઓઈલના કુલ ભંડારના આશરે ૧૨ ટકા અને મિડલ ઈસ્ટમાં ક્રૂડ ઓઈલના કુલ ભંડારના ૨૪ ટકા હિસ્સો ઈરાન પાસે છે. અત્યાર સુધી અમેરિકાના પ્રતિબંધોના કારણે ઈરાન ક્રૂડ ઓઈલ વૈશ્વિક બજારમાં વેચી નહોતું શકતું. હવે અમેરિકાએ છૂટ આપી છે એટલે ઈરાન દબાવીને ઉત્પાદન શરૂ કરશે ને શક્ય એટલો માલ વધારે વેચીને રોકડી કરશે કે જેથી યુદ્ધનો ખર્ચો પણ કાઢી લેવાય અને ભવિષ્ય માટે બચત પણ કરી શકાય.

ઈરાન વરસોના પ્રતિબંધના કારણે વેઠેલું નુકસાન સરભર કરવાની આ તક છે તેથી ઈરાન પાછું વળીને જોવાનું નથી. ઈરાન કોઈ પણ સંજોગોમાં હોર્મુઝ સ્ટ્રેઈટ બંધ નહીં કરવા માટે પણ તૈયાર છે તેથી બીજા દેશોમાંથી આવતાં ક્રુડ ઓઈલનાં જહાજ પણ નિર્વિઘ્ને આવન-જાવન કરી શકશે તેથી હવે પછી ક્રુડ ઓઈલનો પુરવઠો નહીં અવરોધાય. તેની અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડશે અને ભાવ ઘટશે તેથી દુનિયા માટે આ નિર્ણય સારો સાબિત થશે.

અમેરિકાનો આ નિર્ણય ભારત માટે સૌથી વધારે ફાયદાકારક છે કેમ કે ઈરાન ભારતની એકદમ નજીક છે. તેના કારણે વૈશ્વિક ભાવે મળે તો પણ ઈરાનનું ક્રૂડ ઓઈલ ભારતને સસ્તું પડે કેમ કે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો બચી જાય. અંતર નજીક હોવાના કારણે સમય પણ ઓછો લાગે તેથી ભારતને બહુ મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ કે પેટ્રોલિયમ ઉત્પાદનોનો સંગ્રહ ના કરવો પડે.

ભૂતકાળમાં તો ઈરાનને ભારત ભારતીય રૂપિયામાં ચૂકવણી કરતું હતું ને ભારત પાસેથી બીજી ચીજો પણ લેતું હતું તેથી ભારત માટે બહુ ફાયદાનો સોદો હતો. ઈરાન પર એ વખતે પ્રતિબંધો હતા તેથી ઈરાન મર્યાદિત પ્રમાણમાં ક્રૂડ ઓઈલ વેચી શકતું હતું. તેમાં ભારત જેવો મોટો ગ્રાહક મળે તો બીજી કડાકૂટમાં ના પડવું પડે એટસે ઈરાને ભારતને બહુ બધી છૂટછાટો આપેલી. ભારત અને ઈરાનના સંબંધો પણ બહુ સારા હતા તેથી પણ ઈરાન ભારત પર મહેરબાન હતું.

અત્યારે ભારતના ઈરાન સાથે એટલા સારા સંબંધ નથી ને ઈરાન પાસે ક્રૂડ વેચવા માટે આખી દુનિયાના દેશો છે એ જોતાં ભારતીય રૂપિયામાં ચૂકવણી કે ક્રૂડના બદલામાં અનાજ સહિતની ચીજો લેવા માટે ઈરાન તૈયાર ના થાય પણ કમ સે કમ ટ્રાન્સપોર્ટેશન અને ઈન્સ્યોરન્સનો ખર્ચ ઓછો થાય તો પણ ભારત ફાયદામાં જ રહેશે. આ સંજોગોમાં ભારતે પ્રાર્થના કરવી જોઈએ કે, ઈરાન અને અમેરિકાની વાટાઘાટો સફળ થાય અને ઈરાન પરનો ક્રૂડ ઓઈલ પરનો પ્રતિબંધ કાયમ માટે હટી જાય. ઈરાન અને અમેરિકા વચ્ચે સમજૂતી થશે તો ઈરાન સાથે વ્યાપારનો રસ્તો પણ ખૂલી જશે. ભારત ઈરાનને સંખ્યાબંધ ચીજો આપી શકશે ને નિકાસમાંથી તગડી કમાણી પણ કરી શકશે. ઈરાનનાં ચાબહાર સહિતના બંદરોનો વહીવટ કરવા સહિતના કોન્ટ્રાક્ટ પણ ભારતને મળશે તેથી ભારત માટે આ સમજૂતી ફાયદાનો સોદો છે.

ભારતને સસ્તા ભાવે અને સરળતાથી ક્રૂડ મળ્યા કરે એ સૌથી મહત્વનું છે કેમ કે ભારત તેના વપરાશમાં રહેલા ક્રડ ઓઇલના લગભગ ૮૫ ટકા આયાત કરે છે. આ આયાતના કારણે ભારતની મોટા ભાગની કમાણી ક્રૂડ ઓઈલમાં સમાણી છે. ક્રડ ઓઈલના ભાવ અત્યંત સંવેદનશીલ છે અને દુનિયામાં ક્યાંય પણ જરાક સરખો પણ ડખો થાય તો સૌથી પહેલી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડે છે. તેના કારણે ભારતનું ક્રુડ ઓઈલનું બિલ વધી જાય છે.

ભારતનો રૂપિયો પણ અમેરિકાના ડોલર સામે ઘસાઈ રહ્યો છે તેથી રૂપિયો ગગડે તેમ તેમ આપણું ક્રૂડ ઓઈલ આયાતનું બિલ પણ વધે છે. આ બધી સમસ્યાઓનો એક માત્ર ઉકેલ ક્રૂડ ઓઈલના ભાવોમાં સ્થિરતા છે. ઈરાન-અમેરિકા સમજૂતી થાય તો આ સ્થિરતા આવે તેથી ભરાત માટે આ સમજૂતી ભવિષ્યની આશા પણ છે.

અત્યારે ભારત રશિયા પાસેથી જંગી પ્રમાણમાં ક્રૂડ ખરીદે છે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી, ભારત સસ્તા ભાવે મળતા રશિયન ક્રૂડ ઓઈલના સૌથી મોટા ખરીદદારોમાંના એક બન્યું છે.

ભારતની ક્રૂડ આયાતમાં લગભગ એક તૃતીયાંશથી ૪૦ ટકા હિસ્સો હવે રશિયામાંથી આવે છે. આ સિવાય સાઉદી અરેબિયા, ઇરાક અને યુએઈ સહિત ગલ્ફ દેશો પણ ભારતને સારા એવા પ્રમાણમાં ક્રૂડ આપે છે પણ ઈરાન સૌથી સારો વિકલ્પ છે તેથી આ સમજૂતી કાયમી થાય તો સારું.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, બુધવાર, તા. ૨૪-૬-૨૦૨૬, ગંગા દશમી, શ્રી ગંગા દશહરા સમાપ્તિ.

- ભારતીય દિનાંક ૩, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર ચિત્રા બપોરે ક. ૧૨-૫૮ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૮-૨૫, રાત્રે ક. ૧૯-૩૩
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૮ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ -દસમી. ગંગા દશમી, શ્રી ગંગા દશહરા સમાપ્તિ. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગર્દતી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સર્વદેવ પ્રતિષ્ઠા. લગ્ન, વાસ્તુ, ઉપનયન. મંગળ, બુધ ગ્રહદેવતાનું પૂજન, શ્રી ગણેશ પૂજા, બિલીનું વૃક્ષ વવાવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, હજામત, નવા આભૂષણ, વસ્રો, મહેંદી લગાવવી, વાસણ, પ્રથમ વાહન, પશુ લેવ્રવેંચ, દસ્તાવેજ, દુકાન-વેપાર, માલ લેવો, બી વાવવું, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અન્નપ્રાશન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ સૂર્ય-રાહુ ત્રિકોણ મહેનતુ.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# અલ નિનોની ભયંકર અસર, ચોમાસું નબળું રહેશેઃ સરકાર

## ગુજરાત, મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યોના ૩૧૫ જિલ્લામાં ઓછા વરસાદની આગાહી

વૉશિંગ્ટનઃ અમેરિકાની અવકાશી ક્ષેત્રની સંસ્થા નેશનલ ઍરોનોટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)એ ઉપગ્રહો દ્વારા કરેલા અભ્યાસ મુજબ મધ્ય પ્રશાંતથી દક્ષિણ અમેરિકાના કાંઠા વિસ્તાર સુધી દરિયાઇમાંની જળસપાટીમાં અસામાન્ય વધારો નોંધાયો હતો. આ બાબત ગંભીર અલ નિનોનો સંકેત આપે છે. દરમિયાન, ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના ભારતના અનેક રાજ્યના ૩૧૫ જિલ્લામાં ઓછા વરસાદની આગાહી કરાઇ હોવાથી ભારતના કૃષિ મંત્રાલયે અનેક ખરીફ પાકના વિકલ્પરૂપે ઓછું પાણી જોઇએ એવા કઠોળ, તેલીબિયાં, જાડા ધાન્યનો પાક લેવા ખેડૂતોને પ્રોત્સાહન આપવા સૂચના આપી છે.'નાસા'એ જણાવ્યું હતું કે 'સેન્ટિનલ-સિક્સ માઇકલ ફ્રેઇલિચ' ઉપગ્રહ દ્વારા હાથ ધરાયેલા અભ્યાસમાં અલ નિનોની માઠી અસરને લીધે દરિયામાંની, ખાસ કરીને પ્રશાંત મહાસાગરમાંની જળ સપાટીમાં અસામાન્ય વધારો જોવા મળ્યો હતો. આ ફેરફારનો પ્રારંભ જૂનની શરૂઆતમાં જ થઇ ગયો હતો.

દરમિયાન, ભારતના કૃષિ પ્રધાન શિવરાજ ચૌહાણે દેશમાં બીજી જુલાઇ સુધી ચોમાસું નબળું રહેવાની ચેતવણી આપવા સાથે જણાવ્યું હતું કે 'એલ નિન્યો'ની માઠી અસરને લીધે દેશમાં વરસાદની ૪૩ ટકા ખાધ રહી છે. સરકારે ૧૧૧ જિલ્લામાં પાણીની અછતને લીધે માઠી અસર પામનારા ખરીફ પાકને ઓળખી કાઢ્યા છે અને ખેડૂતોને વૈકલ્પિક પાક લેવા પ્રોત્સાહન અપાઇ રહ્યું છે. (એજન્સી)

# હોર્મુઝ ખાડી સંપૂર્ણ ખૂલવાની ટ્રમ્પને આશા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હોર્મુઝ ખાડી બધા જહાજોની મુક્ત અવરજવર માટે સંપૂર્ણ ખૂલવાની આશા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે ઇરાન જ્યાં સુધી વચગાળાના કરારને બરાબર અનુસરશે, ત્યાં સુધી અમેરિકા તેને કોઇ તકલીફ નહિ આપે. ટ્રમ્પે ઑવલ ઑફિસ ખાતે સોમવારે જણાવ્યું હતું કે તહેરાન જ્યાં સુધી અમારું માનશે ત્યાં સુધી તેને કોઇ તકલીફ નહિ પડે.અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ સાથે મળીને ઇરાન પર હુમલા શરૂ કર્યા ત્યારથી તહેરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી બધા જહાજોની મુક્ત અવરજવર બંધ કરી દીધી હતી અને તેને લીધે દુનિયાભરમાં ખનિજ તેલ અને કુદરતી ગૅસની અછત ઊભી થઇ છે તેમ જ તેના ભાવ બહુ જ વધી ગયા હતા.ઇરાન અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના શાંતિ-કરારને લીધે હોર્મુઝ ખાડી ફરી જહાજોની મુક્ત અવરજવર માટે સંપૂર્ણ ખુલ્લી મુકાવાની આશા છે. ગયા સપ્તાહના અંતે અનેક ડઝન જહાજ આ જળવિસ્તારમાંથી પસાર થયા હતા, પરંતુ આ સામુદ્રધુનીમાં ઇરાને ગોઠવેલી હોવાનું કહેવાતી સુરંગો ફૂટવાનો હજી ભય છે તેથી આખી ખાડી હજી ખૂલી નથી. ઇરાન વતી મંત્રણા કરનારા ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર ઘાલિબાફે સોમવારે જણાવ્યું હતું કે હોર્મુઝ ખાડીનું 'મેનેજમેન્ટ' ઇરાનના હાથમાં જ રહેવું જોઇએ. (એજન્સી)

# ઈરાનના પ્રમુખ અને વિદેશ પ્રધાને પાકિસ્તાનમાં વ્યાપક મંત્રણા કરી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન, વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી સહિતના નેતાઓ તેમ જ ઉચ્ચ અધિકારીઓ મંગળવારે પાકિસ્તાનના એક દિવસના પ્રવાસે ગયા હતા, જ્યાં તેઓએ પાકિસ્તાનના નેતાઓની સાથે અમેરિકા સાથેના શાંતિ-કરારની દરેક કલમના અમલ, આંતરરાષ્ટ્રીય અને દ્વિપક્ષી મુદ્દે ચર્ચા કરી હતી.

ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન નૂર ખાન ઍરબેઝ ખાતે મંગળવારે આવ્યા ત્યારે પાકિસ્તાનના પ્રમુખ આસિફ અલી ઝરદારી, વડા પ્રધાન શહબાઝ શરીફ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ તેમને આવકાર્યા હતા.

ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી મસ્કતથી અહીં અલગ વિમાનમાં આવ્યા હતા. તેઓ ઇરાનની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર ઘાલિબાફની સાથે ઓમાન ગયા હતા અને ત્યાં તેઓએ હોર્મુઝ ખાડીના મેનેજમેન્ટ સહિતના મુદ્દે ઓમાનના નેતાઓની સાથે ચર્ચાવિચારણા કરી હતી.

ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને પાકિસ્તાનના પ્રમુખ ઝરદારી, વડા પ્રધાન શરીફ, નાયબ વડા પ્રધાન ઇશાક ડાર, રાષ્ટ્રીય ધારાસભાના સ્પીકર સહિતના નેતાઓને મળ્યા હતા. (એજન્સી)

# એમઓયુ પછી હોર્મુઝ ખાડી પસાર કરી ૧૧ જહાજ ભારત આવવા રવાના

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયાના સંઘર્ષને સમાપ્ત કરવા માટે અમેરિકા અને ઇરાન દ્વારા સમજૂતી કરાર (એમઓયુ) ને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યા બાદ ભારત આવનાર ૧૧ જહાજ હોર્મુઝની ખાડીમાંથી પસાર થયા છે, એવી માહિતી વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંગળવારે આપી હતી.તેમણે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે આજ સુધીમાં, અમારી પાસે ૧૦ ભારતીય ધ્વજવાળા જહાજ છે જે હજુ પણ પર્શિયન ગલ્ફ ક્ષેત્રમાં છે. વધુમાં, બે તાજેતરમાં ત્યાં પહોંચ્યા છે.

૧૭ જૂનના રોજ એમઓયુ પર હસ્તાક્ષર થયા પછી, ભારત જનારા ૧૧ જહાજ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થયા છે, એવું તેમણે કહ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, આ જહાજોમાં ત્રણ ભારતીય ધ્વજવાળા ક્રૂડ ઓઇલ ટેન્કર, દરેક ૨૮૫,૦૦૦ મેટ્રિક ટનથી વધુ ક્રૂડ ઓઇલ વહન કરે છે, એક વિદેશી ધ્વજવાળું કેરિયર, એક વિદેશી ધ્વજવાળું ક્રૂડ ઓઇલ ટેન્કર અને છ વિદેશી ધ્વજવાળા બલ્ક કેરિયર્સનો સમાવેશ થાય છે, જે ખાતરનું કાર્ગો વહન કરે છે.

અમને આશા છે કે બાકીના ભારતીય ધ્વજવાળા જહાજો પણ ટૂંક સમયમાં હોર્મુઝ પાર કરી શકશે, તેવું જયસ્વાલે ઉમેર્યું હતું.

# ઈલોન મસ્કની આગાહીઃ ૨૦૩૦ સુધીમાં એઆઈ માનવી કરતા પણ વધુ સ્માર્ટ બની જશે

વૉશિંગ્ટનઃ દરેક વીતતા દિન સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એડવાન્સ થતું જાય છે અને જલદી આ સ્માર્ટનેસની બાબતમાં માનવીને પાછળ મૂકી દેશે. દુનિયાની સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કની વાત માનીએ તો આગામી ચાર-પાંચ વર્ષમાં એઆઈ મનુષ્ય કરતાં વધુ સમજદાર બની જશે.

સોશ્યલ મીડિયા પર એક પોસ્ટનો જવાબ આપતા મસ્કે કહ્યું હતું કે કદાચ આગામી ચાર-પાંચ વર્ષમાં એઆઈ માનવી કરતાં વધુ સમજું થઈ જશે કે એઆઈ તમામ હ્યુમન ઈન્ટેલિજન્સને પાછળ મૂકી દેશે. આ પહેલી વાર નથી કે મસ્કે એઆઈને માણસ કરતાં વધુ સ્માર્ટ બનવાની વાત કરી હતી. તેઓ કહે છે કે આ દશકના અંત સુધીમાં એઆઈ માનવી કરતાં વધુ સમજદાર બની જશે.

એઆઈ મોડેલ અંગે મસ્ક આશાવાદી છે. તેમનું માનવુ છે કે કોઈ પણ માનવીને પાછળ મૂકી દેનારું એઆઈ મોડેલ આગામી વર્ષ સુધી આવી જશે. ૨૦૩૦ સુધી આર્ટિફિશિયલ સુપરઇન્ટેલિજન્સ આવવાનું શરૂ થઈ જશે. ૨૦૩૦-૩૧ સુધીમાં એઆઈ બધા માનવીથી વધારે સ્માર્ટ બની જશે.

# ફ્રાન્સમાં રેકોર્ડ બ્રેક ગરમી, રેડ એલર્ટ

પૅરિસઃ ફ્રાન્સમાં મંગળવારે લાખો લોકો ગરમીથી ત્રસ્ત થયા હતા અને રાષ્ટ્રીય હવામાન સેવા, મેટિયો ફ્રાન્સે ૫૪ વિભાગ, જે ફ્રાન્સનો લગભગ અડધો ભાગ છે, માટે રેડ હીટ વેવ એલર્ટ જાહેર કર્યું હોવાથી તાપમાન ચોવીસ કલાક ઊંચું રહેશે.

ફ્રાન્સમાં છેલ્લા પાંચ દિવસમાં ૪૦ જણના ડૂબવાથી મોત થયાં હતા.

ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ ઇમરજન્સી બેઠક બાદ જણાવ્યું હતું કે ગયા ગુરુવારથી ડૂબવાથી મૃત્યુ પામેલા ૪૦ લોકોમાં મુખ્યત્વે યુવાનો હતા.

વ્યાપક એર કન્ડિશનિંગ વિનાના દેશમાં, શાળાઓ, ટ્રેનો અને રમતગમતના કાર્યક્રમો પ્રભાવિત રહ્યા છે.

યુએન ક્લાઇમેટ એજન્સીના અંદાજો કહે છે કે માનવ-સર્જિત આબોહવા પરિવર્તન વધુને વધુ વીસમ હવામાન સાથે જોડાયેલું છે, અને આગામી પાંચ વર્ષમાં ગરમીના વધુ રેકોર્ડ તૂટશે.

ફ્રાન્સમાં સૂર્યપ્રકાશનું વર્ચસ્વ ચાલુ છે, જે સમગ્ર દેશમાં દમનકારી અને થકવી નાખતી ગરમી જાળવી રાખે છે, તેવું મેટિયો ફ્રાન્સે જણાવ્યું હતું.

ઘણાં શહેરોમાં દિવસનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહેવાની સાથે, ઓછામાં ઓછા અઠવાડિયાના અંત સુધી ભારે પરિસ્થિતિઓ રહેવાની ધારણા છે.

મેટિયો ફ્રાન્સે જણાવ્યું હતું કે વધુ રેકોર્ડબ્રેક તાપમાનની અપેક્ષા છે, જેમાં કેટલાક એવા છે જે વર્ષના સમયને ધ્યાનમાં લીધા વિના, અગાઉના તમામ રેકોર્ડને વટાવી શકે છે.

હવામાન વિભાગે બુધવાર અને ગુરુવાર માટે ઇંગ્લિશ ચેનલમાં, અતિશય ગરમીની લાલ ચેતવણી (રેડ એલર્ટ) જારી કરી હતી, જેમાં આગાહી કરવામાં આવી છે કે જૂનનો સર્વકાલીન દૈનિક તાપમાનનો રેકોર્ડ તૂટી શકે છે.

આ સાથે દક્ષિણ ઇંગ્લેન્ડમાં લગભગ ૩૭ સેલ્સિયસ અને દક્ષિણપૂર્વ વેલ્સમાં ૩૫ સેલ્સિયસ સુધી તાપમાનની અપેક્ષા છે. હવે બુધવાર અને ગુરુવાર માટે આગાહી કરવામાં આવી છે કે મહત્તમ તાપમાન ઓછામાં ઓછું ૩૯ સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. શુક્રવાર સુધીમાં પરિસ્થિતિઓમાં ઘટાડો થવાની ધારણા છે, તેવું હવામાન એજન્સીએ જણાવ્યું હતું.



વાવેતરઃ પંજાબના તરન તરન જિલ્લાના ભિખિવિન્ડમાં એક ખેડૂત સેલ્ફ પ્રોપેલ્ડ રાઈસ ટ્રન્સપ્લાન્ટેશન વડે ડાંગરનું વાવેતર કરી રહ્યો હતો. આ મશીનની મદદથી મજૂર પરનું અવલંબન ઓછું થઈ જાય છે અને કાર્યક્ષમતા વધે છે.(પીટીઆઈ)

# ભારતમાં ટેલિગ્રામની વાપસી, ઍપ પરનો પ્રતિબંધ હટાવાયો

નવી દિલ્હીઃ મેસેજિંગ એપ ટેલિગ્રામની ભારતમાં વાપસી થઈ છે. એક અઠવાડિયાનો સરકારી કામચલાઉ પ્રતિબંધ સમાપ્ત થતા સર્વિસ ફરી શરૂ થઈ હતી. આ એપ ફરીથી ગૂગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ થઈ હતી, જોકે તે થોડા કલાકો સુધી એપલ એપ સ્ટોર પર ઉપલબ્ધ નહોતી. મંગળવારે સવારે કેટલાક હાલના યુઝર્સ માટે એપ ફરીથી રિસ્ટોર કરવામાં આવી હતી પરંતુ લગભગ ૧૨ વાગ્યા સુધીમાં તે ઍપલ ઍપ સ્ટોરમાં ઉપલબ્ધ નહોતી. આ મામલે ઍપલે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી ન હતી.

જોકે, હાલના ઍપલ આઇફોન યુઝર્સ મેસેજિંગ સેવાનો ઉપયોગ કરી શકે છે. સરકારે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ-યુજી ) પુનઃપરીક્ષા પ્રશ્નપત્ર લીક થવાથી રોકવા માટે બાવીસ જૂન સુધીમાં તેમના ઍપ સ્ટોર્સમાંથી ટેલિગ્રામ એપ દૂર કરવા માટે ગૂગલ અને ઍપલને નિર્દેશ આપ્યો હતો.

ટેલિગ્રામે આ કામચલાઉ પ્રતિબંધને દિલ્હી હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે, શુક્રવારે કોર્ટે ચુકાદો આપ્યો હતો કે આ પ્રતિબંધ કાયદેસર, સંતુલિત અને પરીક્ષાની ન્યાયીતા જાળવવા માટે જરૂરી હતો. કોર્ટે એ દલીલ ફગાવી દીધી હતી કે સરકારે મનસ્વી રીતે કાર્યવાહી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારી આદેશમાં કોઈ વિસ્તરણ અથવા સંશોધન કરવામાં આવ્યો નહોતો.આ પરીક્ષા દેશભરની અંડરગ્રેજ્યુએટ મેડિકલ સંસ્થાઓમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા લેવામાં આવે છે. પ્રશ્નપત્ર લીકના આરોપોને પગલે એજન્સીએ ત્રીજી મેના રોજ યોજાયેલી છેલ્લી પરીક્ષા રદ કરી હતી.

# લાદેનને સહિતના આતંકવાદીને આશ્રય આપે છે પાકિસ્તાનઃ બે અમેરિકન સેનેટરે સામે દેખાડ્યો રેડ ફ્લેગ

વૉશિંગ્ટનઃ અમેરિકના ઉપપ્રમુખ જે. ડી. વેન્સે ઈસ્લામાબદ તરફના પ્રેમની કબૂલાત કરતી ટિપ્પણી કરી એની વિરુદ્ધમાં રિપબ્લિકન પાર્ટીના સેનેટરે 'આતંકવાદીને આશરો આપવાના' કતાર અને પાકિસ્તાનના ઈતિહાસની યાદ અપાવી હતી.

સેનેટર રિક સ્કોટે સોમવારે કહ્યું હતું કે હવે દરેકને સ્પષ્ટ થવું જોઈએ કે કોણ આપણા મિત્રો છે. કતાર અને પાકિસ્તાન આતંકવાદીઓને આશરો આપવાનો લાંબો ઈતિહાસ ધરાવે છે. આ દેશો હાલમાં અર્થપૂર્ણ શાંતિ લાવવાને બદલે ઇરાનની દાયકાઓ લાંબી આતંકવાદી ઝુંબેશને આગળ વધારે છે. વેન્સે સ્વિટ્ઝરલૅન્ડમાં કહ્યું હતું કે અમે પાકિસ્તાનને ચાહીએ છીએ. વેન્સે પાકિસ્તાન અને કતારની નેતાઓ સાથે મળીને ઇરાન સાથે વાતચીત કરી હતી. ફલોરિડાના સેનેટરે આ પાર્શ્વભૂમિમાં ઉક્ત ટિપ્પણી કરી હતી.

સ્કોટે કહ્યું હતું કે હજી પણ બધાને લાભ થાય એવો કાર્યરત કરાર કરવાનો અવકાશ છે. બધાએ એ વિચારવું જોઈએ કે ઇરાન તેની અણુ હથિયારોની વાત જવા દે એની શૂન્ય સંભાવના છે. મોનટાનાના સેનેટર ટિમ શીહીએ એક મુલાકાતમાં અલ કાયદાના નેતા ઓસામા બિન લાદેનને પાકિસ્સ્તનમાં સંતાડવા બદલ તેમણે પાકિસ્તાનની ટીકા કરી હતી.

તેમણે કહ્યું હતું કે પાકસિતાન અંગે આપણે એ ન ભૂલવું જોઈએ કે પાકિસ્તાને દાયકા સુધી લાદેનને સંતાડી રાખ્યો હતો. પાકિસ્તાને આયાતોલ્લાને આઈએસઆઈ મારફતે નાણાં આપ્યા હતા. હકીકતમાં પાકિસ્તાન અને કતારને બદલે સંયુક્ત આરબ અમિરાત, ઇઝરાયલ અને સઉદી અરેબિયાએ વાતચીતમાં જોડાવવું જોઈતું હતું.

# શાળા પ્રવેશોત્સવઃ નરેન્દ્ર મોદીએ આપેલો વારસો બન્યો 'પ્રગતિનો પ્રવેશોત્સવ'

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

ઇતિહાસની સૌથી મોટી વિશેષતા એ છે કે એ મોટાભાગે એવી ક્ષણોમાં રચાતો હોય છે, જ્યારે કોઈની નજરમાં તે ક્ષણ અસામાન્ય કે વિશેષ નથી હોતી. એક બાળકનો પ્રથમ વખત શાળામાં પ્રવેશ થવો એ પણ આમ તો એક સામાન્ય ઘટના જ લાગે છે. પણ જે નજરો આ સામાન્ય લાગતી બાબતમાં ઊંડાણ જુએ છે, તે જાણે છે કે એ એક નાનકડા પગલામાં કેટલીય પેઢીઓનું ભવિષ્ય સમાયેલું હોય છે. શાળામાં પ્રવેશી રહેલા બાળક માટે એ શાળાનું દ્વાર જ નથી ખૂલતું, પરંતુ તેની સાથે તેના પરિવાર માટેની સંભાવનાઓ પણ ખૂલે છે, સમાજની આશાઓને નવી પાંખો મળે છે અને આવનારા કાલની અસંખ્ય શક્યતાઓ પણ તે ક્ષણે જન્મ લેતી હોય છે. આ જ કારણ છે કે, જ્યારે આપણે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વર્તમાન વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિથી શરૂ કરવામાં આવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષોની ગૌરવશાળી યાત્રા પર નજર કરીએ છીએ, ત્યારે તે ફક્ત કોઈ સરકારી અભિયાનની સાફલ્યગાથા જ નથી લાગતી, પરંતુ તે એક એવા સામાજિક પરિવર્તનની ગાથા લાગે છે, જેણે ગુજરાતની અનેક પેઢીઓને જીવનની નવી દિશા પ્રદાન કરી છે.

નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે વર્ષ ૨૦૦૩માં આ અભિયાનનો પાયો નાખ્યો હતો, ત્યારે રાજ્ય અનેક સામાજિક અને વિકાસલક્ષી પડકારોનો સામનો કરી રહ્યું હતું. શિક્ષણનું ક્ષેત્ર પણ એ પડકારોમાંનું એક હતું. વર્ષ ૨૦૦૧-૦૨માં શાળા છોડીને જનારા બાળકોનો દર ૩૭ ટકાથી પણ વધુ હતો, એટલે કે લગભગ દરેક ત્રીજું બાળક શિક્ષણના મુખ્ય પ્રવાહમાંથી બહાર થઈ જતું હતું. રાજ્યના અનેક પરિવારોમાં હજુ પણ શિક્ષણના મહત્વ અંગે પૂરતી જાગૃતિનો અભાવ હતો, જ્યારે સામાજિક અને આર્થિક મર્યાદાઓના કારણે દીકરીઓના શિક્ષણને વિશેષ પડકારોનો સામનો કરવો પડતો હતો.

એવા સમયે આપણા લોકપ્રિય જનનેતા નરેન્દ્રભાઈ મોદીએ એક એવો વિચાર રજૂ કર્યો, જે સાંભળવામાં ભલે સરળ લાગતો હોય, પરંતુ તેનાં પરિણામો આગળ જતાં અત્યંત ક્રાંતિકારી સાબિત થયાં. ''શિક્ષણ માત્ર સરકારનો વિષય નહીં, પરંતુ સમગ્ર સમાજનો સંકલ્પ બનવો જોઈએ,'' આ વિચાર નરેન્દ્રભાઈ મોદીનો વિચાર હતો, અને આ જ વિચારે આ અભિયાનને માત્ર એક વહીવટી કાર્યક્રમ સુધી સીમિત ન રાખતાં, જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ રહી કે તેણે શાસન અને સમાજ વચ્ચેનું અંતર દૂર કરી દીધું. મુખ્યમંત્રીથી લઈને મંત્રીઓ સુધી, ધારાસભ્યોથી લઈને આઇએએસ, આઇપીએસ અને આઇએફએસ અધિકારીઓ સુધી, સૌ કોઈ ગામે-ગામ પહોંચ્યાં, પરિવારોને મળ્યાં અને બાળકોનો હાથ પકડીને તેમને શાળાના દ્વાર સુધી લઈ ગયાં. છેલ્લાં ૨૩ વર્ષોથી આ પરંપરા અવિરત ચાલુ રહી છે.

કોઈ વ્યક્તિએ રજૂ કરેલા વિચારની સાચી શક્તિ તેના શબ્દોમાં નહીં પરંતુ, તે વિચારને અમલી બનાવ્યા પછી તેનાં પરિણામોમાં જોવા મળે છે. છેલ્લાં ૨૩ વર્ષોમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના વિચારે પણ પોતાની સાર્થકતા આ જ કસોટી પર સાબિત કરી છે. આ પહેલની સૌથી મોટી ઉપલબ્ધિ ફક્ત શાળાઓ સુધી બાળકોની પહોંચમાં થયેલો વધારો જ નથી, પરંતુ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી શિક્ષણ દ્વારા લાખો જીવનમાં આવેલું સકારાત્મક પરિવર્તન તેની સૌથી મોટી સિદ્ધિ છે. વર્ષ ૨૦૦૩માં નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે બાળકોએ પ્રથમ વખત શાળામાં પગ મૂક્યો હતો, તેમાંથી આજે કોઈ ડોક્ટર છે, કોઈ એન્જિનિયર, કોઈ શિક્ષક, તો કોઈ સફળ ઉદ્યોગ-સાહસિક છે, પરંતુ આ તમામની એક સમાન ઓળખ એ છે કે નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી વિચારસરણી અને શાળા-પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી રથયાત્રા જેવા પ્રયાસોએ તેમને શિક્ષણના માધ્યમથી પોતાનાં સપનાંઓને સાકાર કરવાની તક પ્રદાન કરી છે.

કોઈ પણ સમાજમાં કાયમી પરિવર્તન ત્યારે આવે છે, જ્યારે તે સમાજની દીકરીઓ પ્રગતિ કરે છે. નરેન્દ્રભાઈ મોદી તેમના નેતૃત્વના પ્રારંભિક તબક્કામાં જ સમજી ગયા હતા કે ગુજરાતના ભવિષ્યને જો સશક્ત બનાવવું હશે તો દીકરીઓના શિક્ષણને જનઆંદોલનનું સ્વરૂપ આપવું જ પડશે. આ વિચાર સાથે કન્યા કેળવણી રથયાત્રાને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો એક અભિન્ન ભાગ બનાવવામાં આવ્યો છે. છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતમાં દીકરીઓના શિક્ષણ પ્રત્યે સમાજના દૃષ્ટિકોણમાં જે પરિવર્તન આવ્યું છે, તે માત્ર સરકારી પ્રયાસોનું પરિણામ નથી, પરંતુ એક સામૂહિક જાગૃતિ અને ચેતનાનું પરિણામ છે. આજે માતા-પિતા પોતાની દીકરીઓને શાળામાં મોકલવા સુધી જ સીમિત નથી રહેતાં, પરંતુ તેમને ઉચ્ચ શિક્ષણની નવી ઊંચાઈઓ સર કરતી અને પોતાનાં સપનાંઓને સાકાર કરતી જોવા પણ આતુર રહે છે.

નરેન્દ્રભાઈ મોદી દ્વારા આરંભાયેલા સામાજિક પરિવર્તનના આ સંકલ્પને વધુ મજબૂત બનાવવા માટે રાજ્ય સરકારે નમો લક્ષ્મી યોજના શરૂ કરી છે, જેની હેઠળ ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓને રૂ.૫૦,૦૦૦ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે, જેના હેઠળ ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા પાત્ર વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૨૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે. અમારો દૃઢ સંકલ્પ છે કે, આર્થિક મર્યાદાઓ હવે કોઈ પણ વિદ્યાર્થીનાં સપનાંઓને અવરોધશે નહીં.

શિક્ષણનો ઉદ્દેશ માત્ર બાળકોનું શાળામાં માત્ર નામાંકન સુનિશ્ચિત કરવાનો નથી હોતો, પરંતુ તેની સાચી સાર્થકતા ત્યારે સાબિત થાય છે, જ્યારે બાળક શાળામાં રહીને શીખવાની જિજ્ઞાસા, વિચારવાની સ્વતંત્રતા અને પોતાની અંદર રહેલી સંભાવનાઓને ઓળખવાની દૃષ્ટિ વિકસાવી શકે. આ જ વિચાર સાથે વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો ગુણોત્સવ આજે ગુણોત્સવ ૨.૦ (જીએસક્યુએસી) તરીકે વિકસ્યો છે, અને શાળાઓમાં ગુણવત્તા આધારિત મૂલ્યાંકનની એક સુદૃઢ પરંપરા સ્થાપિત થઈ છે. તે જ રીતે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુરૂપ વિકસિત કરવામાં આવેલ સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ ફ્રેમવર્ક (એસક્યુએએફ) અંતર્ગત શાળાઓની ગુણવત્તાના મૂલ્યાંકન માટે ૨૧૧ માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ, શિક્ષણની ગુણવત્તા અને શૈક્ષણિક શ્રેષ્ઠતાને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

વધુમાં, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ ગુજરાતે ૫+૩+૩+૪ શૈક્ષણિક માળખું પણ અમલમાં મૂક્યું છે અને બાલવાટિકાનું સાર્વત્રિક અમલીકરણ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. આ સાથે આધુનિક ટેક્નોલોજીએ પણ આ યાત્રામાં એક સશક્ત ભૂમિકા ભજવી છે. ડિજિટલ રીતે જન્મનોંધણીની સિસ્ટમ અને ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટિમના એકીકરણથી પ્રત્યેક બાળક સુધી પહોંચ અને તેનું સતત મોનિટરિંગ સુનિશ્ચિત થયું છે. આ ઉપરાંત, ગુજરાતનું વિદ્યા સમીક્ષા કેન્દ્ર, જે ભારતની પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) સંચાલિત શૈક્ષણિક મોનિટરિંગ વ્યવસ્થા છે, તે સમગ્ર શિક્ષણ-પ્રણાલીનું રિયલ-ટાઇમ મોનિટરિંગ કરે છે. આ જ વ્યવસ્થા હેઠળ કાર્યરત એઆઇ આધારિત અર્લી વોર્નિંગ સિસ્ટિમ સંભવિત રીતે શાળા છોડવાનું જોખમ ધરાવતાં બાળકોની અગાઉથી ઓળખ કરીને સમયસર જરૂરી માર્ગદર્શન આપે છે. રાજ્ય સરકારના આ પ્રયાસો દર્શાવે છે કે અમે શાળા પ્રવેશોત્સવની મૂળ ભાવનાને આધુનિક યુગમાં એક નવી પ્રાસંગિકતા પ્રદાન કરી છે.

કોઈ પણ અભિયાનની સાચી તાકાત ત્યારે સિદ્ધ થાય છે, જ્યારે સમાજ પોતે જ તેનો ભાગીદાર બને. છેલ્લા ૨૩ વર્ષોમાં જનતા અને વિવિધ સંસ્થાઓ દ્વારા શાળાઓને લગભગ રૂ.૩૨૬ કરોડથી વધુની સહાય પ્રાપ્ત થઈ છે. એ જ રીતે, શાળા વ્યવસ્થાપન સમિતિઓમાં ૭૫ ટકા વાલીઓની ભાગીદારી અને ૫૦ ટકા મહિલા પ્રતિનિધિત્વે શિક્ષણને સાચા અર્થમાં એક સામૂહિક જનઆંદોલનનું સ્વરૂપ આપ્યું છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશિપ જેવી યોજનાઓ આજે એવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહી છે, જેઓ પ્રતિભા ધરાવતા હોવા છતાં સંસાધનોના અભાવે પોતાનાં સપનાંઓને અધૂરાં છોડવા માટે મજબૂર બની જતા હતા.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક પ્રસંગે કહ્યું હતું કે, જો આપણે વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણા બાળકોનાં સપનાઓને બળ આપવું પડશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાની ૨૩ વર્ષની આ યાત્રા તેમના આ વિચારનું જીવંત પ્રતિબિંબ છે.

ધરતીમાં બીજ રોપનાર જાણતો હોય છે કે તે પોતે કદાચ એ બીજમાંથી ઊગનારા વૃક્ષની છાયામાં ક્યારેય નહીં બેસી શકે, છતાં પણ તે સંપૂર્ણ વિશ્વાસ સાથે બીજને ધરતીમાં રોપે છે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા પણ આદરણીય મોદીજી દ્વારા વાવવામાં આવેલું એવું જ એક દૂરંદેશી બીજ છે, જે આજે શિક્ષણ, સમાન તકો અને સામાજિક જાગૃતિના વિશાળ વટવૃક્ષ તરીકે આપણી સમક્ષ ઊભું છે, જેની છાયામાં ગુજરાતની નવી પેઢીઓ પોતાનાં સપનાંઓને આકાર આપી રહી છે.

સમય વીતે છે, નેતૃત્વ બદલાય છે, યોજનાઓ પણ બદલાતી રહે છે, પરંતુ, કેટલાંક વિચારબીજ એવા હોય છે, જે પેઢીઓના ભાગ્યનો અભિન્ન હિસ્સો બની જાય છે. આ પહેલ એવા જ એક વિચારની જીવંત અભિવ્યક્તિ છે, જેણે લાખો બાળકોને તક, લાખો દીકરીઓને આત્મવિશ્વાસ અને સમગ્ર સમાજને નવી દિશા પ્રદાન કરી છે. ભવિષ્યની પેઢીઓ જ્યારે ગુજરાતની વિકાસયાત્રાનો ઇતિહાસ લખશે, ત્યારે પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં આદરણીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયાસોને એક ઐતિહાસિક સામાજિક ક્રાંતિ તરીકે હંમેશાં યાદ કરવામાં આવશે.

# કચ્છના મુંદરા એરપોર્ટ પરથી પેસેન્જર ફ્લાઈટ સેવાનો પ્રારંભઃ ગોવા સહિતના દેશનાં આઠ મોટાં શહેરો સાથે સીધું જોડાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના મુંદરા અને સમગ્ર કચ્છવાસીઓ માટે હવાઈ કનેક્ટિવિટીના ક્ષેત્રે એક અત્યંત આનંદના સમાચાર આવ્યા છે. અત્યાર સુધી મુખ્યત્વે ચાર્ટર્ડ અને ખાનગી વિમાનોની અવરજવર માટે જ મર્યાદિત રહેલા અદાણી મુંદરા એરપોર્ટ પરથી હવે કાયમી ધોરણે નિયમિત પેસેન્જર ફ્લાઇટ સેવાનો સત્તાવાર પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. 'સ્ટાર એર' એરલાઇન્સ સાથેની ભાગીદારી હેઠળ મંગળવારે મુંબઈ અને ગોવાને જોડતી પ્રથમ પેસેન્જર ફ્લાઇટનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગે અદાણી સમૂહના જીત અદાણી, રક્ષિત શાહ તેમજ કચ્છના સાંસદો અને ધારાસભ્યોની હાજરીમાં રિબન અને કેક કાપીને નવી સેવાઓને લીલી ઝંડી બતાવાઈ હતી.

સ્ટાર એર દ્વારા શરૂ કરાયેલી આ નવી સેવાની મદદથી મુંદરા હવે દેશના કુલ ૮ અગત્યનાં શહેરો સાથે 'ડાયરેક્ટ કનેક્ટિવિટી' થી જોડાઈ ગયું છે. હવેથી મુસાફરો મુંદરા એરપોર્ટ પરથી મુંબઈ અને ગોવા ઉપરાંત ગાઝિયાબાદ-દિલ્હી એનસીઆર, સુરત, બેલગાવી, બેંગલુરુ, કોલ્હાપુર અને નાંદેડ માટે સીધી ફ્લાઇટનો લાભ મેળવી શકશે. આ વ્યાપક હવાઈ જોડાણના કારણે કચ્છના પ્રવાસન, વેપાર, ઉદ્યોગ અને લોજિસ્ટિક્સ ક્ષેત્રને બુસ્ટર ડોઝ મળશે. માત્ર થોડા જ કલાકોમાં દેશના આર્થિક અને પ્રવાસન કેન્દ્રો સુધી પહોંચી શકાતું હોવાથી વેપારીઓ અને પ્રવાસીઓનો સમય બચશે.

મુંદરા એરપોર્ટને વૈશ્વિક કક્ષાની આધુનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અપગ્રેડ કરવામાં આવ્યું છે. એરપોર્ટ પર ૧,૯૦૦ મીટર લાંબો વિશાળ રનવે તૈયાર કરાયો છે, જે મધ્યમ કદના પેસેન્જર વિમાનો અને કાર્ગો ફ્લાઇટ્સના સરળ લેન્ડિંગ તેમજ ટેક-ઓફ માટે સક્ષમ છે. મુસાફરોની સુવિધા માટે ટર્મિનલ બિલ્ડિંગમાં વિશાળ પાર્કિંગ એરિયા, મલ્ટીપલ ચેક-ઇન કાઉન્ટર્સ, આધુનિક આરામદાયક લાઉન્જ અને ફૂડ કોર્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વ્હિલચેર આસિસ્ટન્સ અને સમર્પિત ડ્રોપ-ઓફ ઝોન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

નોંધનીય છે કે, ભારતના સૌથી મોટા ખાનગી બંદર એવા 'મુંદરા અદાણી પોર્ટ' અને તેની આસપાસ ફેલાયેલા વિશાળ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન માટે આ સીધી ફ્લાઇટ સેવા ગેમ-ચેન્જર સાબિત થશે. દેશ-વિદેશના રોકાણકારો અને બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ માટે હવે મુંદરા સુધીની યાત્રા અત્યંત સરળ બની જશે, જે ઉદ્યોગોના વિકાસમાં મદદરૂપ થશે. કચ્છ જિલ્લામાં ભુજ અને કંડલા બાદ હવે મુંદરા ત્રીજું મોટું એર કનેક્ટિવિટી હબ બનીને ઊભર્યું છે, જે સરહદી જિલ્લાના આર્થિક સામ્રાજ્યને નવી ઊંચાઈ પર લઈ જશે.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડનગરની બી.એન. હાઈસ્કૂલથી રાજ્યવ્યાપી ૨૪મા 'શાળા પ્રવેશોત્સવ'નો આરંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'શાળા પ્રવેશોત્સવ'ની ૨૪મી કડીનો રાજ્ય વ્યાપી પ્રારંભ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શાળા શિક્ષણ મેળવેલી તે મહેસાણા જિલ્લાના વડનગરની બી.એન. હાઈસ્કૂલથી કરાવ્યો હતો. વડનગરની ઐતિહાસિક બી.એન. હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૩૯૦ જેટલા બાળકોનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત વડનગરની શાળાના ૨૪ બાળકો જેમણે કોઈ કારણોસર શાળા-અભ્યાસ છોડી દીધો હતો તેમને શોધીને પુનઃપ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાને શાળા પ્રવેશોત્સવની ફળશ્રુતિ અંગે કહ્યું હતું કે, ૨૦૦૩માં તત્કાલીન મુખ્ય પ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનું મહત્ત્વપૂર્ણ અભિયાન શરૂ કરાવ્યું હતું. તેના પરિણામે રાજ્યના શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું હતું. એક સમયે મોટી સંખ્યામાં બાળકો અભ્યાસ અધવચ્ચે છોડી દેતા હતા, પરંતુ સતત પ્રયાસો અને શિક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારીના કારણે આજે શાળાઓમાં નામાંકન દર ૧૦૦ ટકા સુધી પહોંચ્યો છે અને ડ્રોપઆઉટ રેશિયો ૧ ટકાથી પણ ઓછો થયો છે. ટૅક્નોલૉજી અને શિક્ષકોના સતત પ્રયાસોના પરિણામે શાળા બહાર રહેલા બાળકોને શોધી ફરી શિક્ષણ સાથે જોડવામાં આવી રહ્યા છે. કોઈ વિદ્યાર્થી એકાદ-બે દિવસ ગેરહાજર રહે તો શિક્ષકો વાલીઓનો સંપર્ક કરીને બાળકની ગેરહાજરીની ચિંતા કરે છે. દરેક બાળક શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સરકારની સાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી છે તેમ પણ મુખ્ય પ્રધાને આ તકે અનુરોધ કર્યો હતો.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે તેના સકારાત્મક પરિણામો ટૂંકા ગાળામાં જ મળ્યા છે. 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨માં ભણતી દીકરીઓને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય અને 'નમો સરસ્વતી' યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને ૨૫,૦૦૦ રૂપિયાની પ્રોત્સાહક આર્થિક સહાય આપવામાં આવે છે.

# અમદાવાદના ઐતિહાસિક વાસણા બેરેજનો કાયાકલ્પઃ માત્ર ૩૫ દિવસમાં નવા દરવાજા નાખવાની કામગીરી પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્ત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યના જળસંપત્તિ વિભાગ હેઠળ કાર્યરત યાંત્રિક શાખા દ્વારા રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટનું રિપેરિંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે જ સાબરમતી નદીમાં ફરી પાણી ભરવાનું શરૂ થઈ ચૂક્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે જળસંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ડેમ સલામતીના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે. વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપનનું મહત્ત્વપૂર્ણ માળખું છે. વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફ્ટી એક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સૂન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓનું નવીનીકરણ અને રિપેરિંગ માટે ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણોના આધારે બેરેજની લાંબાગાળાની સુરક્ષાને ધ્યાને રાખીને ગત તા. ૧૭ એપ્રિલ ૨૦૨૬થી બેરેજમાંથી પાણી સંપૂર્ણ ખાલી કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

જળસંપત્તિ હેઠળની યાંત્રિક શાખા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને દરવાજાના વિવિધ ભાગોની ફેબ્રિકેશન કામગીરી ચાર માસમાં પૂર્ણ કરીને ડેમમાં પાણી ખાલી થયા બાદ માત્ર ૩૫ દિવસ જેવા ટૂંકા ગાળામાં અંદાજે રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે પાંચ હેવી ડ્યૂટી મોબાઇલ ક્રેનની મદદથી ૧૯ દરવાજા બદલવાની તેમજ ૧૦ ગેટની રિપેરિંગ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. આ કામગીરીમાં કુલ ૪૬૦ મેટ્રીક ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. યાંત્રિક કામગીરીની સાથે સાથે સિવિલ વિભાગ દ્વારા પણ હયાત સિવિલ સ્ટ્રક્ચરના મજબૂતીકરણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી. સામાન્ય રીતે આ આ પ્રકારની કામગીરી પૂર્ણ કરવામાં ચાર-પાંચ મહિનાનો સમય લાગતો હોય છે. પરંતુ આ કામ માત્ર ૩૫ દિવસમાં જ પૂર્ણ કરવામાં આવ્યું. હવે, દરવાજાની ઉંચાઇ સુધી બેરેજમાં પાણી ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, વાસણા બેરેજ ખાતે ૬૦ ફૂટ ૪ ૧૨ ફુટ સાઇઝના -૨૪ નંગ, ૬૦ ફૂટ ૪ ૧૪ ફૂટ સાઇઝના -૨ નંગ તથા ૬૦ ફૂટ ૪ ૧૬ ફૂટ સાઇઝના -૪ નંગ એમ કુલ ૩૦ દરવાજા લગાવવામાં આવ્યા છે. જેમાં વર્ષ-૨૦૧૦માં ત્રણ દરવાજા, ૨૦૧૧માં બે, વર્ષ-૨૦૧૩માં પાંચ દરવાજા તથા વર્ષ-૨૦૨૫માં એક એમ કુલ ૧૧ દરવાજા જરૂરિયાત મુજબ બદલવામાં આવ્યા હતા.

આ કામગીરી પૂર્ણ થવાથી ચોમાસા દરમિયાન ડેમની સલામતીમાં વૃદ્ધિ થશે અને આગામી સમયમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ પૂરતું પાણી મળી રહેશે.

# સુરતમાં પંચાવન વોન્ટેડ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ગ્રામ્ય પોલીસ દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી ૧૦ દિવસની એક ખાસ ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેના ભાગરૂપે લાંબા સમયથી પોલીસને થાપ આપીને નાસતા ફરતા ૫૫ જેટલા રીઢા ગુનેગારોને ઝડપી લેવામાં આવ્યા હતા. સુરત પોલીસના આ સફળ ઓપરેશનના કારણે ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસે ઝડપેલા આ ગુનેગારો પૈકી કેટલાક આરોપીઓ છેલ્લા ૬ થી ૭ વર્ષ જેટલા લાંબા સમયથી કાયદાની પકડમાંથી ભાગતા ફરતા હતા.

પોલીસની જુદી-જુદી ટીમોએ બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી આ તમામ વચગાળાના જામીન પરથી ફરાર કે વોન્ટેડ આરોપીઓને શોધી કાઢ્યા હતા.

પોલીસે પકડેલા આ ગુનેગારો દુષ્કર્મ, લૂંટ, ચોરી, નશીલા દ્રવ્યોની તસ્કરી સહિતના ગંભીર ગુનામાં સંડોવાયેલા છે.

# સુરત કોર્ટે જાહેરનામા ભંગના કેસમાં હાર્દિક પટેલ, અલ્પેશ કથિરીયા સહિત તમામને રાહત આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની અદાલતે પાટીદાર અનામત આંદોલન સમયના આશરે આઠ વર્ષ જૂના એક કેસમાં હાર્દિક પટેલ અને અલ્પેશ કથિરીયા સહિતના અગ્રણીઓને મોટી રાહત આપી હતી. રાજ્ય સરકાર દ્વારા આ કેસ પાછો ખેંચવાની મંજૂરી અપાતા સુરત કોર્ટે સીઆરપીસીની કલમ ૩૨૧ હેઠળ આ મુકદ્દમો સત્તાવાર રીતે રદ કરવાનો હુકમ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કોર્ટના આ આદેશ સાથે જ કેસમાં સંડોવાયેલા તમામ પાટીદાર નેતાઓ અને કાર્યકરોને આક્ષેપોમાંથી મુક્ત કરીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

આ કેસ વર્ષ ૨૦૧૮નો છે, પાટીદાર અનામત આંદોલન સમયે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરવા જઈ રહેલા પાટીદાર આગેવાનો અને કાર્યકર્તાઓ વિરુદ્ધ પોલીસે સરકારી જાહેરનામાના ઉલ્લંઘનનો ગુનો દાખલ કર્યો હતો. આ કાનૂની કાર્યવાહીમાં હાર્દિક પટેલ, અલ્પેશ કથિરીયા, ધાર્મિક માલવીયા અને અશોક જીરાવાલા સહિતના જાણીતા ચહેરાઓને આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતા અને ત્યારથી આ મામલો ન્યાયાધીન હતો.

લાંબા સમય સુધી ચાલેલી કાનૂની લડત બાદ, રાજ્ય સરકાર દ્વારા આ કેસની સમીક્ષા કરવામાં આવી હતી. સરકારે અદાલત સમક્ષ રજૂઆત કરી હતી કે આ કેસની ન્યાયિક કાર્યવાહીને આગળ ધપાવવી જાહેર હિત કે જનતાના કલ્યાણમાં નથી. સરકારની આ દલીલો અને અરજીને ગ્રાહ્ય રાખતા સુરત કોર્ટે પણ અવલોકન કર્યું હતું કે આ કેસ ચાલુ રાખવાનો કોઈ વાજબી આધાર નથી. આથી કોર્ટે કેસ ફાઇલ બંધ કરવાનો આદેશ આપી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતા. આંદોલન દરમિયાન રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં નોંધાયેલા મહત્ત્વના કેસોમાં આ મુકદ્દમો સામેલ હતો. હવે આ કાનૂની ગૂંચ ઉકેલાતા વર્ષોથી અદાલતી ચક્કરમાં ફસાયેલા નેતાઓ અને તેમના અસંખ્ય સમર્થકોમાં ભારે આનંદ અને રાહતની લાગણી વ્યાપી ગઈ છે, તેમજ આ રાહતને પાટીદાર અગ્રણીઓ માટે એક મોટી જીત તરીકે જોવામાં આવી રહી હોવાનું રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

# અમદાવાદમાં અસલી બ્લડ પ્લાઝમા ચોરી કરી નકલી પ્લાઝમા સપ્લાય કરતી ગેંગના ચાર સાગરીતો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા લોકોના જીવ સાથે રમત રમતા એક ખૂબ જ ગંભીર કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ગુનાહિત પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસે બાતમીના આધારે ચાંગોદર નજીક એક ભાડાના મકાન પર દરોડો પાડીને ફાર્મા ઉદ્યોગમાં સપ્લાય થતા ઉચ્ચ ગુણવત્તાવાળા ઓરિજનલ બ્લડ પ્લાઝમાની ચોરી કરી, તેના સ્થાને ભેળસેળયુક્ત નકલી પ્લાઝમા ધાબડી દેતી ટોળકીના મુખ્ય સૂત્રધાર સહિત ચાર શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં માસ્ટરમાઇન્ડ દિનેશ ચૌધરી (ધાનેરા), મોહન ગાયકવાડ (મહારાષ્ટ્ર), રફીક (ધોળકા) અને જીતેન્દ્ર સોલંકી (ધોળકા)નો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી આશરે રૂ. ૧૧ લાખની કિંમતના ૧૧૫૦ નંગ બ્લડ પ્લાઝમા યુનિટ, કેમિકલની બોટલો, ડીપ ફ્રીઝર, સીલિંગ મશીન અને એક વાહન સહિત કુલ રૂ. ૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મુખ્ય સૂત્રધાર દિનેશ ચૌધરી પહેલાં ફાર્માસ્યુટીકલ્સ કંપનીઓમાં બ્લડ પ્લાઝમા કલેક્શન એક્ઝિક્યુટિવ તરીકે કામ કરી ચૂક્યો હોવાથી આ પ્રક્રિયાની તમામ બાબતોથી વાકેફ હતો. મહારાષ્ટ્રના જુદા-જુદા જિલ્લાઓમાંથી અસલી પ્લાઝમા લઈને પરત ફરતી વખતે ટ્રાન્સપોર્ટેશન વાહનના ડ્રાઈવર જીતેન્દ્ર અને ક્લીનર રફીક કંપનીમાં જવાને બદલે ગાડી સીધી દિનેશના ઘરે લઈ જતા હતા. ત્યાં તેઓ ગાડીમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળો અસલી જથ્થો કાઢી લેતા અને વજન બરાબર રાખવા માટે તેમાં સલાઈન વોટર મિશ્રિત નકલી પ્લાઝમા ગોઠવીને કંપનીમાં રવાના કરી દેતા હતા. આ ટોળકી ચોરી કરેલો અસલી પ્લાઝમા બજારભાવ કરતાં અડધી કિંમતે વિવિધ બ્લડ બેંકોમાં વેચી મારી આર્થિક લાભ મેળવતી હતી.

# રાજકોટ મનપાના ૮૭ રેસ્ટોરાંમાં દરોડા, ૧૫૦૦ કિલોથી વધુ વાસી ખોરાકનો નાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ખાદ્ય પદાર્થોના વેપારીઓ સામે લાલ આંખ કરી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત ફૂડ વિભાગની ટીમોએ ૮૭ જેટલા રેસ્ટોરન્ટ અને ખાણીપીણીની પેઢીઓમાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર સામે આવી હતી, જેમાં તંત્રએ કુલ ૧૫૦૩ કિલોગ્રામ વાસી અને અખાદ્ય જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો. આ ઉપરાંત, સ્ટોરેજ, લાયસન્સ અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરનાર ૨૫ પેઢીઓને નોટિસ ફટકારી કુલ રૂ. ૧,૧૧,૩૦૦ નો વહીવટી દંડ વસૂલવામાં આવતા ભેળસેળિયા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ તપાસ દરમિયાન સૌથી મોટી કાર્યવાહી જામનગર રોડ અને માધાપર ચોકડી વિસ્તારમાં કરવામાં આવી હતી. માધાપર ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી 'શ્રીનાથજી ફૂડ પ્રોડક્ટ્સ' નામની પેઢીમાંથી તબીબી તપાસ દરમિયાન પડતર પડેલો સિરિયલ પ્રોડક્ટનો અધધ ૮૦૦ કિલોગ્રામ અખાદ્ય જથ્થો મળી આવતા તેનો તાત્કાલિક નાશ કરી રૂ.૧૦,૦૦૦નો દંડ વસૂલાયો હતો. આ ઉપરાંત, જય ખોડિયાર રેસ્ટોરન્ટમાંથી ૨૫ કિલો અને શ્રી બાલાજી રેસ્ટોરન્ટમાંથી ૧૦ કિલો વાસી જથ્થો પકડી પાડી બંને સંચાલકોને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. મનપાની ટીમે કોઠારીયા, પુનિત નગર અને મવડી વિસ્તારની સાથે સેન્ટ્રલ બસ સ્ટેન્ડ પાછળની નામાંકિત પેઢીઓમાં પણ સપાટો બોલાવ્યો હતો.

### પોક્સો કેસમાં કોમ્પ્યુટર શિક્ષક નિર્દોષ જાહેર;

# કોર્ટે પીડિતાની જુબાનીમાં વિરોધાભાસનો ઉલ્લેખ કર્યો

પાલઘર : પાલઘરની એક ખાસ અદાલતે ૨૦૧૮માં એક સગીર યુવતીનો વિનયભંગ કરવાના આરોપમાં ૪૮ વર્ષીય કમ્પ્યુટર શિક્ષકને નિર્દોષ જાહેર કર્યો છે. કોર્ટ દ્વારા પીડિતાની જુબાનીમાં નોંધપાત્ર વિરોધાભાસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એડિશનલ સેશન્સ જજ એ. આર. રહાણેએ ૧૯ જૂનના રોજ તેમના આદેશમાં નોંધ્યું હતું કે સ્થળની નજીક સીસીટીવી કેમેરા હોવા છતાં, ફરિયાદ પક્ષે કોઈ ફૂટેજ રજૂ કર્યા નથી. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ કોમ્પ્યુટર ક્લાસમાં સગીરને ચુંબન કરવા બદલ પાલઘર પોલીસે શિક્ષક વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા (આઇપીસી)ની કલમ ૩૫૪ (મહિલા પર હુમલો અથવા બળનો ઉપયોગ કરીને ગુનાહિત ઈરાદાથી ઠેસ પહોંચાડવી) અને પોક્સો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી હતી. પીડિતાએ તેના રિપોર્ટ અને પૂરક નિવેદનમાં પહેલી વાર કોર્ટ સમક્ષ રજૂ કરેલા મહત્વપૂર્ણ તથ્યો છોડી દીધા છે. તેના પુરાવા શંકાસ્પદ લાગતા, તેની જુબાની પર વિશ્વાસ કરી શકાય નહીં, કોર્ટે જણાવ્યું હતું. ન્યાયાધીશે એ પણ નોંધ્યું કે સ્થળ પંચે લગભગ ૫૦ કેસોમાં સાક્ષી તરીકે કામ કર્યું છે, જેનો અર્થ એ થાય કે તે તેના માટે રોજિંદુ છે. ફરિયાદ પક્ષના રેકોર્ડ પરના પુરાવા આરોપ સ્થાપિત કરવા માટે પૂરતા નથી, એમ કોર્ટે જણાવ્યું હતું.

(પીટીઆઈ) ■

# સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

થાણે: થાણેમાં સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ અને તેની ૭૩ વર્ષની દાદી સાથે બેહૂદું વર્તન કરવાના કેસમાં વિશેષ અદાલતે આરોપીને નિર્દોષ છોડ્યો હતો. પુરાવા અવિશ્વસનીય અને પ્રક્રિયામાં છબરડાની નોંધ કોર્ટે કરી હતી.

સ્પેશિયલ જજ જી. ટી. પવારે સોમવારે દિનેશ શાંતારામ હુલે ઉર્ફે ઘુલેને નિર્દોષ જાહેર કર્યો હતો. તેની વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (બળાત્કાર), ૩૫૪ (વિનયભંગ), ૪૫૨ (ઘરમાં ઘૂસણખોરી) અને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

ફરિયાદ પક્ષ અનુસાર ત્રીજી ઑક્ટોબર, ૨૦૨૧ની રાતે હુલે બાળકીના ઘરમાં ઘૂસ્યો હતો. દાદીનો વિનયભંગ કર્યા પછી તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યું હતું. બચાવ પક્ષ અનુસાર પાણી લીકેજને લઈ જૂના વિવાદને પગલે આરોપી વિરુદ્ધ ખોટા આરોપ લગાવાયા હતા. ટ્રાયલમાં છબરડા હોવાનું નોંધી જજે નિરીક્ષણ કર્યું હતું કે ટ્રાયલ દરમિયાન મૃત પામેલા તપાસ અધિકારીની તપાસ નહીં થવાથી બચાવ પક્ષ પ્રત્યે તીવ્ર પૂર્વગ્રહ સર્જાયો છે.

બાળકીએ ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સમક્ષ આપેલી જુબાની અને પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં વિસંગતિ હોવાનું જણાવીને કોર્ટે બાળકીને શીખવવામાં આવ્યું હોય તેમ જણાય છે, એવી નોંધ કરી હતી.

(પીટીઆઈ)■

# નેધરલેન્ડનાં રાણી મુંબઈની મુલાકાતે

મુંબઈ: નેધરલેન્ડ્સનાં ક્વીન મેક્સિમા મંગળવારે અહીં હેલ્થકેર વ્યાવસાયિકોને મળ્યા હતા જેથી પગારદાર વ્યક્તિઓ માટે નાણાકીય પરિસ્થિતિ સુધારવામાં ભારતની યુપીઆઈ ઇકોસિસ્ટમ, એઆઈ અને પે-રોલની ભૂમિકાને સમજી શકાય.

રાણી યુએન સેક્રેટરી-જનરલના નાણાકીય બાબતો માટેના ખાસ વકીલે કોલાબામાં એચસીજી એક કેન્સર હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ફ્રન્ટલાઈન હેલ્થકેર કાર્યકરો દ્વારા સામનો કરવામાં આવતી નાણાકીય વાસ્તવિકતાઓ અને પડકારોને સમજવા માટે સેલરીસેના વરિષ્ઠ અધિકારીઓ અને આરોગ્યસંભાળ વ્યાવસાયિકો સાથે વાતચીત કરી હતી. નાણાકીય સ્વાસ્થ્ય અને સમાવેશ માટેના વિશ્વના અગ્રણી હિમાયતીઓમાંના એક (૨૦૦૯-૨૦૨૪), ક્વીન મેક્સિમા તેમની ત્રણ દિવસીય ભારત મુલાકાત દરમિયાન નાણાકીય સ્થિરતા અને નવીન દૃષ્ટિકોણનું આદાન-પ્રદાન કરવા માટે સરકારી પ્રતિનિધિઓ, નિયમનકારો અને ઉદ્યોગપતિઓને મળી રહ્યા છે, એમ એક પ્રકાશનમાં જણાવાયું છે. હું લાંબા સમયથી ભારત સાથે નાણાકીય બાબતો પર ઘણું કામ કરી રહી છું... તમે (ભારત) ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર યુપીઆઈ, એકાઉન્ટ એગ્રીગેટર, આધાર સાથે ખૂબ જ સુંદર કામ કર્યું છે. ■

# છ સાંસદોએ પોતાને જ વેચી દીધા: અંબાદાસ દાનવે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થયેલા છ સાંસદોએ 'પોતાની જાતને જ વેચી નાખ્યા' હોવાની અને લાલચમાં ફસાઈ ગયા હોવાની ટીકા કરતાં જણાવ્યું હતું કે વિકાસ માટે ભંડોળ ન મળતું હોવાના તેમના દાવાઓ ખોટા છે.

શિવસેના (યુબીટી)ના જે સાંસદો એકનાથ શિંદે સાથે જોડાયા છે તેમાં સંજય દેશમુખ (યવતમાળ), સંજય જાધવ (પરભણી), સંજય દિના પાટીલ (ઈશાન મુંબઈ), નાગેશ પાટીલ-આષ્ટિકર (હિંગોલી), ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર (ધારાશિવ) અને ભાઉસાહેબ વાકચૌરે (શિરડી)નો સમાવેશ થાય છે.

આમાંથી કેટલાક સાંસદે એવો દાવો કર્યો હતો સત્તાધારી પક્ષમાં જોડાવાથી તેમના મતવિસ્તારોને વિકાસ ભંડોળ મળશે અને મોટા પ્રોજેક્ટ્સ લાવવામાં મદદ મળશે.

દાનવેએ આ મુદ્દે કહ્યું હતું કે અમારો સાથ છોડીને એકનાથ શિંદે સાથે જોડાયેલા તમામ છ સાંસદોએ પોતાને વેચી દીધા છે.

વિકાસ ભંડોળ ન મળવાનો તેમનો દાવો ખોટો છે. શિંદે સાથેના તેમના સોદાની વિગતો ટૂંક સમયમાં બહાર આવશે.

રાજ્ય વિધાનભવન ખાતે પત્રકારોએ તેમને ઉદ્ધવની બેઠકમાં ગેરહાજર વિધાનસભ્યો બાબતે સવાલ કર્યો ત્યારે તેમણે કહ્યું હતું કે વિપક્ષી મહાવિકાસ આઘાડીની બીજી બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બધા હાજર રહેશે. ■

## સંસ્થા સમાચાર

### નોટબુક તથા વ્હીલચેર સહાય વિતરણ સમારંભ

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) તરફથી ૧૫ જૂન ૨૦૨૬ના રોજ માથેરાન નગરપરિષદ શાળાઓમાં ભણતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય માટે નોટબુક વિતરણ તથા તબીબી સહાય માટે વ્હીલચેર વિતરણ યોજનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી રાજ કવા, ટ્રસ્ટી નીતિન નથવાણી, ઉપ-પ્રમુખ ભાવેશ મહેતા, ખજાનચી નીલેશ ગોરડિયા તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. ગિરીશ ત્રિવેદીએ હાજર રહેલા વિદ્યાર્થીઓને તબીબી ક્ષેત્રે સહાયરૂપ થવાની તૈયારી બતાવી હતી અને એ વિશે માર્ગદર્શન આપ્યું હતું તેમજ માથેરાન નગરપાલિકાના પ્રમુખ, નગરસેવક અને શાળાના સમસ્ત શિક્ષણગણે પણ હાજર રહીને વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું.

### શ્રી નાગરદાસ ધારસી ભૂતા ચૅરિટીઝ - શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલ

'યોગ એ આત્માનો, આત્મા દ્વારા, આત્મા સુધીનો પ્રવાસ છે'

શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં ૨૦ જૂન ૨૦૨૬ના રોજ પ્રી-પાઇમરી, પ્રાથમિક અને માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય સ્ટાફના સભ્યો દ્વારા શાળાના પરિસરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ શાળાના શારીરિક શિક્ષણ શિક્ષકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. શાળાના માનનીય ટ્રસ્ટીઓ શ્રી કમલેશજી ભૂતા, શ્રીમતી દેવાંગીજી ભૂતા, શ્રી શુભેંદુજી ભૂતા, શ્રીમતી તેજશ્રીજી ભૂતા અને ડૉ. વૃષ્ણિજી ભૂતા તેમ જ શાળાની પ્રશાસનિક ટીમ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને યોગનો ઇતિહાસ અને તેના લાભ વિશે માહિતગાર કર્યા હતા. ધોરણ ૧૦ની એક વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ એ શરીર, મન અને આત્માને સંતુલિત કરે છે જેના દ્વારા આંતરિક શાંતિ, શક્તિ અને લવચીકતા વિકસે છે. પ્રાણાયામ સત્રો દ્વારા વિદ્યાર્થીઓને તણાવ નિયંત્રણ અને એકાગ્રતા વધારવાની રીતો શીખવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ 'યોગ માટે આરોગ્ય' અને 'યોગ માટે શાંતિ' જેવા વિષયો પર આકર્ષક પોસ્ટર્સ, સૂત્રો અને બૅનરો બનાવ્યાં હતાં. કાર્યક્રમના અંતે સૌએ પોતાના દૈનિક જીવનમાં યોગને અપનાવવાનો સંકલ્પ કર્યો હતો. ■

## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) અનિન્ધ્યા બિસ્વાસ | ૧,૦૦,૦૦૦ |
| ૨) જુથિકા સરકાર | ૧,૫૦,૦૦૦ |
| ૩) મુનાવવાર હુસૈન | ૧,૦૦,૦૦૦ |
| ૪) પ્રદ્યુત કુમાર બિસ્વાસ | ૧,૦૦,૦૦૦ |
| ૫) રોશન જમીર અન્સારી | ૫૦,૦૦૦ |
| ૬) શેરાઊદ્દીન અન્સારી | ૩૦,૦૦૦ |
| ૭) નેયારુલ હક | ૧,૦૦,૦૦૦ |
| ૮) યૌનિક અલીમિયા | ૯૦,૦૦૦ |
| ૯) યુસુફ જમાદાર | ૨૦,૦૦૦ |
| ૧૦) રાણક્રિષ્ના વર્મા | ૪,૪૦,૦૦૦ |
| ૧૧) અસગર શૈખ | ૧,૫૦,૦૦૦ |
| ૧૨) જય પ્રકાશ રામ | ૩૦,૦૦૦ |
| ૧૩) કરીમ બાક્સ મિયા | ૨૦,૦૦૦ |
| ૧૪) દીક્ષા સિંધા | ૬૦,૦૦૦ |
| ૧૫) સમીર રાશિદ ખાન | ૧,૮૦,૦૦૦ |
| ૧૬) જ્યોત્સના ઘોશ | ૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૭) અશ્વિન ગણેશ પાટીલ | ૨,૦૦,૦૦૦ |
| ૧૮) અનય અક્ષય ગવડે | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દરદીઓ હોલિ સ્પિરિત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૯) નૂતન શુધોધન શેલાર | ૯૦,૦૦૦ |
| ૨૦) રામચંદ્ર મિશ્રા | ૧,૨૧,૦૦૦ |

ઉપરોક્ત દરદીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી વિંગ, ફલેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.■

## પારસી મરણ

સામ મેહરજી સંતોક તે કેટીના ધની. તે મરહુમો આલુ મેહરજી સંતોકના દીકરા. તે હુનોઝ ને બરજીસના પપા. તે કૈનાઝના સસરા. તે નવરોઝના ભાઇ. તે પરીશાના બપાવાજી. તે મરહુમો શેહરામાય અરદેશર જાફરાબાદવાલાના જમાઇ. (ઉં. વ. ૮૦) રે. ઠે. વૈભવ, ફ્લેટ - ૪૩, ૬ઠે. માળે, બરકતઅલી દરગાહ માર્ગ, એન્ટોપ હીલ, હરીયાલી હોટલ આગળ, મુંબઇ-૪૦૦૦૩૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૬-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

પાલિતાણા નિવાસી, હાલ વાલકેશ્વર, સ્વ. પ્રવિણચંદ્ર જયંતિલાલ શેઠ (ઉં. વ. ૮૫) ૨૨ જૂન ૨૦૨૬ના અરિહંતશરણ પામ્યા છે. પુષ્પાબેન, દિપેશ-ડિમ્પલ, ભાવેશ-સેજલ, ધર્મેશ-ભાવિકા. એમની શત્રુંજય ભાવયાત્રા ગુરુવાર, તા. ૨૫-૦૬-૨૬, સાંજે ૪થી ૬. એમસીએ ધ લાઉન્જ, ગ્રાઉન્ડ ફ્લોર, વાનખેડે સ્ટેડિયમ, ડીથ રોડ, ચર્ચગેટ, મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પ્રાગપુરના અ.સૌ. તરલા પ્રેમજી સંગોઇનાં જમાઇ નાગેશ જૈન (ઉં. વ. ૫૮) તા. ૨૧-૬-૨૬નાં અવસાન પામેલ છે. નરસીંગપુર (એમ.પી)નાં કુસુમલતા સ્વદેશકુમાર જૈનના પુત્ર. પદમાના પતિ. ધવલના પિતા. પ્રાર્થના રાખેલ નથી. નિ. પદમાબેન જૈન, એ/૯૦૨, ઇન્ટીગ્રેટેડ આઇ.આર.એસ. ટાવર-૨, સેક્ટર-૨૧, સીડકો પાર્કની સામે, ઉલવે-૪૧૦૨૦૬.

લાકડીયાના પરમાબેન ગડા (ઉં. વ. ૮૬) રવિવાર તા. ૨૧.૬.૨૬ ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. માતુશ્રી નવલબેન હિરજી કરમશી ગડાના સુપુત્ર સ્વ. ધનજી હિરજી ગડાના ધર્મપત્ની. નવિન, સ્વ. કલ્યાણજી, હિતેન્દ્ર, મુકેશ, પ.પૂ. સાધ્વી વીરરત્નાશ્રીજીના માતુશ્રી. ગામ ભચાઉના ભાવલબેન રાઘવજી કોરશી સત્રાની દિકરી. સ્વ. ગાંગજી, સ્વ. પ્રેમજીના બહેન. પ્રાર્થના સભા : તા. ૨૪.૬.૨૬, બુધવાર. પ્રાર્થના સમય : બપોરે ૩.૦૦ થી ૪.૩૦ કલાકે. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઈસ્ટ).

મોટી ખાખર હાલે સાંગલીના સુશીલા ધનજી ભેદા (ઉં. વ.૭૪) તા. ૨૨-૬-૨૬ના અવસાન પામેલ છે. પાનબાઈ રાયશીના પુત્રવધૂ. ધનજીભાઈના ધર્મપત્ની. ભાવેશ, મિતેશના માતુશ્રી. ગામ બેરાજાના ચંચળબેન છગનલાલ કેશવજી મામણીયાના સુપુત્રી. વસંતલાલ પ્રાગજી મોહન, નવીનારના દમયંતીના બેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : સુશીલા ધનજી ભેદા, આરવાડે અલ્ટિયા, કોલેજ કોર્નર, સાંગલી, પીન-૪૧૬૪૧૬.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પ્લાસવા નિવાસી હાલ સાંતાક્રુઝ હર્ષદ વલ્લભદાસ ટોલિયા (ઉં. વ. ૭૦) તા. ૨૧-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ. પૂ. મોક્ષપ્રિતીજી મ. સ. (સ્વ. મંજુલાબેન વલ્લભદાસ ટોલિયા)ના સુપુત્ર. ગં. સ્વ. લતાબેનના સહધર્મી, પ.પૂ. પ્રીતિભાઇ મહાસતીજી, સ્વ. ધીરજલાલ, જયેશભાઇ તથા નિલેશભાઇ ટોલિયાના ભાઇ. હિંમતલાલ હરિચંદ ડેલીવાલાના જમાઇ. તે કુંજન, સેજલ, રિદ્ધી અને મયંકના પિતા. પ્રાર્થનાસભા તા. ૨૫-૬-૨૬ ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. રૂતુમબરા બેન્કવેટ હોલ, ચંદન સિનેમા પાસે, જુહુ, અંધેરી (વેસ્ટ).

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

મીનેષભાઇ મૂળચંદભાઇ શાહ (ઉં. વ. ૬૪) તે કુંભારીયા પાડો, પાટણના વતની હાલ જુહુ મુંબઇ સ્વ. સ્નેહલતાબેન મૂલચંદ શાહના સુપુત્ર.સ્મૃતીબેનના પતિ. વિજેશભાઇના પિતા. વિન્નીબેન વિજેશભાઇ શાહના સસરા. સુબાલાબેન-આશીતભાઇ, રૂપલબેન રાજેશભાઇ, પલૌમીબેન કલ્પેનભાઇ શાહના ભાઇ. સ્વ. મૃદુલાબેન વીરેન્દ્રભાઇ શાહના જમાઇ. અવસાન તા. ૨૨-૬-૨૬ના થયેલ છે. પ્રાર્થનાસભા બુધવાર તા. ૨૪-૬-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. જલારામ હોલ, રોડ નં.૬, જુહુ, વિલેપાર્લે (પશ્ચિમ).

## હિન્દુ મરણ

રાજકોટ સ્વ. ચંદ્રકાંત (ચંદુભાઇ) વસંતલાલ કોટક (ઉં. વ. ૬૨) તે વસંતલાલ સુખલાલ કોટકના પુત્ર. ભાર્ગવ, ડોલી તથા પૂજાના પિતાજી. શૈલેશભાઇ, સંજયભાઇ, આરતીબેનના ભાઇ. હર્ષાબેનના પતિ. કેશવલાલ ભગવાનજીભાઇ બુદ્ધદેવ (અલીયાબાળા) ના જમાઇ. અવસાન તા. ૨૧-૬-૨૬ રવિવારના થયેલ છે. ઉઠમણું પીયર પક્ષની સાદડી તા. ૨૫-૬-૨૬ના ગુરુવારના સાંજે ૪.૩૦થી ૫.૩૦. ઠે. રાતીયા હનુમાન આમ્રપાળી સિનેમા પાછળ, રાજકોટ.

**કચ્છી લોહાણા સમાજ**

સ્વ. મુલજી શામજી આડઠક્કર (મૂળ વતન અંજાર)ના પુત્રવધૂ તથા સ્વ. જયરામભાઇ ઠક્કરના ધર્મપત્ની સ્વ. સાવિત્રીબેન જયરામભાઇ ઠક્કર (ઉં. વ. ૮૮) તા. ૨૦-૬-૨૬ના મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે વર્ષા મધુસુદન ઠક્કર, મીના મૂકેશ કોઠારી અને ઉર્વશી પ્રસન્ન ઠક્કરના પૂજ્ય માતુશ્રી. સ્વ. મુલજી શામજી સોમૈયાના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મુંબઇ ઘાટકોપર નિવાસી અ. સૌ. અનસુયાબેન રમેશચંદ્ર નાથાલાલ મણિયાર (ઉં.વ.૭૫) તા. ૨૧-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રશાંત, પ્રીતી ધર્મેશ ખત્રી, દર્શના મયુર શાહના માતુશ્રી. મુકેશભાઇ, અરવિંદાબેન, સ્વ. ચંદ્રિકાબેનના ભાભી. સ્મિતાબેનના જેઠાણી. અમી, જીનેનના ભાભુ. શશીકાંતભાઇ સુરેશભાઇ, અનિલભાઇ, પંકજભાઇ, ભૂપેન્દ્રભાઇ વીંછી, ઇન્દુમતીબેન, જયોતિબેનના બેન. પ્રાર્થનાસભા તા. ૨૫-૬-૨૬ ગુરુવારના સ્વામીનારાયણ મંદિર હોલ, ૯૦ ફીટ રોડ, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ), લૌકિક પ્રથા બંધ છે, સમય : સાંજે ૫થી ૬.

**ઘોઘારી મોઢ વણિક**

ધારૂકા નિવાસી હાલ મુંબઈ, મનસુખલાલ પરમાણંદદાસ મહેતા (ઉં. વ. ૯૨) તે સ્વ. વર્ષાબેનના પતિ. કયુર તથા હિનાના પિતા. હિરેનના સસરા. સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. રમણીકભાઇ, સ્વ. પોપટભાઈ, સ્વ. લીલાવતીબેન, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. હીરાબેન, ઉર્મિલાબેનના ભાઈ. માહી, ભવ્યના નાના. ૨૨/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

રામોદ નિવાસી હાલ વરલી, નેહાબેન નવીનચંદ્ર વખારિયા (ઉં. વ. ૬૯) તે સ્વ. નવીનચંદ્ર હેમચંદ વખારિયાના ધર્મપત્ની. કૌશલ તથા મીનલના માતુશ્રી. ગીરીશભાઈ, હીનાબેન, સ્વ. લીલાબેન ગાંધી, સ્વ. હસુબેન પારેખના ભાભી. લલીચંદ્ર જમનાદાસ ધ્રુવના દીકરી. મેહુલભાઈ શાહ તથા વૈશાલીના સાસુ ૨૧/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૫/૬/૨૬ના ૪.૩૦ થી ૬.૩૦. બોલરૂમ નં ૨, પી ૭, કિયારા બિલ્ડીંગ, લોધા પાર્ક, કમલા મિલ કમ્પાઉન્ડ પાસે, લોઅર પરેલ વેસ્ટ.

**કપોળ**

સ્વ. મુળજીભાઈ લક્ષ્મીદાસ પારેખ (અમરેલીવાળા)નાં સુપુત્રી ગં. સ્વ. વસંતબેન દુલેરાય મહેતા (ઉં. વ. ૯૮) રવિવાર, તા. ૨૧ જૂન, ૨૦૨૬ના ઋષિકેશ ખાતે શ્રીચરણ પામ્યા છે. તે સ્વ. દુલેરાય માધવજી મહેતાનાં ધર્મપત્ની. વર્ષાબેનનાં માતા. સ્વ. ઉપેન્દ્રભાઈ કૃષ્ણલાલ પારેખનાં સાસુ. વિધી અને રૂચિતનાં નાની તથા તારિશ અને પિરાશનાં પર-નાની. લૌકિક પ્રથા રાખવામાં આવેલ નથી.

**ઔદીચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ખાર પાલીહિલ મુંબઈ નિવાસી, દક્ષા જીતેન્દ્ર જોશી (ઉં. વ. ૭૧) જીતેન્દ્ર જાધવરાય જોશીના ધર્મપત્ની. સ્વ. જાધવરાય જોશી, પદમાબેન જોશીના પુત્રવધૂ. સ્વ. રેવાશંકર અને પદ્માબેનના સુપુત્રી. દુષ્યંત અને અતુલ ત્રિવેદીના બેન. તા. ૧૨-૬-૨૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ મોટી વમોટી કચ્છ, હાલ ઘાટકોપર, સ્વ. મોરારજી (શંકરભાઈ) રામજી પલણના ધર્મપત્ની ગં.સ્વ. પાર્વતીબેન (ઉં. વ. ૮૪) તા. ૨૨.૬.૨૬ના શ્રીરામશરણ પામ્યા છે. તે મનીષ, મિતેશના મમ્મી. નીપા, એકતાના સાસુ. સોનિયા, સ્વ. શિવાની, શ્રી અને શેષાના દાદીમાં. સ્વ. સીતાબાઈ જેઠાલાલ વેલજી કતીરા (ઠક્કર), ગામ મોટી ધૂફી (કચ્છ)ના દિકરી. સ્વ. પ્રાગજીભાઈ, જમનાદાસભાઈ, સ્વ. રમીલાબેન, જશોદાબેનના બહેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪.૬.૨૬ બુધવારના, ૫ થી ૭. સરનામું: પદ્માવતી બેન્કવેટ હોલ, ૫ મે માળે,એમ.જી રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ વણિક**

અમદાવાદ નિવાસી હાલ મુંબઇ સ્વ. કિરીટ રસિકલાલ ગાંધીના ધર્મપત્ની સોનલ કિરીટ ગાંધી (ઉં. વ. ૭૯) તા. ૨૦-૬-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રસિકલાલભાઇ ડી. ગાંધીના પુત્રવધૂ. સલોમીના માતુશ્રી. તે નિખીલભાઇ ગર્ગના સાસુ. તે સમાયરાના નાનીજી. તે સ્વ. શાંતાબેન તથા ધીરજલાલ ગોપાલજી શાહના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. વસંતકુમાર નારાયણજી હંસરાજ ઠક્કર (તન્ના) તથા સ્વ. ક્રિષ્નાબેન વસંતકુમાર ઠક્કર (તન્ના) ગામ કોઠારા (કચ્છ) હાલ થાણાના જયેષ્ઠ સુપુત્ર હિમાંશુ (ઉં. વ. ૬૩) તે પ્રીતી (પ્રતિમા)ના પતિ. તે ગં. સ્વ. ધનલક્ષ્મીબેન ખીમજીભાઇ કતીરા (ગામ કચ્છ માતાજીના નેત્રા)ના જમાઇ. સંજયભાઇ તથા હેતલબેન (હિના) નિતીન ગંગારામ ઠક્કર (પાંધી)ના મોટા ભાઇ. પ્રિયા સંજય ઠક્કરના જેઠજી. દેવાંશ સંજય ઠક્કરના મોટા પપ્પા. સોમવાર, તા. ૨૨-૬-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

નવમા પાનાનું ચાલુ

### ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં

૨૦૨૫-૨૬ અને વિમેન એન્ડ ચાઈલ્ડ ક્રાઈમ પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટના અહેવાલોને ટાંકતા ગૃહ ખાતાનો હવાલો સંભાળતા ફડણવીસે કહ્યું હતું કે દરાજ્યમાં ૨૦૨૪માં મહિલા વિરુદ્ધ અત્યાચારના ૪૭,૯૫૪ ગુના નોંધાયા હતા અને તે દેશમાં બીજા નંબરે સૌથી વધુ હતા.

ફડણવીસે કહ્યું હતું કે સરકારે મહિલા અને બાળકો વિરુદ્ધ અત્યાચારના ગુના રોકવા માટે કેટલાક પગલાં લીધા છે જેમાં અલગ વિમેન એન્ડ ચાઈલ્ડ ક્રાઈમ પ્રિવેન્શ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે, જેને એડિશનલ ડીજીપી રેન્કના અધિકારી સંભાળે છે.

પોલીસ કમિશનરો અને સુપરિન્ટેન્ડેન્ટના નેતૃત્વ હેઠળ અલગ વિશેષ તપાસ ટીમ ગઠિત કરવામાં આવી છે. પિડિતોને ટેકો આપવા માટે ૫૧ ભરોસા સેલ ગઠિત કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું હતું કે મહિલાઓ હેલ્પલાઈન નંબર ૧૦૩ અને ૧૦૯૧ પર અને બાળકો હેલ્પલાઈન નંબર ૧૦૯૮ પર તેમ જ ઈમરજન્સી નંબર ૧૧૨ પરથી મદદ મેળવી શકે છે. ૧૨૪ કાઉન્સેલિંગ સેન્ટર ચાલુ છે અને મનોધૈર્ય યોજના હેઠળ જાતીય સતામણી અને એસિડ હુમલાના પિડિતોને આર્થિક અને કાનૂની સહાય આપવામાં આવે છે.

### -તો હું અપક્ષ તરીકે

રહું. મને રાણા પાટીલનો એક પણ મત નથી જોઈતો. મારે ૨૦૧૯થી ૨૦૨૪ સુધીના ભંડોળની માહિતી મેળવવી જોઈતી હતી. આ કાર્યકાળમાં કોઇ સિલક બાકી નથી. સંસદ સભ્યના ભંડોળનો કાર્યકાળ પાંચ વર્ષનો છે. મારો કાર્યકાળ હજુ પૂરો થયો નથી છતાં ભંડોળ અંગે પ્રશ્નો કેમ ઊભા થાય છે?

વધુમાં ઓમરાજેએ જણાવ્યું હતું કે ન્યાય મેળવવા હું રાજકારણમાં આવ્યો. જો ન્યાય નહીં મળે તો હું શું કરીશ એ તમે જોઈ લેજો. જો ૨૦૨૯માં કોઈ બેઠક બાકી નહીં રહે તો હું અપક્ષ તરીકે ચૂંટણી લડીશ. સૂત્રોએ માહિતી આપી છે કે ઓમરાજે નિમ્બાળકરે વલણ અપનાવ્યું છે કે હું ઉદ્ધવ ઠાકરેની મુલાકાત પછી વિગતવાર વાત કરીશ. ઓમરાજેએ સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનું વલણ અપનાવ્યું હોવાથી શું તેઓ આગામી સમયમાં એકનાથ શિંદેના આદેશોની અવગણના કરીને ઝટકો આપશે કે શું એવી અટકળો વ્યક્ત થઈ રહી છે.

### ડ્રગ્સના ગુના સાથે

સભાગૃહને સંબોધતાં ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકાર ડ્રગ્સ વિરોધી યંત્રણાનું સક્ષમીકરણ કરી રહી છે અને આવા પ્રકારના સંકટોના વધી રહેલા જોખમને ધ્યાનમાં રાખીને સમર્પિત એકમોનું વિસ્તરણ કરી રહી છે.

મુખ્ય પ્રધાને એવી પણ માહિતી આપી હતી કે દેશમાં ડ્રગ્સ રેકેટના સૌથી મોટા માસ્ટરમાઈન્ડ સલીમ ડોલાને અરેસ્ટ કરીને દેશમાં લાવવામાં આવ્યો છે.

સત્તાવાળાઓ પાસે ઉપલબ્ધ માહિતી અનુસાર ડોલાએ મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, કર્ણાટક અને તેલંગણામાંમાં એમડી ડ્રગ્સના ઉત્પાદનના એકમો સ્થાપ્યા હતા અને ૪૦૦૦ કિલો સિન્થેટિક ડ્રગ્સ વેચ્યું હતું. મોટા ભાગનું નેટવર્ક હવે ખતમ કરી નાખવાનું છે અને આ ડ્રગ્સ સામેની લડાઈમાં મોટી સફળતા છે.

તેમણે કહ્યું હતું કે અત્યારે સાત ડ્રગ્સ વિરોધી એકમો સક્રિય છે અને તેમને વિકેન્દ્રીત કરીને રાજ્યમાં વિસ્તરણ કરવામાં આવશે. આને માટે વધારાનો મેનપાવર તૈયાર કરવામાં આવે છે. સરકાર ભ્રષ્ટાચાર વિરોધી અને નક્સલવાદ વિરોધી સેલમાં કામ કરવા માટે આપવામાં આવતી ઈન્સેટિવની વ્યવસ્થા ડ્રગ્સ વિરોધી કાર્યવાહી માટે પણ આપવા પર વિચાર કરી રહી છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યની ૩૦૦૦ સ્કૂલ કોલેજોમાં વિદ્યાર્થીઓને ડ્રગ્સના જોખમો વિશે જણાવવા અને તેમાંથી બહાર નીકળવા માટે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે.

### હિન્દુત્વથી દૂર જવું

પર ઊભેલી પાર્ટીએ પોતાના મૂળ છોડી દીધા. એમવીએના પ્રયોગે અમારા પતનની શરૂઆત કરી હતી.

તેમણે એમ પણ કહ્યું કે ૨૦૨૨માં એકનાથ શિંદે પાર્ટીમાં ભંગાણ બપાડીને અલગ થઈ ગયા બાદ પાર્ટીના નેતૃત્વ દ્વારા તેમની સામે મોટા આંદોલનો છેડવામાં નિષ્ફળ ગઈ હતી.

પાર્ટીના નેતા સંજય રાઉતની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે તેમણે પાર્ટીની છબીને અનેક વખત નુકસાન પહોંચાડ્યું હતું. નેતૃત્વએ નક્કી કરવું જોઈએ કે કોઈ એક નનેતાને કેટલું મહત્ત્વ આપવું જોઈએ. કેટલીક વખત રાઉત પાર્ટીને યોગ્ય રીતે સાથ આપે છે અને અન્ય વખતે તઓ પાર્ટીની છબીને નુકસાન પહોંચાડે છે. તેઓ લાંબા સમયતી જનપ્રતિનિધિ છે, પરંતુ સાંસદ માટે અપશબ્દોનો ઉપયોગ કરવો લોકશાહી માટે જોખમ છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સંજય રાઉત ક્યારેય શિવસેના (યુબીટી)ના ચૂંટાયેલા નેતાઓના ફોન ઉપાડતા નથી તો સામાન્ય લોકોની તો વાત જ ક્યાં રહી.

### 'ટિપ' આપો અને

કરવી જોઈએ જ્યાં ડ્રગ્સ વેચાય છે અથવા દાણચોરી કરવામાં આવે છે. માહિતી આપનારાઓને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે, એમ ફડણવીસે જણાવ્યું હતું. આ સાથે તેમણે ખાતરી આપી હતી કે માહિતી આપનારની ઓળખ ૧૦૦ ટકા ગુપ્ત રાખવામાં આવશે.

મુખ્ય પ્રધાને ગૃહમાં સ્પષ્ટતા કરી હતી કે માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં પરંતુ અન્ય રાજ્યોમાં પણ દરોડા પાડીને ડ્રગ્સની હેરાફેરી કરનારાઓની ધરપકડ કરવામાં આવી છે. વહીવટીતંત્રને સીધા આદેશ આપવામાં આવ્યા છે કે જ્યાં માદક દ્રવ્યોનું વેચાણ થાય છે તે તમામ અડ્ડાઓ શોધી તેને તોડી પાડવામાં આવે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે યુવાનોને આ દૂષણથી બચાવવા માટે ખાસ જનજાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

અગાઉ, વિધાનસભામાં બોલતી વખતે, શિવસેના (ઠાકરે જૂથ)ના વિધાનસભ્ય સુનિલ પ્રભુએ રાજ્યમાં ડ્રગ્સના વધતા વ્યાપ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ડ્રગ્સ વેચનારા અને તેનું સેવન કરનારા બંને સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની અને રાજ્યમાંથી ડ્રગ્સના દૂષણને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં અમલમાં મૂકવાની ગૃહમાં વિનંતી કરી હતી.

### ઠાકરેના બળવાખોર

સાથે શિંદેએ 'ઓપરેશન ટાઇગર'ની સફળતાનો પુનરોચ્ચાર કર્યો. જે સાંસદો જોડાયા છે તેમના મતવિસ્તારમાં ઝડપી વિકાસ થશે. અમે અધિકારીઓને મંગળવારે જ અમુક વિભાગો માટે ભંડોળ દરખાસ્તો સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે અને મેં કેટલાક ભંડોળ તાત્કાલિક રિલીઝ કરવા માટે સૂચનાઓ જારી કરી છે. નવા ચૂંટાયેલા સાંસદોનો પ્રાથમિક એજન્ડા તેમના મતવિસ્તારનો વિકાસ હતો, અને અમે હવે આ એજન્ડાને ગતિ આપશું. એનડીએની તાકાતમાં પણ વધારો થયો છે. શિંદેએ જણાવ્યું હતું કે આ છ સાંસદો 'ડબલ-એન્જિન' સરકારમાં જોડાયા હોવાથી હવે તેમને નોંધપાત્ર વિકાસ ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### મુંબઈ-ગોવા

ઉપરના ઢોળાવ પર આવેલા છે, રહેવાસીઓ ભૂસ્ખલનના સતત ભય હેઠળ જીવી રહ્યા છે. સ્થાનિકોએ ચિંતા વ્યક્ત કરી છે કે પર્વતનો એક મોટો ભાગ ગમે ત્યારે તૂટી શકે છે, જેના કારણે જાનહાનિનું મોટું નુકસાન થવાની સંભાવના છે. પરિણામે ગ્રામજનો વહીવટીતંત્ર તાત્કાલિક સ્થળનું નિરીક્ષણ કરે અને નિવારક પગલાં અમલમાં મૂકે તેવી માગ કરી રહ્યા છે.

### મુંબઈ-થાણે

લેન ધરાવતી હશે. પ્રોજેક્ટ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા અમલમાં મૂકવામાં આવશે. એમએમઆરડીએ દ્વારા અગાઉ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ. ૩,૦૦૦ કરોડ ઘટાડવાની યોજના બનાવવામાં આવી હતી. જોકે, ૨૨ જૂનના સરકારી નિર્ણયમાં પ્રોજેક્ટનો અંતિમ ખર્ચ રૂ. ૧૭,૦૩૬.૦૩ કરોડ નક્કી કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે ૪૦ ટકા ભંડોળ 'વાયેબીલીટી ગેપ ફંડિંગ'માંથી મંજૂર કરવામાં આવ્યું છે. આમાં, કેન્દ્ર સરકાર અને મહારાષ્ટ્ર સરકાર દરેક ૨૦ ટકા હિસ્સો ભોગવશે. જ્યારે બાકીનો ખર્ચ સંબંધિત કંપની દ્વારા અંગત રોકાણ અને લોન દ્વારા ઉઠાવવામાં આવશે.

### 'જોર કા ઝટકા'એ

જયંત પાટીલે એવી માગણી કરી હતી કે આ નિર્ણય પાછો ખેંચવામાં આવે. શિવસેના (યુબીટી)ના આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે ફક્ત સંબંધિત ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન જ જવાબ આપી શકે છે. જ્યારે કૉંગ્રેસના નીતિન રાઉતે કહ્યું હતું કે આવું પહેલાં ક્યારેય થયું નથી. આ જ મુદ્દે વિપક્ષોએ સભાત્યાગ કર્યા બાદ એકનાથ શિંદે સભાગૃહમાં આવ્યા હતા અને તેમણે કહ્યું હતું કે વિપક્ષ પાસે અર્થપૂર્ણ મુદ્દા ન હોવાથી આવા અર્થહીન મુદ્દા ઉઠાવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે ધ્યાનાકર્ષક મુદ્દે સભાગૃહમાં હાજરી આપવી અને સભ્યોને જવાબ આપવા તે સરકારની સામુહિક જવાબદારી છે. હું પોતે ગૃહમાં આવું છું અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ આવે છે અને જવાબ આપે છે, આથી જ આ અમારી સામુહિક જવાબદારી છે.

### 'ઓપરેશન ટાઇગર-વન'

આગામી તબક્કાઓનો સંકેત આપ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, 'ઓપરેશન ટાઇગર ૧'ની સફળતા બાદ, 'ઓપરેશન ટાઇગર ૨' અને '૩' હાથ ધરવામાં આવશે. દરેક મુદ્દાને વિવિધ દૃષ્ટિકોણથી જોવો જરૂરી છે. કાર્યો પૂર્ણ કરવા મહત્વપૂર્ણ છે, અને પ્રક્રિયા તે મુજબ આગળ વધી રહી છે.દરેક સિક્કાની બે બાજુ હોય છે. બધા પાસાઓ પર વિચાર કરવો જરૂરી છે. 'ઓપરેશન ટાઇગર ૧' અને '૨' થતા રહેશે. વિકાસ કાર્ય જરૂરી છે. જેઓ આ કાર્યને આગળ ધપાવવા માગે છે તેમનું સ્વાગત છે. 'મિશન ટાઇગર ૨,૩ પણ હાથ ધરવામાં આવશે, તેમણે ભારપૂર્વક જણાવ્યું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

### ઘેરાયાં છે વાદળ મંદીનાં!

# ચોમાસાનો વિલંબ અર્થતંત્ર માટે મોટી આફત

વાદળ તો ઘેરાયા છે, પણ વરસાદના નહીં, મંદીના! આપણે અલ નીનોની અસરને કારણે ઊભી થયેલી ચિંતા અને તેનાં પરિણામ દર્શાવતો એક લેખ મુંબઈ સમાચારમાં દસમી જૂને પ્રકાશિત કર્યો હતો અને મેઘને અનરાધાર વરસવાની વિનવણી કરી હતી, પરંતુ આ લખાઈ રહ્યું છે ત્યાર સુધીમાં આકાશ કોરું ધાકોર જ રહ્યું છે! મુંબઈમાં તો પીવાના પાણીની પણ ટંચાઈ થવાની આશંકા છે. આ સ્થિતિમાં ચોમાસું જો વધુ વિલંબિત થશે તો અર્થતંત્રને અને આમજનતાને કેવાં પરિણામો જોવા પડશે એ જાણીએ.



પાછલી વખતે જ જણાવ્યું હતું તેમ આજે આપણે એક તરફ ક્રૂડ ઑઇલની અછત કનડી રહી છે અને બીજી તરફ જળવર્ષાની ઓછપ ચિંતા કરાવી રહી છે. એક એવા દેશમાં જ્યાં લગભગ અડધી વસ્તી હજુ પણ સીધી કે આડકતરી રીતે કૃષિ પર આધાર રાખે છે, નૈઋત્ય ચોમાસાનું આગમન હવામાન ઘટના કરતાં ઘણું વધારે છે. તે એક આર્થિક જીવનરેખા છે.

દર વર્ષે, ચોમાસા માત્ર ખેડૂતોનું ભાવિ જ નહીં પરંતુ ફુગાવા, ગ્રામીણ માગ, ઔદ્યોગિક ઉત્પાદન, રોજગાર અને આખરે ભારતના એકંદર આર્થિક વિકાસને પણ પ્રભાવિત કરે છે. આ વર્ષે, મોડા ચોમાસાની ચિંતાએ ફરી એકવાર ભારતની વરસાદ પર સતત નિર્ભરતા પર પ્રકાશ પાડ્યો છે. જ્યારે સિંચાઈ, ટેક્નૉલૉજી અને માળખાગત સુવિધાઓમાં પ્રગતિએ પાછલા દાયકાઓની તુલનામાં નબળાઈ ઘટાડી છે ત્યારે વિલંબિત અથવા અપૂરતું ચોમાસા હજુ પણ અર્થતંત્રને ફટકો મારી શકે છે. વિલંબિત ચોમાસા અને અપૂરતા વરસાદની અસર ખેતરોથી ઘણી આગળ વધે છે અને ગ્રાહકો, વ્યવસાયો, નાણાકીય બજારો અને સરકારી નાણાં સુધી પહોંચે છે.

### ચોમાસા સાથે અર્થતંત્રનું જોડાણ

ભારત જૂન અને સપ્ટેમ્બર વચ્ચે નૈઋત્ય ચોમાસાની ઋતુ દરમિયાન તેના વાર્ષિક વરસાદના લગભગ ૭૦ ટકા વરસાદ મેળવે છે. ચોમાસું દેશના વિશાળ પ્રદેશોમાં કૃષિ પ્રવૃત્તિઓને ટેકો આપે છે અને જળાશયો, ભૂગર્ભ જળના સ્તર અને નદી પ્રણાલીઓને ફરીથી ભરે છે.

કૃષિ ભારતના જીડીપીમાં લગભગ ૧૫થી ૧૮ ટકા ફાળો આપે છે, પરંતુ તેનું મહત્ત્વ તે આંકડાથી ઘણું આગળ વધે છે. લગભગ ૪૫ ટકા કાર્યબળ ખેતી અને સંલગ્ન પ્રવૃત્તિઓ પર નિર્ભર રહે છે. સારું ચોમાસું કૃષિ ઉત્પાદનમાં વધારો કરે છે, ગ્રામીણ આવકમાં વધારો કરે છે, ગ્રાહક માલની માગને ઉત્તેજિત કરે છે અને એકંદર આર્થિક વિકાસને ટેકો આપે છે. તેનાથી વિપરીત, વિલંબિત ચોમાસું આ ચક્રને વિક્ષેપિત કરી શકે છે.

વરસાદનો સમય પણ તેના પ્રમાણ જેટલો જ મહત્ત્વપૂર્ણ હોય છે. જો મોસમી વરસાદ આખરે સામાન્ય સ્તરે પહોંચે તો પણ, વાવણીના સમયગાળા દરમિયાન વિલંબ પાક આયોજનને અસર કરી શકે છે, વાવેતર હેઠળના વાવેતર વિસ્તારને ઘટાડી શકે છે અને ઊપજને અસર કરી શકે છે. ખેડૂતો ચોખા, સોયાબીન, કપાસ, કઠોળ અને મકાઈ જેવા મુખ્ય પાકોનું વાવેતર શરૂ કરવા માટે પ્રારંભિક વરસાદ પર આધાર રાખે છે.

### કૃષિ ઉત્પાદન પર અસર

મોડા ચોમાસાનું સૌથી તાત્કાલિક પરિણામ કૃષિ કામગીરીમાં ખલેલ છે. વરસાદ મોડો આવે ત્યારે ખેડૂતો વાવણી મુલતવી રાખે છે અને કેટલાક કિસ્સાઓમાં ઓછા પાણીની જરૂર હોય તેવા પાક તરફ વળી શકે છે. આવી ગોઠવણો એકંદર ઉત્પાદકતા ઘટાડી શકે છે અને મહત્ત્વપૂર્ણ ખાદ્ય ચીજવસ્તુઓના પુરવઠાને અસર કરી શકે છે.

ચોખાની ખેતી ખાસ કરીને સંવેદનશીલ છે, કારણ કે વૃદ્ધિના પ્રારંભિક તબક્કા દરમિયાન તેને નોંધપાત્ર પાણીની જરૂર પડે છે. ડાંગરના વાવેતરમાં વિલંબ આખરે ઉત્પાદનના જથ્થાને અસર કરી શકે છે. તેવી જ રીતે, જો વાવણીના મહત્ત્વપૂર્ણ સમયગાળા દરમિયાન વરસાદ અપૂરતો રહે તો કઠોળ અને તેલીબિયાંમાં ઓછો વાવેતર વિસ્તાર જોવા મળી શકે છે.

કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થવાથી ખેડૂતોની આવક ઓછી થાય છે, ગ્રામીણ વિસ્તારોમાં ખર્ચ કરવાની શક્તિ ઓછી થાય છે અને ટ્રૅક્ટર અને ખાતરોથી લઈને મોટરસાઇકલ અને ગ્રાહક ટકાઉ વસ્તુઓ સુધીની માગ ઓછી થાય છે.

### ફુગાવોઃ સૌથી મોટો આર્થિક ખતરો

મોડા ચોમાસાથી ઉદ્‌ભવતી સૌથી મોટી ચિંતા ફુગાવો છે. ભારતમાં ખાદ્ય ફુગાવો એક સંવેદનશીલ મુદ્દો રહે છે કારણ કે ખાસ કરીને ઓછી આવક ધરાવતાં જૂથોમાં ખોરાક ઘરગથ્થુ ખર્ચનો મોટો હિસ્સો ધરાવે છે. જ્યારે પાક ઉત્પાદન પર અસર પડે છે ત્યારે શાકભાજી, અનાજ, કઠોળ અને ફળોનો પુરવઠો ઘટી શકે છે. ઘટેલો પુરવઠો ઘણીવાર ઊંચા બજાર ભાવમાં પરિણમે છે. ઓછા ઉત્પાદનની અપેક્ષા પણ સટ્ટાકીય ખરીદી અને ભાવમાં વધારો કરી શકે છે.

ખાદ્ય ફુગાવાનાં વ્યાપક પરિણામો છે. ખાદ્ય ભાવમાં વધારો ઘરગથ્થુ બજેટને અસર કરે છે, જેના કારણે ગ્રાહકો પાસે અન્ય ખરીદી માટે ઓછી નિકાલજોગ આવક રહે છે. આ રિટેલ, ઑટોમોબાઇલ, આવાસ અને સેવાઓ જેવાં ક્ષેત્રોમાં માગને નબળી બનાવી શકે છે.

વ્યાજ દરો અંગે નિર્ણય લેતી વખતે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) ફુગાવાનાં વલણોનું નજીકથી નિરીક્ષણ કરે છે. નબળી ચોમાસાની સ્થિતિને કારણે સતત ખાદ્ય ફુગાવો, કેન્દ્રીય બેંકની દર ઘટાડવાની ક્ષમતાને મર્યાદિત કરી શકે છે, જેના કારણે રોકાણ અને આર્થિક વૃદ્ધિની સંભાવનાઓ પર અસર પડે છે.

### ગ્રામીણ માગનો ઘટાડો અર્થતંત્રની ગતિ મંદ પાડે છે

છેલ્લા દાયકામાં, ગ્રામીણ ભારત ગ્રાહક માલ કંપનીઓ માટે મુખ્ય વૃદ્ધિ ચાલક તરીકે ઊભરી આવ્યું છે. પૅકેજ્ડ ખોરાક, વ્યક્તિગત સંભાળ ઉત્પાદનો, મોબાઇલ ફોન, ટુ-વ્હીલર અને ઘરગથ્થુ ઉપકરણોની માગ ગ્રામીણ ખરીદી શક્તિ પર વધુ ને વધુ આધાર રાખે છે.

વિલંબિત ચોમાસા ઘણીવાર ખેડૂત પરિવારોમાં અનિશ્ચિતતાનો ભાવ ઉત્પન્ન કરે છે. જ્યારે પાકની સંભાવનાઓ અસ્પષ્ટ બને છે ત્યારે ગ્રામીણ ગ્રાહકો વિવેકાધીન ખર્ચ મુલતવી રાખે છે. આ સાવચેતીભર્યું વર્તન વિવિધ ઉદ્યોગોને અસર કરે છે.

ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્‌સ (એફએમસીજી) કંપનીઓ ચોમાસાની પ્રગતિને સતત ટ્રૅક કરે છે, કારણ કે તે ભવિષ્યના વેચાણ પ્રદર્શનના સૂચક તરીકે કામ કરે છે. ઑટોમોબાઇલ ઉત્પાદકો, ખાસ કરીને ટુ-વ્હીલર ઉત્પાદકો, ચોમાસાની સ્થિતિને એક મહત્ત્વપૂર્ણ માગ પરિબળ તરીકે પણ જુએ છે.

નબળો ગ્રામીણ વપરાશ આર્થિક વિકાસ પર નોંધપાત્ર દબાણ બની શકે છે, ખાસ કરીને જ્યારે વૈશ્વિક માગ અનિશ્ચિત રહે છે અને એકલો શહેરી વપરાશ ગતિ જાળવી શકતો નથી. મોડું અથવા નબળું ચોમાસું ઘણીવાર સરકારોને રાહત પગલા પર ખર્ચ વધારવા દબાણ કરે છે. રાજ્ય સરકારોને દુષ્કાળ સહાય, સબસિડી આપવાની જરૂર પડી શકે છે. આશા રાખીએ કે આ લેખ પ્રકાશિત થાય ત્યાં સુધીમાં વરસાદનું સારું આગમન થઈ જાય!■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

### યુએસ-ઈરાન વાતચીતઃ

# સફળતાના પાયા સાથે છે કેટલાક પડકાર



અમેરિકા – ઈરાન વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં તાજેતરમાં થયેલી શાંતિમંત્રણાની બેઠક

**તાજેતરના** વૈશ્વિક પ્રવાહોમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની રાજદ્વારી વાટાઘાટોમાં એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક પ્રગતિ જોવા મળી છે, જેણે સમગ્ર મધ્ય પૂર્વ ક્ષેત્રમાં ચાલી રહેલા તણાવને હળવો કરવાની એક નવી આશા જગાડી છે.

જૂન ૨૦૨૬ના આ સમયગાળામાં ટ્રમ્પ વહીવટીતંત્ર અને ઈરાન વચ્ચે એક મહત્ત્વપૂર્ણ મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ એટલે કે સમજૂતીપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેણે આ વિવાદિત વિસ્તારમાં યુદ્ધવિરામનો મજબૂત પાયો નાખ્યો છે. આ કરાર હેઠળ અમેરિકાએ ઈરાની તેલના વેચાણ પર લાદવામાં આવેલા આકરા અવરોધોને કામચલાઉ ધોરણે હટાવી દીધા છે, જે બંને દેશને આગામી ૬૦ દિવસના સમયગાળા માટે વધુ ઊંડી અને સકારાત્મક વાતચીત કરવાની એક મૂલ્યવાન તક પૂરી પાડે છે. અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે.ડી. વેન્સે આ સમગ્ર વાતચીત અને પ્રક્રિયાને એક સારો પાયો ગણાવીને આવકારી છે, જે દર્શાવે છે કે બંને પક્ષ સંઘર્ષના સ્થાને શાંતિપૂર્ણ ઉકેલ તરફ આગળ વધવા માટે ગંભીર છે. જો કે, આ મોટી રાજદ્વારી સફળતાની સાથે જ ઇઝરાયલ અને લેબેનોન વચ્ચેનો વિવાદ હજુ પણ સતત ચાલુ છે, જેને પ્રાદેશિક અસ્થિરતાના મુખ્ય કારણ તરીકે જોવામાં આવી રહ્યો છે.

આ ઐતિહાસિક સમજૂતી સુધી પહોંચવાનો માર્ગ બિલકુલ સરળ નહોતો, કારણ કે આ પૂર્વે અમેરિકા અને ઈરાન વચ્ચે અત્યંત તીવ્ર અને જોખમી વાતચીત ચાલી રહી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાન પર દબાણ વધારવાની વ્યૂહરચનાના ભાગરૂપે વૈશ્વિક ઊર્જા માર્ગ ગણાતા સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં એક કડક નાકાબંધી લાદી દીધી હતી, જેના કારણે વૈશ્વિક સ્તરે તેલના પુરવઠા પર ખૂબ જ ગંભીર અને વિપરીત અસર પડી રહી હતી. આ સૈન્ય અને આર્થિક નાકાબંધીને કારણે ગમે ત્યારે મોટું યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ સર્જાયું હતું અને વૈશ્વિક બજારોમાં ગભરાટ ફેલાયો હતો. આ અત્યંત નાજુક અને કટોકટીભર્યા તબક્કે પાકિસ્તાન અને કતાર જેવા તટસ્થ મધ્યસ્થી દેશોએ ખૂબ જ સક્રિય અને પ્રશંસનીય ભૂમિકા ભજવી હતી. આ મધ્યસ્થીઓના સતત પ્રયાસોને કારણે જ બંને દેશો ટેબલ પર આવ્યા અને આખરે એક સર્વસંમત સમજૂતીપત્ર પર સહી કરવા સંમત થયા, જેમાં હોર્મુઝ સ્ટ્રેટને તાત્કાલિક અસરથી ખુલ્લો કરવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના પરિવહનને સંપૂર્ણપણે મુક્ત કરવાનું સમાવેશ કરવામાં આવ્યો હતો. વાઈસ પ્રેસિડેન્ટ વેન્સે વ્હાઈટ હાઉસની સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ કરારના કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે સીધા લશ્કરી સંઘર્ષની સ્થિતિનો અંત આવ્યો છે અને હોર્મુઝની સમુદ્રી સરહદોમાં તેલનું સુરક્ષિત પરિવહન ફરી એકવાર ધમધમતું થયું છે.

આ અગાઉ ટ્રમ્પ પ્રશાસનના આક્રમક અને ધમકીભર્યા વલણે વાતચીતમાં ઘણી અડચણો અને અનિશ્ચિતતાઓ ઊભી કરી હતી, કારણ કે અમેરિકાએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો ઈરાન કોઈ યોગ્ય કરાર પર નહીં આવે તો તેના પર વધુ આકરી લશ્કરી કે આર્થિક કાર્યવાહી કરવામાં આવશે. આ પ્રચંડ વ્યૂહાત્મક દબાણે આખરે ઈરાનને નમતું જોખવા અને ગંભીરતાપૂર્વક વાટાઘાટો તરફ આગળ વધવા માટે દબાણ કર્યું હતું. આ કરાર થતાં જ અમેરિકન નૌકાદળે ઈરાની બંદરો પરથી પોતાની નાકાબંધી હટાવી લીધી અને ડઝનથી વધુ અટકેલાં કાર્ગો જહાજોને સુરક્ષિત રીતે પસાર થવાની મંજૂરી આપી દીધી. આ હકારાત્મક પગલાના પરિણામે ઈરાન આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાના તેલનું વેચાણ પુનઃ શરૂ કરી શક્યું છે, જેના કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવોમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે અને વિશ્વ અર્થતંત્રને મોટી રાહત મળી છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, આ સમજૂતી બાદ આશરે ૧૨.૫ મિલિયન બેરલ જેટલું ક્રૂડ ઓઈલ હોર્મુઝ સ્ટ્રેટમાંથી સફળતાપૂર્વક પસાર થયું છે, જે તાજેતરના યુદ્ધ જેવા સંઘર્ષ પછીનું સૌથી ઉચ્ચતમ સ્તર ગણવામાં આવે છે.

આ આર્થિક સહયોગની પાછળ કેટલીક અત્યંત કડક સુરક્ષા શરતો પણ જોડાયેલી છે, જે અંતર્ગત ઈરાને તેના ન્યુક્લિયર કાર્યક્રમ પર મોટી પ્રતિબદ્ધતાઓ આપવી પડી છે. આ કરારની મુખ્ય શરતો મુજબ, ઈરાન તેના અત્યંત સમૃદ્ધ યુરેનિયમના જથ્થાને પાતળો કરવા માટે સંમત થયું છે, જે તેના પરમાણુ હથિયારો બનાવવાની ક્ષમતાને મર્યાદિત કરશે. આ ઉપરાંત, ઈરાને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એટલે કે આઈએઈએના ના કડક નિરીક્ષણો અને તપાસોને સ્વીકારવાનું પણ વચન આપ્યું છે. બદલામાં, અમેરિકાએ આગામી ૬૦ દિવસ માટે તેલ સંબંધિત તમામ પ્રતિબંધો શિથિલ રાખવાની ખાતરી આપી છે, જેથી સ્વિટ્ઝર્લેન્ડમાં ચાલી રહેલી ઉચ્ચ સ્તરીય બેઠકોમાં વેન્સ અને ઈરાની અધિકારીઓ ભવિષ્યની કાયમી શાંતિ માટે વધુ ચર્ચા કરી શકે. આ વૈશ્વિક પ્રગતિને સહાય અને સહયોગ આપવાનું વચન આપ્યું છે.

જો કે, આ આશાસ્પદ સફળતા અને વૈશ્વિક આવકાર છતાં, જમીની સ્તરે હજુ પણ અનેક જટિલ અને મોટા પડકારો યથાવત જોવા મળે છે, જેમાં ઇઝરાયલ આ સમગ્ર પ્રક્રિયામાં એક મુખ્ય અવરોધ અને ચિંતાના વિષય તરીકે ઊભરી આવ્યું છે. લેબેનોનમાં સક્રિય ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહ સાથે ઇઝરાયલનું સૈન્ય યુદ્ધ હજુ પણ સંપૂર્ણપણે શાંત થયું નથી અને જૂન ૨૦૨૬ના વર્તમાન મહિનામાં પણ દક્ષિણ લેબેનોનના સરહદી વિસ્તારોમાં હિંસક સંઘર્ષ સતત ચાલુ જ છે. ઇઝરાયેલી વાયુસેના દ્વારા કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલામાં અનેક સામાન્ય નાગરિકો અને લડવૈયાઓ માર્યા ગયા છે, જેના જવાબી ભાગરૂપે હિઝબુલ્લાહ દ્વારા પણ ઇઝરાયલી સરહદો પર રોકેટ હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા આ નવા કરારમાં લેબેનોન સરહદે તાત્કાલિક અને સ્થાયી યુદ્ધવિરામ સ્થાપવાની સ્પષ્ટ માંગ કરવામાં આવી છે, પરંતુ ઇઝરાયેલે સુરક્ષા ચિંતાઓનું કારણ આપીને દક્ષિણ લેબનોનમાંથી પોતાનાં સૈન્ય દળોને પાછા ખેંચવાનો સાફ ઇન્કાર કરી દીધો છે. આ વલણની આકરી ટીકા કરતા ઈરાન કહી રહ્યું છે કે ઇઝરાયલની લશ્કરી હાજરી આંતરરાષ્ટ્રીય શાંતિ કરારની મૂળ ભાવનાનું સીધું ઉલ્લંઘન છે.

આ કરારના વૈશ્વિક આર્થિક પરિણામો પણ એટલા જ દૂરોગામી અને સકારાત્મક સાબિત થઈ રહ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ મુક્ત થવાના કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં તેલનો પુરવઠો ખૂબ જ ઝડપથી સુધર્યો છે, જેણે મોંઘવારીથી પીડાતા વિશ્વને મોટી આર્થિક રાહત આપી છે. ઈરાનને આ સમજૂતીથી વૈશ્વિક સ્તરે કાયદેસર રીતે તેલ વેચવાની મોટી તક મળી છે, જે લાંબા સમયથી પ્રતિબંધોનો સામનો કરી રહેલી તેની જર્જરિત અર્થવ્યવસ્થાને નવું જીવન આપશે. અમેરિકાએ પોતાની વ્યૂહરચના મુજબ પ્રતિબંધો હટાવવાની પ્રક્રિયા શરૂ તો કરી દીધી છે, પરંતુ વાઈસ પ્રેસિડેન્ટ વેન્સે સ્પષ્ટ ચેતવણી આપી છે કે આ બધું માત્ર આગામી ૬૦ દિવસની શરતી વાટાઘાટો અને ઈરાનના વર્તન પર નિર્ભર કરે છે. જો ઈરાન પરમાણુ ક્ષેત્રે આપેલી પોતાની કોઈપણ પ્રતિબદ્ધતાનું પાલન કરવામાં નિષ્ફળ જશે, તો આ તમામ આકરા આર્થિક પ્રતિબંધો કોઈપણ વિલંબ વિના ફરીથી લાગુ કરી દેવામાં આવશે. આ નીતિને અમેરિકાની 'કાર્ય પર આધારિત ધ્યાન') ની કડક વ્યૂહરચના તરીકે જોવામાં આવે છે.

પ્રાદેશિક સ્થિરતા માટે ઈરાનનો વધતો જતો પ્રભાવ અને ઇઝરાયલની પોતાના અસ્તિત્વ વિષયક સુરક્ષા ચિંતાઓ વચ્ચે એક અત્યંત નાજુક સંતુલન જાળવવું અનિવાર્ય છે. આ સમગ્ર ઘટનાક્રમ સાબિત કરે છે કે જો સંગીન ડિપ્લોમસી અને આયોજનબદ્ધ વ્યૂહાત્મક દબાણનો યોગ્ય સમન્વય કરવામાં આવે, તો મોટામાં મોટા લશ્કરી સંઘર્ષોને પણ ટાળી શકાય છે. આગામી ૬૦ દિવસનો આ સમયગાળો મધ્ય પૂર્વમાં લાંબાગાળાની અને કાયમી શાંતિ સ્થાપવા માટે કટોકટીપૂર્ણ સાબિત થશે, પરંતુ જો ઇઝરાયલ-લેબેનોન મુદ્દાનો કોઈ ન્યાયી ઉકેલ નહીં આવે, તો આ આખી રાજદ્વારી સફળતા અધૂરી અને નિરર્થક સાબિત થઈ શકે છે. વૈશ્વિક નેતાઓએ આ અનન્ય તકનો મહત્તમ લાભ લઈને એક કાયમી અને સ્થિર ઉકેલ તરફ આગળ વધવું જોઈએ, જેથી આ ક્ષેત્ર અને સમગ્ર વિશ્વ બંનેને સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિનો લાભ મળી શકે. ■

**આ તો સ્કેમ છે...**
**સ્કેમ છે..!**

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

# ટ્રેનમાં ફળ વેચનારા તેલગીનું હજારો કરોડ રૂપિયાનું કૌભાંડ

હા, ભારતીય ઇતિહાસના સૌથી મોટા કૌભાંડની યાદીમાં મૂકી શકાય એવું છે તેલગી સ્ટેમ્પ પેપર સ્કેમ. આશ્ચર્ય, મજા અને આઘાતની વાત એ છે કે ત્રણેક દાયકા વિતી ગયા છતાં આ કૌભાંડના વ્યાપ વિશે કોઈ ખાત્રીપૂર્વક ગળું ખોખારીને કઈ જ કહી શકે એમ નથી. એમાં સગેવગે થયેલી સરકારી રકમ અંગે હજી મતભેદ છે. અલબત્ત, સત્તાવાર રીતે જ કૌભાંડની રકમ હજારો કરોડ રૂપિયાની માનવામાં આવે છે, પરંતુ વિવિધ તપાસ અહેવાલોમાં આંકડા અલગ-અલગ જોવા મળે છે. કેટલાક અંદાજો મુજબ સરકારી તિજોરીને થયેલું નુકસાન ₹૨૦,૦૦૦ કરોડથી પણ વધુ હોઈ શકે.

સ્ટેમ્પ પેપર સ્કેમના મુખ્ય સૂત્રધાર અબ્દુલ કરીમ તેલગીની મજલ ફળ વેચનારથી હજારો કરોડના કૌભાંડ સુધીની હતી. એ કેવી રીતે શક્ય બન્યું. ચલણી નોટ જેટલી જ સલામતી અને ચોકસાઈ સાથે માત્ર સરકાર દ્વારા જ છપાતા સ્ટેમ્પ પેપર બાબત કૌભાંડ કેવી રીતે આચરાયું, પાર પડાયું અને લાંબો સમય સફળતાપૂર્વક ચલાવાયું?


અબ્દુલ કરીમ તેલગી

અબ્દુલ કરીમ તેલગીનો જન્મ ૧૯૬૧ની ૨૯ જુલાઈએ બેલગામ (જેને સત્તાવાર રીતે 'બેલાગાવી' પણ કહેવાય છે)માં થયો હતો. દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યના વાયવ્ય ખૂણે આવેલું આ એક ઐતિહાસિક અને ઔદ્યોગિક શહેર છે. મહારાષ્ટ્ર અને ગોવાની સરહદની નજીક પશ્ચિમ ઘાટમાં સ્થિત આ શહેર કર્ણાટકની બીજી રાજધાની ગણાય છે.

બેલગામના ખાનાપુરમાં જન્મેલા અબ્દુલની માતાનું નામ શરીફા ગૃહિણી હતાં. પિતા લદસાબ તેલગી રેલવેમાં નોકરી કરતા હતા. પિતાના અવસાન વખતે અબ્દુલ નાની ઉંમરનો હતો. ખાનાપુરની અંગ્રેજી માધ્યમની શાળા સર્વોદય વિદ્યાલયમાં અભ્યાસનો ખર્ચ ઉઠાવવા ટ્રેનોમાં ફળ અને શાકભાજી વેચ્યા હતા. પછી બેલગામની ગોગટે કોલેજ ઑફ કોમર્સમાં અભ્યાસ કર્યો ને તેમણે ૧૯૮૪માં એમ.કોમ. પૂરુ કર્યું. પહેલી નોકરી તેઓ સાઉદી અરેબિયામાં કરી, સાતેક વર્ષ સુધી.

ભારત પરત ફરીને નકલી દસ્તાવેજો બનાવવાના ક્ષેત્રે પાપાપગલી ભરી. શરૂઆત કરી નકલી પાસપોર્ટ બનાવવાથી. મુખ્ય ધંધો હતો સઉદી અરેબિયામાં માનવબળ નિકાસ કરવાનો એટલે કે કારીગરો મોકલવાનો. આ વ્યવસાય માટે ટ્રાવેલ કંપની ખોલી. તે અનેક નકલી દસ્તાવેજો તૈયાર કરતા, જેના કારણે મજૂરોને એરપોર્ટ પર સરળતાથી પસાર થવામાં મદદ મળતી. આ પ્રથા માનવબળ નિકાસકારોની ભાષામાં 'પુશિંગ'ના નામે ઓળખાતી. આમાં ભલે કારીગરના પાસપોર્ટ પર ECR (Emigration Check Required)ની મુદ્રા હોય અથવા અન્ય એવી સમસ્યાઓ હોય જે ઇમિગ્રેશન અધિકારીઓ માટે શંકાસ્પદ બની શકે પણ તેલગીએ બનાવેલા બનાવટી પેપર્સથી મોટેભાગે વાંધો આવતો નહોતો.

આમાં સફળતા મળી પણ એમાંથી થતી આવકથી સંતોષ નહોતો. પણ આ કામિયાબીએ હિમ્મત ખૂબ વધારી દીધી. આથી અબ્દુલ કરીમ વધુ જટિલ, જોખમી પણ ભારે કમાણીની ગેરંટીવાળી નકલ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પ્રવૃત્તિ હતી સ્ટેમ્પ પેપરની નકલ બનાવવાની.

(ક્રમશઃ)■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# કોણ ચઢે... પેઢી કે કોર્પોરેટ કંપની...?

**એક તરફ ટાપટીપ, આઈડી કાર્ડ અને કૉસ્મેટિક બૉન્ડિંગ બીજી તરફ, એક જ પેઢીમાં કર્મચારી આજીવન નોકરી કરતા. શેઠ કર્મચારીઓના પરિવારને સુધ્ધાં ઓળખતા.**

અગાઉ ભારતમાં ખાનગી પેઢીમાં લોકો નોકરી કરતા. શેઠિયા સંસ્કૃતિ હતી. તેમાં ક્યાંક વેઠ હતી તો ક્યાંક અંગત ધ્યાન રખાતું. આથી લોકો નોકરીઓ બદલતા નહીં, શહેર પણ બદલતાં નહીં. વર્ષોનાં વર્ષ એક જ શહેરમાં, એક જ પેઢીમાં નોકરી કરીને જીવન પૂરું કરતા.

કદાચ કારણ એ હતું કે પગાર ભલે સ્તર પ્રમાણે વધતો-ઓછો હોય, પરંતુ નોકરી પર તલવાર લટકતી નહોતી. શેઠિયાને એક ખાનગી પેઢી જ સંભાળવાની હોય ત્યારે તેમણે મર્યાદિત કર્મચારી સંભાળવાનું રહેતું. તેથી તેમની કોઈ તકલીફ હોય તો સાંભળતા પણ ખરા. તેમને દિવાળી જેવા તહેવાર ટાણે બોણી - બોનસ આપીને તેમનો તહેવાર સાચવી લેતા. અંગત કટોકટી વખતે ઉપાડ (એક પ્રકારની લોન કે ઍડ્વાન્સ) આપી દેતા.

કૉર્પોરેટ જગત આવ્યા પછી પગાર વધ્યા, પણ વેઠ ઓર વધી ગઈ. નોકરીના સમય છ કલાકને બદલે દસથી પંદર કલાક થઈ જાય. રજા મળે ન પણ મળે તેવું થઈ ગયું. તમારો ઉપરી બોસ બદલાયા કરે અથવા તમારી નીચેના કર્મચારીઓ છ મહિનામાં જ નોકરી છોડી દે.

આવા બધામાં સંનિષ્ઠ કર્મચારી કે અધિકારીનો મરો થાય. ૨૦૦૮ની મંદી, ૨૦૨૦નો કોરોના કાળ કે અત્યારે ચાલે છે તેવો યુદ્ધ કાળ આવે ત્યારે એક ઝાટકે સેંકડો કર્મચારીઓને પિંક સ્લિપ એટલે કે ફરફરિયું પકડાવી દેવામાં આવે કે કાલથી તમારે હવે નથી આવવાનું અથવા તો કોવિડના સમયે થયું હતું તેમ સૅલેરી કટ...!






આપણે ત્યાં કૉર્પોરેટ જગતની સંસ્કૃતિ શેઠિયા સંસ્કૃતિ કરતાં જુદી છે. બૉસની ચમચાગીરી કરો, રોજ સવારે 'ગુડ મૉર્નિંગ'ના મેસેજ મોકલો, તેમની બધી વાતને વખાણો અને આમ તમે જો બૉસના ડિયર (કે ડાર્લિંગ!) બની જાઓ તો તમે ઓછું કે બરાબર કામ ન કરો તોય ચાલે, મોડા આવો કે વહેલા ચાલ્યા જાઓ તો ચાલે, જ્યારે જોઈએ ત્યારે રજા મેળવી લો...

બીજી પદ્ધતિ છે ડોળની. વચ્ચેથી ગુટલી મારી લો, પણ બૉસ જ્યારે ઑફિસમાં આવવાના હોય ત્યારે તમે 'કામ'માં વ્યસત દેખાવા જોઈએ. કામ મોડું પડે તે ચાલે, પણ તમે મોડે સુધી (ઓવરટાઇમ) કામ કરતા દેખાવા જોઈએ. જ્યારે બૉસ ટીમ સાથે ચર્ચા કરતા હોય ત્યારે કોઈ સારો અભિપ્રાય વ્યક્ત કરે પરંતુ બૉસને તે પસંદ ન હોય ત્યારે બોસની હામાં હા મેળવી દેવાની.

કૉર્પોરેટ કંપનીના સ્વામીને એટલે કે સીએમડીને કંપનીને ચાર ક્ષેત્ર એટલે કે ઝોનના મૅનેજર અથવા બહુ-બહુ તો ૪૬ મહાનગરો મૅનેજર સાથે કામ કરવાનું હોય એટલે નીચેના કર્મચારીઓની ફરિયાદ સાંભળે પણ કોણ?

કોઈ કહી શકે કે પેઢીના કેસમાં શેઠ પણ ગમે ત્યારે નોકરીએથી કાઢી મૂકતા. કોઈ સારા પગાર નહોતા. વાત સાચી છે, પરંતુ તમે જ વિચારો, પેઢીના સમયમાં અપવાદ સિવાય પરિવાર સાથે પૂરતો સમય વિતાવી શકતા. આજે પતિ-પત્ની બંને નોકરી કરતાં હોય તો સંતાનો અને એકબીજા સાથે પૂરતો સમય વિતાવી નથી શકતા. પીટીએમ (પેરન્ટ્સ ટીચર્સ મીટિંગ)માં કોણ જશે તેના મુદ્દે યુગલ વચ્ચે ઘર્ષણ થાય છે.

પેઢીમાં પુરુષો માટે કોઈ ડ્રેસ કોડ નહોતો, સિવાય કે મિલ હોય તો જુદી વાત છે. કૉર્પોરેટ કંપનીઓમાં? આઇ કાર્ડ સાથે ડ્રેસ કોડ ઇઝ મસ્ટ...

હાજરી અંગૂઠો દબાવીને કે આંખ સ્કૅન કરીને પુરાવવાની...

અને હવે તો એટલી કડકાઈ કે રૂમની બહાર કે મુખ્ય દરવાજાની બહાર જવું હોય તો પણ કાર્ડ સ્વેપ-ઘસીને જાય તો બહાર જવા મળે.

પેઢીઓમાં વિશ્વાસનું વાતાવરણ હતું. શેઠને કર્મચારી પર વિશ્વાસ હતો. કર્મચારીને પોતે હનુમાન અને શેઠ શ્રી રામ જેવા લાગતા. વળી વિશ્વાસના વાતાવરણને લીધે કર્મચારીઓ નોકરી નહોતા છોડતા. આજે કૉર્પોરેટ ઑફિસોમાં કર્મચારીઓ ટકીને રહેતા નથી એ કદાચ આજના યુગની વિષમતા છે.

તમાર દાદા-નાના હયાત હોય તો એમને જ પૂછી લઈને નક્કી કરજો કે ગઈ કાલની પેઢી સારી હતી કે આજની કૉર્પોરેટ કંપની? ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# જિંદગીની અદૃશ્ય જેલ સામે આપણી આઝાદી?

**તમારી** સામે બંગલાનો એ ભવ્ય દરવાજો સાવ ખુલ્લો છે. બહાર મખમલી રાત છે અને ઠંડો પવન તમને બોલાવી રહ્યો છે. રોકનારું કોઈ નથી, છતાં તમે ઉંબરા પાસે આવીને થીજી જાઓ છો. તમારો પગ હવામાં અધ્ધર લટકે છે, પણ તે બહાર પડવાની ના પાડી દે છે. કેવો ભયાનક અને વિચિત્ર અનુભવ!

૧૯૬૨માં સિનેમાના જાદુગર લુઈસ બુનુએલે દુનિયાની આંખમાં આંખ પરોવીને એક અરીસો ધર્યો હતો, જેનું નામ હતું 'ધ એક્સટરમિનેટિંગ એંજલ'. બંગલાનો વિશાળ અને મોંઘોદાટ હૉલ. હીરા-ઝવેરાતથી લદાયેલા અમીરોની ડિનર પાર્ટી. મોંઘો શરાબ, હસવાના ખડખડાટ અને સંગીતના ભારેખમ કોલાહલ વચ્ચે અમીરોની પાર્ટી પૂરી થાય છે. ઘડિયાળના કાંટા રાત પૂરી થવાનો સંકેત આપે છે. મહેમાનો વિખેરાવા માટે ઊભા થાય છે, દરવાજા તરફ વધે છે અને... અચાનક આખું દૃશ્ય થીજી જાય છે.


દરવાજો ખુલ્લો છે, કોઈ ચોકીદાર નથી, કોઈ તાળું નથી. છતાં, એક અદૃશ્ય અને લોખંડી દીવાલ હૉલના ઉંબરા પર ચણાઈ ગઈ છે. કોઈની તાકાત નથી કે એ ખુલ્લા દરવાજાની બહાર એક ડગલું પણ મૂકી શકે!

પછી શરૂ થાય છે નરકનું અસલી નાટક. દિવસો પર દિવસો વીતતા જાય છે. સિલ્કનાં મોંઘાં કપડાં પહેરેલા એ સુધરેલા બાબુઓના અહંકાર, સભ્યતા અને મોભો પાણીના એક-એક ટીપા માટે ઓગળવા લાગે છે. હૉલના ભવ્ય સોફા વચ્ચે ભૂખથી તડપતા કહેવાતા સભ્યસમાજના માણસોની અંદર છાનોમાનો બેઠેલો હિંસક પશુ બહાર આવી જાય છે. આ કોઈ જાદુ-ટોણાની વાર્તા નહોતી.

આ અદૃશ્ય જેલ કોઈ બહારના માણસે નહોતી બનાવી. એ તો તેમના પોતાના જ મનની અંદર વર્ષોથી ઉછરેલી સામાજિક રૂઢિઓ, કમ્ફર્ટ ઝોન અને 'લોકો શું કહેશે' એ ડરના સિમેન્ટ-કોંક્રિટથી ચણાયેલી જેલ હતી.

દસમા દિવસે હૉલના એક ખૂણેથી એક સ્ત્રીની ચીસ સંભળાય છે. તેને અચાનક ભૂતકાળની એ સાચી ક્ષણ યાદ આવે છે જ્યારે આ પાપની રમત શરૂ થઈ નહોતી. એ બૂમ પાડે છે, આપણે આપણો અહંકાર, આપણો નકલી ગુસ્સો અને આ ડરનો મહોરો ઉતારવો પડશે! આપણે બરાબર એ જ નિર્દોષ સ્થિતિમાં આવવું પડશે જેવા આપણે પહેલા દિવસે હતા. અને ચમત્કાર થાય છે. જેમ-જેમ લોકો પોતાનો અહંકાર ત્યજીને સચ્ચાઇનો સ્વીકાર કરે છે, તેમ-તેમ એ અદૃશ્ય તાળું આપોઆપ તૂટી જાય છે. તેઓ મુક્ત હવામાં શ્વાસ લે છે...

પણ ઊભા રહો, વાર્તા અહીં પૂરી નથી થતી. આ મુક્તિનો ઉત્સવ મનાવવા આખી ભીડ અને ચર્ચના પાદરીઓ સામૂહિક પ્રાર્થના માટે એક વિશાળ ચર્ચમાં ભેગા થાય છે. ઘંટનાદ થાય છે, પ્રાર્થના પૂરી થાય છે અને લોકો બહાર જવા નીકળે છે ત્યારે... ફરી એ જ સન્નાટો! ચર્ચનો દરવાજો સાવ ખુલ્લો છે, પણ કોઈ બહાર નીકળી શકતું નથી. આ વખતે માત્ર અમીરો નહીં, આખી ભીડ પોતાના જ વિચારોની જેલમાં કેદ થઈ જાય છે અને બહાર રસ્તાઓ પર ઘેંટા-બકરાંના ટોળાં બેફિકર થઈ ઘૂમવા લાગે છે. જાણે પ્રકૃતિ કહી રહી હોય કે ગુલામ તમે છો, આ અબોલ જીવો નહીં! લગભગ કોવિડયુગ જેવું આ દૃશ્ય આપણા મગજ પર હથોડા મારે છે. આપણે ૨૦૨૬ના ડિજિટલ યુગમાં જીવીએ છીએ, સોશ્યલ મીડિયાની લાઇક્સ કે કૉમેન્ટ્સ અને બેંક બૅલેન્સના આંકડાઓને આપણી સફળતા માનીએ છીએ, પણ ક્યારેય વિચાર્યું છે કે આપણી વૈચારિક આઝાદી ક્યાંક ગિરવે મુકાઈ ગઈ છે? મનોવિજ્ઞાનનો એક ખૌફનાક પ્રયોગ કહે છે કે ૭૫%થી વધુ લોકો પોતાનો સાચો વિચાર માત્ર એટલા માટે બદલી નાખે છે કારણ કે બાકીની ભીડ કંઈક અલગ વિચારે છે. આપણે એ જ વિચારીએ છીએ જે આ




સ્માર્ટફોનનું અલ્ગોરિધમ અને સમાજ આપણી પાસે વિચારાવવા માગે છે. આજે ૬૦% લોકો પોતાની જિંદગીની ખુશીઓ પોતાના દિલથી નહીં, પણ બીજાના ઑનલાઇન સ્ટેટસ જોઈને નક્કી કરે છે. આપણે એક એવી આરામદાયક જેલ બનાવી લીધી છે જ્યાં ઠંડક માટે એસી તો છે, પણ મુક્ત હવામાં શ્વાસ લેવાની આઝાદી નથી.

રશિયાના મહાન લેખક દોસ્તોયેવસ્કીએ તેમની નવલકથામાં લખ્યું હતું કે માણસને સૌથી વધુ ડર પોતાની પસંદગી અને નિર્ણય લેવાની આઝાદીથી લાગે છે, કારણ કે જ્યારે નિર્ણય તમારો હોય ત્યારે તેની નિષ્ફળતાની જવાબદારી પણ તમારી છાતી પર આવીને બેસે છે. આ જ ડરના કારણે આપણે શું ભણવું, કઈ નોકરી કરવી અને કોની સાથે લગ્ન કરવા જેવા નિર્ણયો પણ સામાજિક સ્ટેટસ અને દેખાડાના અદૃશ્ય દબાણ હેઠળ લઈએ છીએ. દરવાજો ખુલ્લો છે, પણ આપણે સલામતીના નામે બંધ રૂમમાં સડી રહ્યા છીએ.

અહંકારની આ અદૃશ્ય જેલ કંઈ આજકાલની નથી. આપણી સનાતન કથાનો એ અસુરોનો રાજા હિરણ્યકશ્યપુ યાદ કરો. એણે બ્રહ્માજી પાસેથી વરદાન માગ્યું કે ના હું માણસથી મરું ના પશુથી, ના અંદર મરું ના બહાર. એણે વરદાનના શબ્દોની એક અદૃશ્ય અને અમર જેલ પોતાની આસપાસ ચણી લીધી. એનો જ દીકરો પ્રહલાદ જ્યારે ચીસો પાડીને કહેતો હતો કે ઈશ્વર તો કણ-કણમાં છે, ત્યારે હિરણ્યકશ્યપુનો અહંકાર એ સ્વીકારવા જ તૈયાર નહોતો કે સિંહ અને માણસનું કોઈ સમન્વય હોઈ શકે! એના વિચારો એટલા જડ અને બંધિયાર હતા કે એ હૉલની બહાર નીકળી જ ન શક્યો. પરિણામ? એના પોતાના જ બનાવેલા નિયમોના હૉલમાં નરસિંહ અવતારે એની છાતી ચીરીને સર્વનાશ કર્યો.

-તો પ્રશ્ન એ છે કે, શું આપણે ખરેખર મુક્ત છીએ?


જે દિવસે આપણે સમાજના આ નકલી માપદંડો, અલ્ગોરિધમની આધુનિક ગુલામી અને મનના અસ્વીકારની અદૃશ્ય દીવાલોને તોડીને આપણા આત્માનો અસલી અવાજ સાંભળીશું એ જ દિવસે આપણી જિંદગી સાચા અર્થમાં મુક્ત બનશે, કારણ કે સાચી આઝાદી માત્ર ખુલ્લા દરવાજામાં નથી, પણ એ દરવાજાની બહાર હિંમતભેર પગ મૂકવાના અને સત્યને સ્વીકારવાના નિર્ણયમાં છે. ■

**ધ એન્ડ**

*પ્રેમ એ તો ઝેર જેવો હોય છે, એક ટીપું પણ અંદર રહી જાય તો અંતિમ સમયમાં શાંતિથી મરવા પણ દેતો નથી*
*- 'મેં વાપસ આઉંગા'*

શરદ જોશી સ્પીકિંગ_સંજય છેલ
feedback@bombaysamachar.com

# બ્લેકમની ને બિલ્ડિંગ... સોલિડ સરકારી સ્કીમ



એ વાત તમે પણ જાણો છો અને એ લોકો પણ જાણે છે, જે લોકો એમ માને છે કે અમને ખબર નથી કે ચોરીની કમાણી વિના ગગનચુંબી મોટાં બિલ્ડિંગો નથી બંધાઇ શકતા, હવે એમને શું કહેવું? આખા દેશમાં મકાનનો અડધો ભાગ ભલે વ્હાઇટ- મનીથી બનતો હોય પણ બાકીનો અડધો ભાગ તો બ્લેક-મની વગર પૂરો થતો જ નથી. ચાલો, હવે આપણે એને ભારતીય ઇકોનોમિકસની પોલિસી તરીકે ઓફિશિયલી સ્વીકારી જ લઇએ કે કાળું નાણું ઊંચાં ઘર-મકાનો બનાવવામાં વપરાય છે, જેનાથી શહેરોની ભવ્યતા વધે છે.

આ બધી કરુણ હકીકતની ચિંતા કર્યા વિના આપણે દેશની એ આદર્શ પરિસ્થિતિ વિશે વિચારીએ કે ક્યારેક તો દરેક ઝૂંપડામાં રહેવાળાને ય ઘર મળશે જ. ત્યારે ત્યાં પણ કાળું નાણું વપરાશે જ. હશે. ઇન શોર્ટ, જે મોટું મકાન બનાવે છે તે મોટી ચોરી કરે અને જે નાનું મકાન બનાવે, તે નાની ચોરી કરે. જેમ મોટું ઘર, એમ મોટો ચોર. જેમ નાનું ઘર, એમ નાનો ચોર. અમે આમાં પાછી અમે પેલી સરકારી હાઉસિંગ યોજનાઓને તો ગણતા જ નથી, કારણ કે એના માટેનાં કાળા નાણાં એ અલગ જ નાજુક વિષય છે- વળી, દરેક સરકારી યોજનામાં એના ભ્રષ્ટાચાર માટે અલગ જ બજેટ પહેલેથી ફાળવવામાં આવ્યું હોય છે.

એટલે કે આ બેઇમાનીના રાષ્ટ્રીય સિદ્ધાંત વડે દરેક ઝૂંપડાવાસી પોતાનું પાકું ઘર ત્યારે જ બનાવી શકશે, જ્યારે એ થોડીઘણી મહેનતથી થોડું કાળુંનાણું એકઠું કરી શકશે. આપણે બેઇમાનીનાં આ સિદ્ધાંતના માર્ગ પર ચાલશું તો સુંદર ઘરો બનશે ને એ બધાં નાનાં નાનાં ઘર, બેઇમાનીનાં રાષ્ટ્રીય પ્રતીક સમા બની જશે! મતલબ કે દરેક પાકું ઘર આપણા દેશનાં ચરિત્રની ડિઝાઇન ગણાશે. જો કે બેઇમાની પાછી અલગ જ ચિંતાનો વિષય છે પણ ચલો, ગમે તે રીતે ગરીબો માટે ઘરો તો બનશે. જો કે આમાં અમે આર્થિક મુદ્દાથી ભટકીને નૈતિકતા વગેરે પર વિચારવા લાગ્યા એટલે એ બધું મૂકો પડતું. અમે કેટલાક વહેવારુ આઇડિયાઓ સૂઝાડીએ, જેને માટે અમે ખૂબ ચિંતન-મનનમાં ભેજું ઉકાળ્યું છે તો એ સ્કીમ એમ છે કે- લગભગ રોજ મુંબઈ એરપોર્ટ પર, વિદેશથી આવતા-જતા લોકોના સામાન અને કપડાંની તપાસ દરમિયાન ચોરીછૂપીથી લાવેલાં સોનાનાં સિક્કા ને કિંમતી માલસામાનને લગભગ પકડવામાં આવે છે પણ એ બધાંને આપણે દેશની ઓફિશિયલ કે રેગ્યુલર ઇનકમ તરીકે જાહેર કરી શકતા નથી, કારણ કે એનાથી આ દેશની બદનામી થાય, પણ ચોરીનાં એ પૈસાની મદદથી બિચારા ઝૂંપડપટ્ટીવાળાંઓ માટે મકાનો બનાવી જ શકીએને? સ્લોગન હશે : 'સ્મગલિંગ પકડો, સરકારી મકાન બનાઓ'. મુંબઈ એરપોર્ટ પરથી જે કંઈ દાણચોરીની આવક થશે એને મુંબઈની સુંદરતા વધારવામાં ખર્ચ કરવામાં આવે. સિંપલ!

કાલે જ એક પ્રવાસીના સૂટકેસનાં નકલી તળિયામાંથી ૭ કરોડનું સોનું મળી આવ્યું. હવે વિચાર કરો, એ સોનામાંથી કંઇ કેટલાય ગરીબો માટે મકાનો બની શકેને?

આવતીકાલે ફરીથી થોડા લાખ કે કરોડ પકડાશે ને એમાંથી બીજાં નવાં મકાનો બનશે. માલ પકડાશે, મકાન બનશે..વધુ માલ પકડાશે, વધુ મકાન બનશે. પછી ધીમે-ધીમે ગરીબો માટે મકાનોનો પ્રોબ્લેમ સોલ્વ! એટલે કે બેઇમાનીનાં સિદ્ધાંતનો ઇમાનદારીથી નવા ક્ષેત્રમાં ઉપયોગ કરવાનો. આમે ય પોતાની ચોરીની કે કાળી કમાણીથી ફ્લેટ બનાવવાનું કામ તો લોકો મુંબઈમાં કરી જ રહ્યા છે તો પછી બીજાની ચોરીથી મેળવેલી કમણીથી કોઈ ત્રીજી વ્યક્તિનાં ઝૂંપડાને પાક્કા મકાનમાં બદલવાનું કામ સરકાર હાથમાં લઈ શકેને? (વળી એ જ લોજિક પ્રમાણે સીબીઆઇ. કે ઇડી. દ્વારા કોઇ બિઝનેસમેન કે ભ્રષ્ટ નેતા (એટલે કે 'વિપક્ષી નેતા' વાંચો) પર દરોડા પાડવામાં આવે તો એ કાળા-પૈસાથી કાળા ડામરનાં રસ્તા પણ બની શકે ને?)

... પણ હા, ધારો કે અમારા આવા અદ્‌ભુત આઇડિયા વડે જ્યારે પણ આવી મની-લૉન્ડરીંગમાંથી મકાન બનાવવાની સ્કીમ શરૂ થાય ત્યારે મારા માટે એક કમસેકમ ૧ મસ્ત ફ્લેટ રિઝર્વ્ડ રાખજો, હોં. દેશનાં અર્થતંત્રમાં આવા આઇડિયા સુઝાડનાર મારા જેવા બુદ્ધિજીવીઓ પ્રત્યે દેશની પણ કંઇક ફરજ તો હોય કે નહીં? ■

તસવીરની આરપાર_ભાટી એન.
feedback@bombaysamachar.com

# આન-બાન ને શાનનું પ્રતીક છે પાઘડી...

*'પાઘડીયું પચાસ, પણ આંટીયાળી એકેય નહીં,*
*મૂછડિયા બહુ મળ્યા, પણ મરદાઈવાળા એકેય નહીં.'*

ગુજરાતમાં પાઘડી પરથી ખબર પડે કે કયા સ્ટેટનાં રાજા છે? તેમજ કંઈ જ્ઞાતિનો વ્યક્તિ છે તે પણ પાઘડી પરથી ખબર પડતી. પાઘડી રક્ષણ માટે પણ છે, અગાઉ લડાઈ થતી ત્યારે ટાઈટ કસીને પાઘડી બાંધે એટલે કે તલવારનો સામાન્ય ઘા અસર ના કરે પણ આજે તો પાઘડી એક પ્રતિક કે કોઈ પ્રસંગોપાત જ જોવા મળે છે.

પાઘડીનો ગૌરવશાળી ઇતિહાસ છે અને એ ઓળખનું પ્રતિક છે. ભારતના વિવિધ રાજ્યોમાં પાઘડી, સાફો અથવા પાઘડી માત્ર માથા પર પહેરાતું વસ્ત્ર નથી, પરંતુ તે માન, મર્યાદા, શૌર્ય, સામાજિક ઓળખ અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતિક છે.

ગુજરાતમાં પાઘડીનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. રાજવી પરિવારો, ક્ષત્રિય સમાજ, રબારી, ભરવાડ, ચારણ, દરબાર, આહીર, પટેલ તેમજ અનેક સમાજોએ પોતાની આગવી પાઘડી પરંપરા વિકસાવી છે.



ગુજરાતના રાજવી દરબારોમાં પાઘડીને સન્માનનું સર્વોચ્ચ સ્થાન મળ્યું હતું. કોઈ મહાનુભાવનું સ્વાગત, રાજકીય સમાધાન, યુદ્ધમાં વિજય અથવા સામાજિક પ્રસંગે પાઘડી બાંધીને સન્માન કરવામાં આવતું.

પાઘડીનો વટ અને પાઘડીનું માન જેવા શબ્દપ્રયોગો આજે પણ ગુજરાતની લોકસંસ્કૃતિ અને પરંપરાનું પ્રતિક છે.

ગુજરાતમાં પાઘડી માત્ર વસ્ત્ર નથી. તે છેઃ સ્વાભિમાનનું પ્રતિક, સમાજની ઓળખ, રાજવી ગૌરવનું ચિન્હ, પરંપરાનો વારસો, સન્માન અને પ્રતિષ્ઠાનું પ્રતિક.

ગુજરાતી કહેવત છેઃ

*'માથું કપાય પણ પાઘડી ન ઉતરે.'*

આ કહેવત દર્શાવે છે કે ગુજરાતીઓ માટે પાઘડી માત્ર કપડું નહીં, પરંતુ માન-મર્યાદા અને સ્વાભિમાનનું જીવંત પ્રતિક છે. રાજસ્થાની સાફાથી લઈને કાઠીયાવાડી પાઘડી, રબારીની લાલ પાઘડીથી લઈને રાજવી દરબારોની ગૌરવશાળી પાઘડી સુધી, ભારતની દરેક પાઘડી પોતાની આગવી ઓળખ ધરાવે છે. પરંતુ ગુજરાતની પાઘડીમાં શૌર્ય, સંસ્કૃતિ, રાજવી ગૌરવ, લોકજીવન અને માન-મર્યાદાનો જે અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. તે તેને અનન્ય બનાવે છે.

ગુજરાતની પાઘડી માત્ર માથાનો શણગાર નથી, પરંતુ ગુજરાતની અસીમ ગૌરવગાથાનું જીવંત પ્રતિક છે.

ભારતની ભિન્ન ભિન્ન પાઘડીઓ પણ પોતાનાં રાજ્યને અનુરૂપ હોય છે, તેમનાં નામ, ડિઝાઇન, રંગ, વિશેષતા પણ ભિન્ન ભિન્ન છે. ■



# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## ઓવરટાઈમઃ વેરી ગુડ નહીં, વેરી બેડ




બાર ગાઉએ માત્ર બોલી જ ન બદલાય, સમૂળગી વિચારધારા જ બદલાઈ જાય એનો અનુભવ એક ભારતીયને દૂર દેશ નોર્વેમાં થયો. આપણે ત્યાં વર્ષો સુધી એવી માન્યતા હતી કે નોકરીના નિયત સમય કરતાં વધુ સમય કામ કરો તો બોસ રાજી થાય અને એમની અમી નજરમાં વસી જવાય. હજી પણ કેટલેક અંશે આ વૃત્તિ જોવા મળે છે. જોકે, આવી માન્યતા ધરાવતા ભારતીય કર્મચારીને ભોંઠા પડવાનો વારો આવ્યો. પોતાનો અનુભવ સોશ્યલ મીડિયા પર વ્યક્ત કરી એક યુવાને વર્ક કલ્ચર - કામની શૈલીમાં રહેલા ફરક પર પ્રકાશ ફેંક્યો છે. 'હું નોકરી કરવા નોર્વે ગયો ત્યારે મારા દિમાગમાં ઈન્ડિયન વર્ક કલ્ચરનો પ્રભાવ હતો,' યુવાને જણાવ્યું છે, 'કામની લાહ્યમાં લંચ ન લેવું, રાતે મોડે સુધી ઓફિસમાં કામ કરવું અને વીકએન્ડમાં પણ ઢસરડા કરી તબિયતની પરવા કર્યા વિના 'સુબહ ઔર શામ, કામ હી કામ'ની માળા જપતો હતો. મને એમ કે 'બોસ ખુશ હોગા શાબાશી દેગા'. પણ એક દિવસ બોસ કા બુલાવા આયા. પ્રશંસા તો દૂર રહી, મને રીતસરનો ખખડાવી કહ્યું કે 'કેમ શનિવારે મારા મેઈલનો જવાબ આપ્યો? મને કીધા વિના પ્રોજેક્ટ પૂરો કરવા હકની રજા કેમ કેન્સલ કરી? હા, તારો હેતુ સારો છે, પણ જરાય યોગ્ય નથી. રજા તો લેવી જ જોઈએ. તને આ રીતે કામ કરતો જોઈ જુનિયર્સ એવું માની બેસશે કે કંપનીમાં ટકી રહેવા અને નિષ્ઠા દેખાડવા ખૂબ પરિશ્રમ કરવો જરૂરી છે.' આ પોસ્ટ વાંચી અનેક લોકોએ ભારતની કામ કરવાની પદ્ધતિની ટીકા કરી નોર્વેના વર્ક કલ્ચરના વખાણ કર્યા.

## હું પંખી હોઉં તો...



પંખી એ સંગીત અને સ્વતંત્રતાનું પ્રતીક મનાય છે. શાળામાં 'હું પંખી હોઉં તો' નિબંધ લખતી વખતે કલમને અસંખ્ય પાંખો ફૂટતી હોય છે. એકવીસમી સદીમાં તાણમાં જીવતા મનુષ્ય માટે દવા કરતાં દુવા વધુ કામ કરે એ ભાવનાના સંદર્ભમાં પંખીના સહવાસની ભલામણ કરવામાં આવી છે.

એક વિદેશી સંશોધન અનુસાર રોજેરોજ પક્ષીના સીધા કે આડકતરા સહવાસમાં રહેવાથી હતાશામાં સરી પડેલા લોકોનો મૂડ ઠીક થાય છે અને એકંદરે લાભદાયી ઠરે છે. પંખીઓનાં ટોળેટોળાં ઉડાઉડ કરી કલરવ કરતાં હોય એવા પાર્ક કે કેનાલના વિસ્તારમાં હરવાફરવાથી માનસિક રાહત મળે છે એવું હવે ડોકટરો પણ કહે છે. આ સાથે વાતાવરણની જાળવણી કરવાની અને કુદરતી જંગલો અને હરિયાળીનો ખુરદો બોલાવી કોન્ક્રિટ જંગલ બનાવી રહેલા મનુષ્યને પ્રકૃતિનું લાલન પાલન કરવા વિશે સમજણ આપવામાં આવી છે.

યુકે, યુરોપ, યુએસ, ચીન અને ઓસ્ટ્રેલિયાના લોકોનો સમાવેશ સંશોધન માટે કરવામાં આવ્યો હતો. પંખીને જોયા પછી કે સાંભળ્યા પછી લોકોનીમાનસિક હાલત બહેતર બનીહોવાનું જાણવા મળ્યું હતું. 'બન કે પંછી ગાયે પ્યાર કા તરાના, મિલ જાએ અગર આજ કોઈ સાથી મસ્તાના, તો ઝૂમે ધરતી ઔર ઝૂમે આસમાં' એવું સાઈકલ પર સવાર નૂતન એની સહેલીઓસાથે ગુંજતી હોય છે ત્યારે એ કન્યાઓ મુક્ત પંખીઓની જેમ ઊડતી અને કલરવ કરતી લાગે છે. ચિનુ મોદીએ શમણાંને પંખીની ઉપમા આપી છે.

## જે પોષતું તે મારતું ...

ભિક્ષા અને ભીખમાં માત્ર શબ્દફેર નથી, ભાવફેર પણ છે. ભિક્ષા એક પરંપરા છે. વિદ્યાર્થી કે સંત - સંન્યાસીને ભિક્ષા આપવી પવિત્ર કર્મ ગણાય છે. ભિક્ષા આડકતરો હક ગણાયો છે. ભીખ યાચના - આજીજી છે, જે મજબૂરીમાંથી જન્મે છે. ભીખ આપવામાં ક્યારેક તુચ્છકાર પણ જોડાયો હોય છે.

હોંગકોંગની એક વેબસાઈટે આપેલી માહિતી અનુસાર માનવીય જીવન પર હાવી થઈ રહેલા 'હ્યુમેનોઇડ રોબોટ્સ' (માનવ આકારના યંત્રમાનવ રોબો) હવે મનુષ્યના ભીખ માગવાના હક પર તરાપ મારી રહ્યા છે. ચીનના બીજિંગ સહિત અન્ય કેટલાક શહેરની સડક પર માનવ આકારના રોબોટ્સ 'સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ' પંક્તિનું સ્મરણ કરાવી રહ્યા છે. આ એક એકલદોકલ ઘટના નથી, પણ ભવિષ્યના સંકેત છે એવી દલીલ પણ કરવામાં આવી છે. રોબોટ્સના ફોટોગ્રાફ વાયરલ થતાની સાથે બે પ્રકારની દલીલનો શોર સંભળાઈ રહ્યો છે. એક વર્ગનું કહેવું છે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ માનવ જીવનનો દરેક હિસ્સો છીનવી લેવાની કોશિશમાં છે, જ્યારે બીજા વર્ગનું માનવું છે કે કોઈએ આ બધું ગોઠવી ધ્યાન ખેંચવાની કોશિશ કરી છે. હકીકત જે હોય તે, લોકોએ રોબોટ્સને સરખી રીતે ગોઠવી મૂક્યા છે. કાં તો એ ઘૂંટણિયે માથું નમાવીને બેઠા છે અથવા



સદગૃહસ્થો સમક્ષ વાંકા વળી 'મારી પાસે નવો ફોન લેવા પૈસા નથી' કે પછી 'મારું લાઈટનું બિલ ભરી દ્યો' જેવી યાચના કરવામાં આવી છે. સાથે ક્યૂઆર કોડ પણ રાખ્યો છે, જેથી ઈચ્છુકો ઓનલાઈન પેમેન્ટ કરી શકે. આપણા કવિ 'કલાપી'ની પંક્તિ યાદ આવી જાય છે 'જે પોષતું તે મારતું એ ક્રમ દીસે છે કુદરતી'... ખરું ને?

## પ્રેમના પહાડ નીચે રહેતો ભાઈ



'ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના' એ સોલો સોન્ગમાં ભાઈ - બહેનના સ્નેહની સરવાણી ફૂટે છે. રાખડી બંધાવવી, વીર પસલી આપવી અને બહેનને મનગમતી ગિફ્ટ આપી એને રાજી રાજી કરી દેવામાં ભાઈને પણ આનંદ આવતો હોય છે. જોકે, આ ગીત કોરસમાં સાંભળતા બ્રિટનના રહેવાસી ચાર્લ્સ લુઈસને કેવી લાગણી થતી હશે? વાત એમ છે કે ચાર્લ્સને બે ચાર નહીં, પણ પૂરી એક ડઝન બહેન છે અને ભાઈ એક પણ નહીં. ૧૨ બહેનો વચ્ચે રહેવાના ફાયદા પણ છે અને નુકસાન સુધ્ધાં. ફાયદો એ કે બહેનોનો અઢળક પ્રેમ મળે. માણસો ઘણી વાર દુઃખના ડુંગર નીચે દબાઈ જતા હોય છે, ચાર્લ્સ તો પ્રેમના પહાડ નીચે હરખાઈને રહેતો. સારું છે કે બ્રિટનમાં બળેવને દિવસે રાખડી બાંધવાનો રિવાજ નથી, નહીંતર ચાર્લ્સના બંને હાથ પર ઘડિયાળ ગોતવી પડે એવી હાલત થાય. અલબત્ત, ચાર્લ્સ આટલી બહેનો સાથે એક ઘરમાં રહેતો ત્યારે ગરમ પાણીથી નહાવા માટે સવારે સાડા પાંચે જાગી જવું પડતું, કારણ કે એક વાર બહેનો જાગી જાય પછી તેમનો નિત્યક્રમ પૂરા થયા પછી જ ચાર્લ્સનો નંબર લાગતો. એક ખાસ નોંધવા જેવી વાત એ છે કે ચાર્લ્સના જે મિત્રો ઘરે આવતા તેમને બહેનો સાથે ડેટિંગ કરવા પર મનાઈ ચાર્લ્સે ફરમાવી હતી અને બહેનોની બહેનપણીઓને ચાર્લ્સ ડેટિંગ કરતો નહીં. હિસાબ બરાબર.

જોકે, આજે અલગ રહેતા ચાર્લ્સને બહેનોની ચીસાચીસ અને ખીલખીલાટ હસવાનું બહુ યાદ આવે છે. અને હા, જ્યારે બહેનની સલાહની જરૂર પડે ત્યારે ચાર્લ્સ પાસે એક ડઝન વિકલ્પ હોય છે. વેરી લકી, હેં ને....

## લ્યો કરો વાત

*યોગનો પ્રારંભ પતંજલિએ કર્યો હોવાથી એને 'પતંજલિ પુત્ર'ની ઉપમા મળી છે. યોગ એક સમયે સંતજન પૂરતો સીમિત હતો. આજે એ વિશ્વનું સંતાન ગણાય છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (૨૧ જૂન)ની ઉજવણી વિશાળ પાયે કરવામાં આવે છે. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં યોગ દિનની ઉજવણી વિશિષ્ટ પ્રકારે થયેલી ધ્યાનમાં આવી. એક શીંગડાવાળા ગેંડા માટે પ્રખ્યાત જલદાપડા અભયારણ્યમાં યોગસાધના પ્રાકૃતિક વાતાવરણમાં કરવામાં આવી હતી. પ. બંગાળના 'આરોગ્ય અને કૌટુંબિક કલ્યાણ' વિભાગ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં વન્ય વિભાગના અધિકારીઓ થોડા અંતરે ઊભેલા ગજરાજોની ઉપસ્થિતિમાં યોગાસન કરતા હોવાનું જોવા મળ્યું હતું. હાથીઓની હાજરીમાં લીલાછમ મેદાનમાં યોગ પ્રવૃત્તિ સ્વાસ્થ્ય, વન્ય જીવન અને પ્રકૃતિનો સુંદર સુમેળ હોવાની ભાવના વ્યક્ત થઈ હતી.* ■

# સટાક સવાલ... ફટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પાણી પુરીવાળા હડતાળ પાડે તો?**
* તો બહેનો બીમાર થઈ જાય...

**પડોશણ સાથે કેવો વ્યવહાર રાખવો?**
* એના પતિ અને તમારી પત્નીથી છૂપો રહે એવો...

**ડૉક્ટર ક્યારે બીમાર પડે?**
* ઓફફ સિઝનમાં...

**અકળામણ ગૂંગળામણ - સંકડામણ... આ બધાથી શું થાય?**
* મૂંઝવણ...

**મન હોય તો માળવે જવાય. ના હોય તો?.**
* ચૂપચાપ બેઝમેન્ટ-ભોંય તળિયે પડ્યા રહેવું...

**ગુપ્ત જાળવી ના શકાય તો?**
* સુષુપ્ત રહો, નહીંતર લુપ્ત થઈ જશો...

**દુલ્હન લૂંટેરી ક્યારે બને?**
* દુલ્હો દિલફેંક હોય ત્યારે...

**ભરોસાની ભેંસ તો ગાય?**
* ઘાસચારો હોય તે ગમાણની...

**કાળા બજાર માટે ઓન બોલાય તો ડોન ક્યારે બોલાય?**
* કાળા કામનો નિડર લીડર બને ત્યારે.

**મેનિયા અને મનીયામાં શું ફરક?**
* વ્યાધિ અને વ્યક્તિ જેટલો....

**હું શરતમાં દર વખતે હારી જાઉં છું...**
* શરત લગાવો મારી સાથે... ચોક્કસ જીતી જશો...

**જુલાબ અને ગુલાબમાં ફરક શું?**
* ગંધ-સુગંધનો !

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
feedback@bombaysamachar.com

# સાકર કડવી કેમ લાગે?



**આર્થિક** વ્યવહારની માફક દરેક વ્યવહારનાં બે પાસાં હોય છે. અંગ્રેજીમાં એક અતિ પ્રચલિત કહેવત છે કે 'Every Coin has two sides'. બહુ ગહન અર્થ ધરાવે છે એ કહેવત, પણ શબ્દાર્થ કાઢીએ તો એવો સાર નીકળે છે કે,'દરેક બાબતને બે પાસાં' હોય છે. પણ કચ્છીમાં જે ચોવક એ સંદર્ભમાં વપરાય છે એ માત્ર આર્થિક વ્યવહારનાં જ બે પાસાં દર્શાવતી હોય તેવું લાગે છે. **'પૈસા ડિનેં ટાંણેં સકર જેડા મીઠા ને ગિને ટાંણેં જેર જેડા ખારા.'**

બહુ સ્વાભાવિક છે કે આપણે કોઈ પાસેથી નાણાં ઉછીનાં લેવા જઈએ ત્યારે આપણી જરૂરિયાત આપણને ગરજવાન બનાવે છે. માગતાં જ, નાણાં ઉધાર આપનાર આપણને સાકાર જેવા મીઠા લાગે... પણ... જેટલા સમય માટે આપણે નાણાં લીધાં હોય અને મુદત વીતે છતાં તેને પાછા ન આપીએ અને આપનાર વ્યક્તિ તે અંગેની યાદ અપાવે કે ઉઘરાણી પણ કરે તો એ આપણને ઝેર જેવા કડવા લાગે! આપણે એ ભૂલી જઈએ છીએં કે તેણે ખરા સમય પર મદદ કરી છે. સમયસર નાણાં પાછાં આપવાની આપણે જોગવાઈ કરવી જરૂરી હતી!

અને એટલે જ ગુજરાતીમાં કહેવત છે કે 'પાણી પહેલાં પાળ બાંધવી'! એજ રીતે કચ્છીમાં પણ ચોવક પ્રચલિત છે કે 'પાણીનું મોર પાર બધા જે'. એટલે કે પાણી આવે તે પહેલાં જ પાળ, એટલે કે તેને અવરોધવાના ઉપાય હાથ ધરવા જોઈએ. બહુ વ્યાપક અર્થમાં વપરાય છે આ ચોવક, પરંતુ સરળ ભાવાર્થ એવો છે કે આયોજન, આગમચેતી કે સાવધાનીને ઓળખી, સમજીને સાવચેતીથી વર્તવું જોઈએ.

ચોવકોનું તો એવું છે કે ક્યાંક ગગન વિહાર કરાવે તો ક્યાંક પાતાળની સફર પણ કરાવે! એ આગ પણ વરસાવે અને મેઘ મહેરની લ્હેર પણ કરાવે! એ પથ્થર પણ વરસાવે અને કચ્છી ભાષાને સુંદર શણગારે સજાવે!

ઘણા માણસો કરકસર કરતાં-કરતાં લોભિયા થઈ જતા હોય છે. 'લોભ ને થોભ' ન હોય! કરકસરને હોય! લોભ કરતાં કરતાં કયારેક નાનું-મોટું નુકસાન પણ વેઠવું પડતું હોય છે. એવા સંજોગો માટે ચોવક કહે છે : 'પંજ ન ખરચીયેં સે પિંજી ખરચીયેં.' લોભી માણસ પાંચ રૂપિયા પણ ખરચવામાં લોભ કરે પણ એ વૃત્તિના કારણે સામટા પચીસ રૂપિયા ખરચી નાખવા પડે તેવા સંજોગો પેદા થાય છે.

એવા જ અર્થને સ્પર્શે જરૂર છે, પણ તેનાથી અલગ પડતી એક ચોવક છે : 'પાયલે જો કપા નેં પોંણી કોરી પિંજાણી.' 'પાયલો' એ કચ્છમાં ચલણનો સિક્કો હતો. 'કોરી' એ ચલણમાં પાયલા કરતાં વધારે મૂલ્ય ધરાવતું ચલણ હતું. 'પિંજાણી' એટલે 'રૂ પિંજવાનો ખર્ચ' અને 'કપા' એટલે રૂ! જે કપાસની ખરીદ કિંમત એક પાયલો જ હોય તેના પિંજામણનો ખર્ચ પોણી કોરી ચૂકવવી પડે, તો એ સરવાળે મોંઘું જ ગણાયને? ગુજરાતીમાં આપણે ઘણા પ્રસંગે બોલતા હાઈએ છીએ કે 'ઘાટ કરતાં ઘડાપણ મોંઘું'! બસ એવા જ અર્થમાં પ્રયોજાય છે આ ચોવક. સીધો અર્થ થાય છે કે મૂળ ચીજ કરતાં તેની માવજાત મોંઘી પડવી! આવા ખોટના ખેલ ન કરાય!

છલોછલ વ્યથા ભરેલી એક ચોવક છે જે એવો સંદેશ આપે છે કે જયારે બધું જ જવા બેઠું હોય એવું લાગે ત્યારે સંકેત સમજી લઈ, જેટલું કુનેહપૂર્વક બચાવી શકાય તેટલું બચાવી લેવું જોઇએ, જેથી એ આગળ ઉપર કામ લાગે! ચોવક છેઃ 'બરે ઘર મિંની કખ નિકરેં સે ખાસા' શબ્દાર્થ એવો થાય છે કે બળતા ઘરમાંથી એક સળી પણ બચે તો સાચવી લેવી, એ કામ આવે. ચોવકમાં બળતા ઘરનું ઉદાહરણ આપ્યું છે. 'કખ' એટલે સાવરણાની સાળી ! 'ખાસા' એટલે સારી. ■

## મગજ મંથન


વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# વ્યક્તિત્વને ઘડે છે પડકાર ને સંઘર્ષ...

**માનવજીવન** એ સતત શીખવાની અને ઘડતરની પ્રક્રિયા છે. દિન પ્રતિદિન આવતી મુશ્કેલી, પડકારો અને સંઘર્ષ વ્યક્તિના વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જેણે જીવનમાં ક્યારેય સંઘર્ષ કે મથામણ કરી નથી, તે ઘણીવાર પુખ્ત વયે પણ નબળું અને અપરિપક્વ વ્યક્તિત્વ ધરાવતો જોવા મળે છે. સંઘર્ષ એ જીવનનું એવું શિક્ષણ છે જે કોઈ શાળા કે વિશ્વવિદ્યાલય આપી શકતું નથી.

સંઘર્ષનો અર્થ માત્ર આર્થિક મુશ્કેલીઓ કે શારીરિક પરિશ્રમ નથી. જીવનમાં પોતાના લક્ષ્ય માટે સતત પ્રયત્ન કરવો, નિષ્ફળતાનો સામનો કરવો, પડકાર સામે ટકી રહેવું અને પરિસ્થિતિને અનુકૂળ બનાવવી... જે વ્યક્તિ આ પ્રક્રિયામાંથી પસાર થાય છે તે જીવનના અનેક પાઠ શીખે છે. તેના વિચારોમાં પરિપક્વતા આવે છે અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસે છે.

જેમને બાળપણથી જ દરેક વસ્તુ સહેલાઈથી મળી જાય છે, જેમને ક્યારેય અભાવ, મુશ્કેલી કે નિષ્ફળતાનો અનુભવ થતો નથી તે ઘણીવાર જીવનની વાસ્તવિકતાથી અજાણ રહે છે. કોઈ અચાનક પડકાર આવે ત્યારે તે ગભરાઈ જાય છે...




પ્રકૃતિ પણ આપણને આ જ પાઠ શીખવે છે. બીજ જમીનમાં દટાઈ અંધકાર અને દબાણ સહન કરે છે, ત્યાર પછી જ તે એક વૃક્ષનું રૂપ ધારણ કરે છે. વિશાળ વૃક્ષ બન્યા પછી પણ ઝંઝાવાતો તો ઝીલવાની જ છે! સોનાને અગ્નિમાં તપાવ્યા પછી જ તેની ચમક વધે છે. એવું જ કંઈક મનુષ્યનું છે.

એક વાર્તા સૌ કોઈએ કદાચ સાંભળી હશેઃ એક ખેડૂત દાદા ખેતી માટે ખેતર તૈયાર કરે ત્યારે આખેઆખું ખેતર ખેડી કાઢવાને બદલે વચ્ચે થોડા સાગના ઝાડ રહેવા દેતા. એ ઝાડની પરવરીશ તે કુદરત પર છોડી દેતા. બાકીના આખાય ખેતરના પાકનું લાલનપાલન જાતે કરતા, પણ એ ઝાડ તરફ બિલકુલ ધ્યાન આપતા નહીં. ટાઢ, તડકો, વરસાદમાં ઝાડનું જે થવાનું હોય તે થાય એવું માનતા અને જ્યારે ગાડાંનું પૈડું બનાવવા માટે લાકડાની જરૂર પડે ત્યારે એ જ ઝાડનું લાકડું વાપરતા. તે કહેતા, 'આ સૌથી મજબૂત લાકડું છે, કારણ કે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તમામ કુદરતી આપત્તિઓ સામે ટકી રહેવા માટે એણે કરેલી મથામણને લીધે જ એ મજબૂત બન્યું છે. ભારેમાં ભારે બોજ સહન કરવાની એનામાં કુદરતી તાકાત આવી ગઈ છે.'

ઇતિહાસના મહાન પુરુષોના જીવન પર નજર કરીએ તો જણાય છે કે તેમની સફળતા પાછળ કઠોર સંઘર્ષ રહેલો છે. મહાત્મા ગાંધી, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, સ્વામી વિવેકાનંદ જેવી મહાન વ્યક્તિએ જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો હતો. જો તેઓ સંઘર્ષથી ભાગ્યા હોત તો કદાચ તે બધા વિશ્વને પ્રેરણા આપી શક્યા ન હોત.

સંઘર્ષ વ્યક્તિને નમ્રતા પણ શીખવે છે. જેને જીવનમાં મુશ્કેલીઓનો અનુભવ થયો હોય તે બીજાના દુઃખને સરળતાથી સમજી શકે છે. બીજી તરફ, જે વ્યક્તિએ કયારેય સંઘર્ષ કર્યો નથી તે ઘણીવાર બીજાની સમસ્યાઓને સમજી શકતી નથી. તેના વિચારોમાં ઊંડાણનો અભાવ પણ જોવા મળે છે.

આધુનિક યુગમાં માતા-પિતા ઘણીવાર સંતાનોને દરેક પ્રકારની મુશ્કેલીઓથી દૂર રાખવાનો પ્રયાસ કરે છે. તે સંતાનોની દરેક ઇચ્છા તરત પૂરી કરી દે છે. પરિણામે બાળકોમાં સંઘર્ષ કરવાની ક્ષમતા વિકસતી નથી. જ્યારે તે જીવનના વાસ્તવિક ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે નાના-નાના પડકારો પણ તેમને અઘરા લાગે છે. આથી સંતાનોને પ્રેમ આપવાની સાથે જીવનના પડકારોનો સામનો કરવાની તક પણ આપવી જરૂરી છે.

મુશ્કેલી આવે છે ત્યારે વ્યક્તિ નવા રસ્તા શોધે છે, નવી રીતો અજમાવે છે અને પોતાની અંદર રહેલી શક્તિઓને ઓળખે છે. આ પ્રક્રિયા તેને વધુ સક્ષમ અને આત્મનિર્ભર બનાવે છે.

નિષ્કર્ષ રૂપે કહી શકાય કે જીવનમાં આવતી મુશ્કેલીઓને શાપ નહીં, પરંતુ વિકાસની તક તરીકે જોવી જોઈએ. સંઘર્ષ જ મનુષ્યને સામાન્યમાંથી અસાધારણ બનાવે છે. ■

# લખનઊ અગ્નિકાંડઃ ઈમારત તોડી પડાશે

લખનઊઃ ઉત્તર પ્રદેશના લખનઉમાં સોમવારે અલીગંજ વિસ્તારમાં એક કોચિંગ સેન્ટરમાં લાગેલી આગમાં ૧૫ લોકોનાં મોત થયા હતા અને નવ ઈજાગ્રસ્ત થયા હતા. શરૂઆતમાં આગ આકસ્મિક લાગતી હતી. હવે તેની તપાસ કરવામાં આવી રહી છે કારણ કે કમર્શિયલ ઇમારતમાં અનેક નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો જેને અધિકારીઓએ વર્ષો સુધી નજરઅંદાજ કર્યા હતા.

ઉષા મહેતા માર્ગ પર આવેલી ત્રણ માળની ઇમારતને મૂળ રહેણાંક ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી હતી પરંતુ તે એક કમર્શિયલ સેન્ટર તરીકે કાર્યરત હતી. જેમાં અનેક પ્રકારના બિઝનેસ હતા જેમ કે પેટ શોપ, વેટેરિનરી ક્લિનિક, ગેમિંગ ઝોન, એનિમેશન સેન્ટર અને આઈટી ઓફિસ આવેલા હતા.

સરકારી રેકોર્ડ અનુસાર, આ મિલકતને ૨૦૧૪માં રહેણાંક હેતુઓ માટે સેલ્ફ સર્ટિફિકેશન બિલ્ડિંગ પ્લાન સ્કીમ હેઠળ મંજૂરી મળી હતી. બાદમાં અધિકારીઓએ અધિકારીઓએ પરિસરમાં અનધિકૃત બાંધકામ શોધી કાઢ્યું હતું. બાદમાં લખનઉ વિકાસ સત્તામંડળ (એલડીએ) એ ત્યારબાદ માલિકો સામે કાર્યવાહી શરૂ કરી અને મે ૨૦૧૬માં તોડી પાડવાનો આદેશ જાહેર કર્યો હતો. બે મહિનાથી ઓછા સમય બાદ જુલાઈ ૨૦૧૬માં એ આદેશને રદ કરવામાં આવ્યો હતો, જેનાથી બિલ્ડિંગને યથાવત્ રાખવામાં આવી હતી.

બાવીસ જૂનના રોજ લાગેલી આગ બાદ એલડીએએ ફરી એકવાર તોડી પાડવાની નોટિસ જાહેર કરી છે અને એવા અધિકારીઓની તપાસ શરૂ કરી છે જેમની કથિત નિષ્ક્રિયતાને કારણે જાણીતી ઉલ્લંઘનો છતાં ઇમારત કાર્યરત રહી હતી.

પોલીસ દ્વારા દાખલ કરાયેલી એફઆઈઆરમાં જાણવા મળ્યું છે કે બિલ્ડિંગમાં ફક્ત એક જ પ્રવેશ અને બહાર નીકળવાનો રસ્તો હતો. આગ દરમિયાન ભાગી જવાનો પ્રયાસ કરી રહેલા રહેવાસીઓ માટે કોઈ ઇમર્જન્સી સીડી, બહાર નીકળવાનો અન્ય રસ્તો અથવા વૈકલ્પિક માર્ગ નહોતો. જેના કારણે આગથી બચવા માટે ઘણા લોકો નીચે કૂદી પડ્યા હતા. બચાવ કર્મચારીઓએ આખરે દીવાલો તોડીને પીડિતો સુધી પહોંચવા માટે બાજુની મિલકતોમાંથી ઇમારતમાં પ્રવેશ કરવો પડ્યો હતો.

પોલીસનો આરોપ છે કે માલિકો અને સંચાલકો પરિસરમાંથી અનેક વ્યાપારી સંસ્થાઓ ચલાવી હોવા છતાં મૂળભૂત ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ ગયા હતા. એફઆઈઆરમાં દાવો કરવામાં આવ્યો છે કે કટોકટીનો સામનો કરવા માટે કોઈ પૂરતી સિસ્ટમો નહોતી, કોઈ યોગ્ય જોગવાઈઓ નહોતી અને આગને ફેલાતી અટકાવવા માટે કોઈ સુવિધા નહોતી. બિલ્ડીંગને ફાયરનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવવાથી મુક્તિ આપવામાં આવી હતી. ■

# ભારત-અમેરિકા વેપાર કરાર માટે મંત્રણા શરૂ

નવી દિલ્હીઃ અમેરિકાની ટૅરિફ નીતિમાં ફેરફારથી આ વર્ષની શરૂઆતમાં વાટાઘાટ કરાયેલ માળખાને ઉથલાવી નાખ્યા બાદ પ્રસ્તાવિત દ્વિપક્ષી વેપાર કરારને બચાવવા અને પુનઃકેલિબ્રેટ કરવાના હેતુથી ભારત અને અમેરિકાએ મંગળવારે ઉચ્ચ સ્તરીય વેપાર વાટાઘાટો શરૂ કરી હતી.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલ અહીં અમેરિકાના વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરને મળ્યા હતા કારણ કે વોશિંગ્ટન દ્વારા વેપાર ભાગીદારો પાસેથી આયાત પર ૧૦ ટકા ટેરિફનો કામચલાઉ અમલ સમાપ્ત થવાનો છે અને બંને પક્ષ ૨૪ જુલાઈ પહેલાં વચગાળાનો વેપાર કરાર પૂર્ણ કરવાની માગ કરી રહ્યા હતા .

ગ્રીરની બે દિવસીય મુલાકાત ૧૭ જૂને ફ્રાન્સમાં જી-૭ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે એક વર્ષથી વધુ સમયમાં પ્રથમ મુલાકાત થયાના થોડા દિવસો પછી આવી છે, જેનાથી વેપાર વાટાઘાટોમાં નવી ગતિ આવી છે જેને બંને પક્ષ આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ માને છે. આ વાટાઘાટો ફેબ્રુઆરીમાં જાહેર કરાયેલા ફ્રેમવર્ક કરારને ફરીથી બનાવવા પર કેન્દ્રિત છે જે ટેરિફ પ્રતિબદ્ધતાઓની આસપાસ બનાવવામાં આવ્યો હતો જે પાછળથી ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા મોટા ટેરિફને દૂર કરવાના અમેરિકાના સુપ્રીમ કોર્ટના ચુકાદા દ્વારા અનિશ્ચિત બન્યો હતો.

વાણિજ્ય ભવનમાં યોજાનારી આ બેઠકમાં વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ અને ભારતના મુખ્ય વાટાઘાટકાર દર્પણ જૈન પણ હાજરી આપી રહ્યા છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં (૨-૪ જૂન) નવી દિલ્હીમાં યોજાયેલી મુખ્ય વાટાઘાટકાર-સ્તરની ચર્ચાઓ પછી આ બેઠક યોજાઈ રહી છે. ■

# પાકિસ્તાન પોતાના પાપ પર ઢાંકપિછોડો કરવા યુદ્ધની પોકળ ધમકીઓ આપે છેઃ ભારત

## સિંધુ જળ સંધિ મામલે લડાઇની પાકિસ્તાને ધમકી આપી હતી

નવી દિલ્હીઃ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ તરફથી ભારતને યુદ્ધની ધમકી આપવા અને સિંધુ જળ સંધિના ઉલ્લંઘનના નિવેદન પર ભારતે કડક વલણ અપનાવ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે પાકિસ્તાન પોતાની નિષ્ફળતાઓ છૂપાવવા અને માનવાધિકાર ઉલ્લંઘનો પરથી ધ્યાન હટાવવા માટે આવા નિવેદનો આપે છે. તેમણે જણાવ્યું હતું કે ભારત આ નકલી દાવાઓને સખત રીતે ફગાવી દે છે. તેમણે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને પાકિસ્તાન સરકારની ખોટી નીતિઓ તરફ વિશ્વનું ધ્યાન દોર્યું હતું.

રણધીર જયસ્વાલે કહ્યું હતું કે, પાકિસ્તાનના ગેરકાયદે કબજા હેઠળના પ્રદેશોમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન દાયકાઓથી ચાલતી સરકારી નીતિઓનું પરિણામ છે. આ નીતિઓમાં આર્થિક શોષણ, મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન અને વહીવટીતંત્ર દ્વારા નાગરિકો પર દમનનો સમાવેશ થાય છે. જવાબમાં પાકિસ્તાન સરકારે પોલીસ બર્બરતાનો આશરો લીધો છે, આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓનો પુરવઠો રોક્યો છે, ઇન્ટરનેટ બંધ કર્યું છે અને નિઃશસ્ત્ર નાગરિકો પર ઘાતક હુમલાઓનો આશરો લીધો છે. ભારતે શુક્રવારે સિંધુ જળ સંધિ પર પોતાના વલણનો ફરીથી ઉલ્લેખ કરતા સ્પષ્ટતા કરી કે જ્યાં સુધી પાકિસ્તાન સંપૂર્ણપણે અને વિશ્વસનીય રીતે સરહદ પાર આતંકવાદ બંધ ન કરે ત્યાં સુધી આ સંધિ સ્થગિત રહેશે. નોંધનીય છે કે એક ઈન્ટરવ્યૂમાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે જણાવ્યું હતું કે જો પાકિસ્તાનને લાગે કે તેની જળ સુરક્ષા જોખમમાં છે તો તે ભારત સામે લશ્કરી કાર્યવાહી કરવાથી અચકાશે નહીં. પાકિસ્તાની ન્યૂઝ ચેનલ સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે, પાણી પાકિસ્તાનની રાષ્ટ્રીય સુરક્ષાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જો ભારત સિંધુ નદીના પ્રવાહને રોકવાનો પ્રયાસ કરશે, તો તેને ગંભીર ખતરા તરીકે જોવામાં આવશે. અમે ભારત સામે યુદ્ધ કરવામાં અચકાઈશું નહીં. ■

# સેબી બાદ રાજેશ એક્સપોર્ટ્સ સામે ઈડીની કાર્યવાહીઃ મુંબઈ અને બેંગલૂરુમાં પાડ્યા દરોડા

નવી દિલ્હીઃ સોનાની નિકાસ કરતી કંપની રાજેશ એક્સપોર્ટ્સ પર બજાર નિયમનકાર સેબીએ આરોપ લગાવ્યો હતો કે રાજેશ એક્સપોર્ટ્સે ૧૫.૧૫ લાખ કરોડ રૂપિયાની નિકાસ ખોટી રીતે બતાવી છે જે તેની કુલ નિકાસના ૯૯ ટકા છે. ત્યારબાદ સેબીએ કંપની અને તેના પ્રમોટર રાજેશ મહેતા વિરુદ્ધ વચગાળાનો આદેશ જાહેર કર્યો, જેમાં તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને કંપનીના શેરની ખરીદી અને વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી)એ કંપની વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે. બેંગલુરુમાં હેડક્વાર્ટર્સ ધરાવતી કંપની પર ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે કંપની સાથે જોડાયેલા બેંગલૂરુ અને મુંબઈના સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

સેબીના વચગાળાના આદેશ મુજબ, રાજેશ એક્સપોર્ટ્સ લિમિટેડે કથિત રીતે પાંચ વર્ષમાં પોતાની કુલ આવકને ૧૫ લાખ કરોડથી વધુનો વધારો બતાવ્યો હતો. કંપનીની આ આવક મુખ્ય રીતે પોતાની વિદેશી પેટાકંપનીઓ ખાસ કરીને સ્વિટ્ઝર્લૅન્ડ સ્થિત વેલકેમ્બી એસએને આવકનો મુખ્ય સ્ત્રોત ગણાવ્યો હતો. જ્યારે તે પેટાકંપનીના ઓડિટેડ સ્ટેન્ડઅલોન નાણાકીય નિવેદનોમાં તે રકમ ખૂબ ઓછી બતાવવામાં આવી હતી. સેબીના વચગાળાના આદેશ મુજબ, નિયમનકારે કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાજેશ મહેતાને રાજેશ એક્સપોર્ટ્સની સિક્યોરિટીઝ ખરીદવા, વેચવા અથવા વ્યવહાર કરવાથી સીધા કે આડકતરી રીતે, આગામી આદેશો સુધી પ્રતિબંધિત કર્યા છે. જોકે રાજેશ એક્સપોર્ટ્સે કોઈપણ પ્રકારની નાણાકીય ગેરરીતિઓનો ઇનકાર કર્યો છે અને કહ્યું છે કે તેની બતાવવામાં આવેલી આવક સાચી હતી અને બજાર નિયમનકાર અને પેઢી વચ્ચે કોમ્યુનિકેશન ગેપ રહી ગયો હતો. ■

# દરેક ફાઈલ અગણિત લોકોની આકાંક્ષા અને જીવનનું પ્રતિનિધિત્વ કરે છેઃ મોદી

નવી દિલ્હીઃ દરેક ફાઈલ અગણિત નાગરિકના આંકાક્ષા, ચિંતા અને જીવનનું પ્રતિનિતિત્વ કરે છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાન સનદી અધિકારીઓને મગળવારે સંબોધતા કહ્યું હતું. તેમણે આઈએએસ અધિકારીઓને લોકોને કેન્દ્રમાં રાખીને નિર્ણય લેવાનો અને વહીવટ સહાનુભૂતિવળો, સમાવેશક તથા જવાબી હોવાની તકેદારી લેવાનું કહ્યું હતું.

આઈએએસ-૨૦૨૪ના ૧૮૩ ઑફિસ તાલીમાર્થી સાથે સંવાદ કર્યો હતો જેઓ વિવિધ મંત્રાલય અને ખાતા સાથે આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે સંકળાયેલા હતા. મોદીએ કહ્યું હતું કે ટાવરમાં બેસીને વિકાસના પડકારો ઉકેલી ન શકાય અને અર્થપૂર્ણ અને કાયમી ઉકેલ શોધવા સંકલન જરૂરી છે. મોદીએ યુવાન સનદી અધિકારીઓને કહ્યું હતું કે તમારે હેતુ, ઈનોવેશન અને નાગરિકને કેન્દ્રમાં મૂકીને કરાતા વહીવટની ભાવના સાથે દેશનું ઘડતર કરવું જોઈએ. તેમણે અધિકારીઓને દરેક વહીવટી ફાઈલ પાછળના માનવ પ્રભાવ હંમેશાં યાદ રાખવા કહ્યું હતું.

તેમણે 'નાગરિક દેવો ભવ' મંત્ર પર ભાર મૂકતા યુવાન અધિકારીઓને દરેક નિર્ણયના મધ્યમાં નાગરિકને મૂકવાનું કહ્યું હતું. તેમણે વહીવટ સમાવેશક, જવાબી અને સહાનુભૂતિ સાથે કરવાનો અનુરોધ કર્યો હતો.

મોદીએ વધુમાં કહ્યું હતું કે બે વર્ષના વહીવટી ક્ષિક્ષણ અને ક્ષેત્રમાં ફિલ્ડ અનુભવ પછી અધિકારીઓ મહત્ત્વના તબક્કે પહોંચ્યા છે અને તેમના નિર્ણયો તેમની કારકિર્દી નહીં પરંતુ કરોડો નાગરિકોનું ભવિષ્ય ઘડશે. (એજન્સી)■

# જેલમાંના બૉયફ્રેન્ડ સાથે લગ્નની માગ સાથે તરુણી મોબાઈલ ટાવર પર ચઢી ગઈ

બોકારો (ઝારખંડ): અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઝારખંડ પોલીસે મંગળવારે બોકારો જિલ્લામાં ૧૦૦ ફૂટ ઊંચા મોબાઇલ ટાવર પર ચઢી ગયેલી ૧૭ વર્ષની છોકરીને બચાવી હતી, જેમાં તેણે તેના બાવીસ વર્ષીય બોયફ્રેન્ડને જેલમાંથી મુક્ત કરવા અને તેની સાથે લગ્ન કરાવવાની માગણી કરી હતી.

ગોમિયા પોલીસ સ્ટેશન વિસ્તારના ઘેંઘે ગામમાં સ્થિત ટાવર પર ચઢી ગયેલી છોકરીને ઊતરવા પાંચ કલાક સુધી બચાવ કામગીરી ચાલી હતી.

બર્મોના એસડીપીઓ રવિન્દ્ર કુમાર સિંહે જણાવ્યું હતું કે અમે છોકરીનું કાઉન્સેલિંગ કર્યું હતું અને તેની માગણીઓ પર ધ્યાન આપવામાં આવશે તેવી ખાતરી આપ્યા પછી સુરક્ષિત રીતે બચાવી હતી. તે સવારે ૧૦ વાગ્યાની આસપાસ ટાવર પર ચઢી ગઈ હતી અને બપોરે ૩ વાગ્યાની આસપાસ બચાવી લેવામાં આવી હતી. તેને તાત્કાલિક તેનુઘાટની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

છોકરીએ માગ કરી હતી કે તેના બોયફ્રેન્ડને છોડી દેવામાં આવે અને તેના લગ્ન તેની સાથે ગોઠવવામાં આવે.

એસડીપીઓએ જણાવ્યું હતું કે, આ પુરુષની થોડા દિવસ પહેલા તેનું અપહરણ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી અને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેને અદાલતી કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.

છોકરીની માતાએ ૧૮ જૂને ફરિયાદ નોંધાવી હતી, જેમાં તે પુરુષ પર તેની પુત્રીનું અપહરણ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ, આ બંને રાંચીના સુખદેવ નગર વિસ્તારમાંથી મળી આવ્યા હતા અને છોકરીને બચાવી લેવામાં આવી હતી અને આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. રાંચીનો રહેવાસી આ પુરુષ હાલમાં તેનુઘાટ જેલમાં બંધ છે. ■

# કંપની વેચાઈ અને તેના કર્મચારીઓ બન્યા કરોડોપતિ

ન્યૂ યોર્કઃ અમેરિકાના એક નાના નગરમાંની ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટ કંપની ૧.૭ અબજ ડૉલરમાં વેચાઇ અને તેના પૂર્ણ-સમયના ૫૪૦ કર્મચારીને કુલ ૨૪ કરોડ ડૉલર એટલે કે દરેક કર્મચારીને સરેરાશ આશરે ૪,૪૩,૦૦૦ ડૉલર (એટલે કે અંદાજે રૂપિયા ૪,૨૦,૮૫,૦૦૦) મળ્યા. લુઇસિયાનાની કંપની ફાઇબરબૉન્ડ વૉકર પરિવાર દ્વારા છેલ્લાં ૪૩ વર્ષથી ચલાવાતી હતી અને તે ઇલેક્ટ્રિકલ ઇક્વિપમેન્ટ બનાવતી હતી.

ફાઇબરબૉન્ડ કંપની પાવર-મેનેજમેન્ટ (ઊર્જા ક્ષેત્ર)ની અગ્રણી કંપની ઇટનને ગયા વર્ષની શરૂઆતમાં વેચાઇ હતી. વેચાણ વખતે મૂળ માલિક (ભૂતપૂર્વ સીઇઓ) ગ્રેહેમ વૉકરે એક મુખ્ય શરત રાખી હતી કે મારી કંપનીના કર્મચારીઓ પાસે કંપનીનો એક પણ શૅર નથી, પરંતુ કંપનીના વેચાણની ૧૫ ટકા રકમ તેઓને મળવી જ જોઇએ.

ફેક્ટરીના કર્મચારીઓ વેચાણ-કરારમાંની ૧૨ શબ્દની આ કલમને લીધે કરોડોપતિ બની ગયા છે.

કંપનીના મૂળ કર્મચારીઓને આ જૂનમાં બૉનસ આપવાનું શરૂ કરાયું હતું અને તેઓએ કંપનીના વેચાણમાંથી મળનારી પૂરી રકમ મેળવવા પાંચ વર્ષ કામ પર રહેવું પડશે. (એજન્સી)■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RASCAL | ફળ |
| RASH | અવિચારીપણે |
| RASHLY | કાનસ |
| RASP | ફોલ્લી |
| RASPBERRY | હરામખોર |

## માતૃભાષાની મહેક

પહેરીએ ગામને ગમતું ને ખાઈએ મનને ગમતું. આ સામાજિક કહેવતમાં ડહાપણ કરતાં વધુ વ્યવહારુ બુદ્ધિનું દર્શન થાય છે. પહેરવા ને ઓઢવામાં લોકરીત અનુસાર રહી બહાર નીકળવાનું, પણ ખાવામાં મોજ રાખવી. આ કહેવત ખાઈએ પીએ જીવને ગમતું ને વેવાર ચલાવીએ સ્વરૂપમાં ગામને ગમતોમાં સમાજના નિયમોને અનુસરવાની સલાહ આપવામાં આવી છે.

## ગુજરાત મોરી મોરી રે

'કેટલાક ભણેલા હોવા છતાં કપટ કરતા હોય' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

પાવડી બૂરી ગણે પગમાં ભણે છુરી દાનત ને હાથમાં

## ઈર્શાદ

*તારે ઝરૂખે વ્યોમ થઈ વેરાયો છું હવે*
*વરસાદી કો'ક સાંજે તું મલ્હારજે મને*

*- ભગવતીકુમાર શર્મા*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | ■ | ■ | |
| | ■ | | ■ | ■ | | ■ | ૯ | ■ | |
| ૧૦ | | | ■ | ૧૧ | ■ | ૧૨ | | ૧૩ | ■ |
| | ■ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | | | ■ | ■ | ૨૦ |
| ■ | ૨૧ | | | ■ | | ■ | ૨૨ | | |
| ૨૩ | ■ | | ■ | ૨૪ | ■ | | | ■ | |
| | ■ | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. સુરક્ષિતતા (૪)
૪. પહોંચેલું, પાકું (૫)
૭. બંદગી (૩)
૮. જુવાળ (૩)
૧૦. દેવાળિયો (૩)
૧૨. સમુદાય, સમૂહ (૩)
૧૪. આદર, મહત્તા (૩)
૧૬. નવું (૨)
૧૭. દુષ્કૃત્ય (૨)
૧૯. --- તેવી ભરણી (૩)
૨૧. કમળ (૩)
૨૨. તૃપ્તી, સંતોષ (૩)
૨૫. પાછું (૩)
૨૬. કાયદાને લગતું (૩) (જો.છૂ.)
૨૮. અદબ, વિવેક (૫)
૨૯. ભારત વર્ષનું (૪)


### ઊભી ચાવી

૧. તરખાટ, સ્તબ્ધતાની વ્યાપક અસર (૫)
૨. રૂપાળી યુવાન સ્ત્રી (૨)
૩. નિરુપાય, લાચાર (૪)
૪. ટંડેલ (૩)
૫. આ પ્રમાણે (૨)
૬. યોગ્ય, ઉચિત (૩)
૯. પ્રમાણિકતા (૩)
૧૧. ફેર, તફાવત (૩)
૧૩. તારું (૨)
૧૫. બેડોળ (૩)
૧૭. સોબતની અસર (૨)
૧૮. મહેમાન (૩)
૨૦. જેનું વર્ણન ન થઈ શકે તેવું (૫)
૨૨. હૃદયનો કંપ (૪)
૨૩. પ્રતાપ, યશ (૩)
૨૪. સંપત્તિ (૩)
૨૫. --- ન રહે તે હાર્યા રહે (૨)
૨૭. સ્તુતિ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ શ | ૩ હૂ | ર | | | ૪ હું | સા | ૫ તું | ૬ શી |
| ૭ મ | હે | ર | | ૮ આ | | પ | | ૯ ગ | લ |
| ૧૦ તી | ન | | ૧૧ ખુ | શ | | ૧૨ દ | ર | ભ | |
| | ૧૩ શા | ર | દા | | ૧૪ આં | | | ૧૫ દ્રા | ૧૬ ક્ષ |
| ૧૭ વે | હ | | | | ૧૮ સુ | ઘ | ડ | | મ |
| રા | | ૨૦ અ | ક્ષ | ૨૧ ત | | | | ૨૨ મ | તા |
| ૨૩ ગી | ૨૪ ત | | | ખ્ત | | ૨૫ સ | ત્ક | ર્મ | |
| | ૨૬ ર | જ | ૨૭ ક | | ૨૮ બા | ળ | | ૨૯ વ | ૩૦ રો |
| ૩૧ સુ | ત | | દ | | જ | | ૩૨ વા | ચ | ન |
| ૩૩ ધા | મ | ધૂ | મ | | | ૩૪ અ | ચા | ન | ક |

## ઓળખાણ પડી?



ગુજરાતીમાં જળબિલાડી તરીકે ઓળખાતા અને અનેક દેશમાં જોવા મળતા રમતિયાળ સસ્તન દરિયાઈ પ્રાણીની ઓળખાણ પડી?

અ) Seal
બ) Walrus
ક) Otter
ડ) Dolphin

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'કેમ કરીને આ ભીડ ભાંગશે' વાક્યમાં ભીડ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ભરોસો  બ) સડક  ક) કાંકરી  ડ) મુશ્કેલી

## માઈન્ડ ગેમ

હાલ યુએસ, કેનેડા અને મેક્સિકોમાં ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ ચાલી રહ્યો છે. આ દેશમાં સહભાગી થયેલા સૌથી નાના વિસ્તારના દેશનું નામ કહો.

અ) આઈસલેન્ડ  બ) સુરિનામ  ક) જમૈકા  ડ) ક્યુરેસો

## સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૮ | ૧ | | ૯ | | | |
| | ૧ | | ૬ | ૫ | | | | ૮ |
| ૯ | | | | | ૭ | | | ૩ |
| | ૩ | | | | | | | ૬ |
| | | ૯ | | | | ૭ | | |
| ૪ | | | | | | | ૧ | |
| ૭ | | | ૨ | | | | | ૯ |
| ૬ | | | | ૮ | ૧ | | ૭ | |
| | | | ૪ | | ૩ | ૨ | ૬ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૧ | ૫ | ૮ | ૬ | ૭ | ૯ | ૨ |
| ૬ | ૭ | ૯ | ૩ | ૪ | ૨ | ૮ | ૧ | ૫ |
| ૫ | ૨ | ૮ | ૯ | ૭ | ૧ | ૪ | ૩ | ૬ |
| ૮ | ૪ | ૨ | ૭ | ૧ | ૯ | ૬ | ૫ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૫ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૯ | ૧ | ૫ | ૮ | ૬ | ૩ | ૨ | ૭ | ૪ |
| ૧ | ૫ | ૪ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૭ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૩ | ૭ | ૫ | ૪ | ૮ |
| ૭ | ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૧ | ૬ | ૯ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RAP | ટકોરો |
| RAPE | બળાત્કાર |
| RAPID | ઉતાવળું |
| RAPPORT | એકરાગ |
| RAPT | લીન |

**ગુજરાત મોરી મોરી રેઃ**
આપ સમાન બળ નહીં મેઘ સમાન જળ નહીં

**ઓળખાણ પડી?**
કોઆલા

**માઈન્ડ ગેમ :**
આર્જેન્ટિના

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
આગ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા




# ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં મહિલા અત્યાચારના ૪૭,૯૫૪ ગુના નોંધાયાઃ દેશમાં બીજા નંબરે સૌથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૨૦૨૪માં ૪૭,૯૫૪ મહિલા અત્યાચારના ગુના નોંધાયા હોવાની માહિતી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિધાનસભામાં મંગળવારે આપી હતી. અહીં ઉલ્લેખનીય છે કે આ સંખ્યા દેશમાં બીજા નંબરે સૌથી વધુ હતી. ફડણવીસે લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ૨૦૨૫માં ૮,૬૪૩ બળાત્કારના ગુના નોંધાયા હતા, જે અગાઉના વર્ષ કરતાં ૭૦૩ વધુ હતા. જ્યારે બાળકો વિરુદ્ધના ગુનામાં ૪૮૨નો વધારો નોંધાયો છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (એનસીઆરબી), આર્થિક સર્વેક્ષણ

(જુઓ પાનું ૪) ▶▶

## ડ્રગ્સના ગુના સાથે સંકળાયેલા પોલીસોને બરતરફ કર્યાઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડ્રગ્સના ગુના સાથે સંકળાયેલા પોલીસોને સસ્પેન્ડ નહીં, બરતરફ કરવામાં આવ્યા છે, એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારપુર્વક કહ્યું હતું કે સરકારે ડ્રગ્સના દૂષણ પર પોતાની કાર્યવાહી તેજ કરી દીધી છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન

(જુઓ પાનું ૪) ▶▶

### ‘ટિપ’ આપો અને ઈનામ જીતો!

મુંબઈઃ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભામાં આ અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. સરકાર ડ્રગ માફિયાઓના દૂષણને નાબૂદ કરવા અને ડ્રગ્સના સામ્રાજ્યને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. નાગરિકોએ પણ આ લડાઈમાં આગળ આવવું જોઈએ, તેમણે પોલીસને તે સ્થળો વિશે જાણ

(જુઓ પાનું ૪) ▶▶

# હિન્દુત્વથી દૂર જવું અને ૨૦૧૯નો એમવીએ પ્રયોગ સેના (યુબીટી)ના ભંગાણ માટે જવાબદારઃ પરભણીના સાંસદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એકનાથ શિંદે સાથે જવાના નિર્ણયનો બચાવ કરતાં પરભણીના બળવાખોર સાંસદ સંજય જાધવે કહ્યું હતું કે હિન્દુત્વની વિચારધારાથી દૂર જવું, પાર્ટીના નેતાઓ દ્વારા નવા વિચારોને અવરોધવા અને ૨૦૧૯માં એમવીએ સરકારનો પ્રયોગ જ પાર્ટીના ભંગાણ માટે જવાબદાર છે.

પરભણીના સાંસદે કહ્યું હતું કે એકનાથ શિંદેની પાર્ટીમાં જોડાવાનો નિર્ણય એટલા માટે લીધો કેમ કે પાર્ટી પોતાના મૂળ હિન્દુત્વની વિચારધારાથી દૂર જઈ રહી હતી અને લોકોને પણ આવું જ લાગી રહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ૨૦૧૯માં પાર્ટી દ્વારા કરવામાં આવેલા એમવીએના પ્રયોગથી પતનની શરૂઆત થઈ હતી. કાર્યકર્તાઓ અંદરથી ભાંગી પડ્યા હતા. હિન્દુત્વના પાયા

(જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈ-ગોવા હાઈવે પર પહેલા જ વરસાદમાં ભૂસ્ખલન

મુંબઈ : સંગમેશ્ર્વર તાલુકાના મહાબળે ગામ નજીક મુંબઈ-ગોવા હાઈવે પર ભૂસ્ખલન થયું હતું. પહેલા જ ભારે વરસાદ સાથે હાઈવે સલામતી અંગે ફરી એકવાર ચિંતાઓ ઊભી થઈ છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

સંગમેશ્ર્વર એસટી ડેપોથી થોડે દૂર આવેલા મહાબળે ગામ પાસે ટેકરીનો એક ભાગ તૂટી પડ્યો, જેના કારણે ખડકો અને માટી સીધી હાઇવે પર આવી ગઈ હતી. આના કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર ધીમી ગતિએ શરૂ હતો. સદનસીબે, કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, પહેલા જ વરસાદ દરમિયાન બનેલી આ ઘટનાએ હાઇવેની સલામતી અંગે પ્રશ્નો ઉભા કર્યા છે. સ્થાનિક રહેવાસીઓના મતે જો બે દિવસના વરસાદ પછી આવી પરિસ્થિતિ છે, તો નજીકના ભવિષ્યમાં મોટા ભૂસ્ખલનનું જોખમ વધી શકે છે. ઉલ્લેખનીય છે કે મહાબલે ગામમાં છ થી સાત ઘરો ટેકરીના

(જુઓ પાનું ૪) ▶▶

## બીકેસી મેટ્રો સ્ટેશનના બેઝમેન્ટમાંથી ઝેરી સાપ મળી આવ્યો



મુંબઈઃ મુંબઈ મેટ્રો લાઈન-૩ના બીકેસી સ્ટેશન પરિસરના ભોંયરામાં મંગળવારે સવારે એક ઝેરીલો રસેલનો વાઈપર પ્રજાતિનો સાપ મળી આવ્યો હતો. આ સાપને ‘ઘોનાસ’ નામથી પણ ઓળખવામાં આવે છે. સર્પપ્રેમીઓને જાણ કરી આ સાપને સુરક્ષિત બચાવવામાં આવ્યો હતો. આ સાપ મળી આવવાનો તેમજ તેને બચાવવાનો વીડિયો બાદમાં ઇન્ટરનેટ પર ખુબ વાઇરલ થયો હતો.

આ ઘટના સવારે ૭.૪૭ વાગ્યે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સમાં મેટ્રો લાઈન-૩ સ્ટેશનની બાજુમાં આવેલા ઓડિટ બિલ્ડીંગ પાસે બની હતી. એમએસએફ સિક્યુરિટીના અધિકારીઓએ પરિસરના બેઝમેન્ટ-૨ માં સાપ જોયા બાદ વન્યજીવ બચાવ-કર્મીઓનો સંપર્ક કર્યો હતો.

સમગ્ર ઘટનાની માહિતી મળતા જ તાત્કાલિક મુંબઈ રેન્જના વન અધિકારીઓ અને કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. સર્પમિત્ર અતુલ કાંબલે બચાવ કામગીરી માટે ઘટના સ્થળેદોડી ગયા હતા. ■

# એકનાથ શિંદેએ તિજોરી ખોલી

# ઠાકરેના બળવાખોર સાંસદોને તાત્કાલિક ભંડોળ પૂરું પાડવા તૈયાર

મુંબઇ : ઠાકરેની શિવસેનાના છ સાંસદો બળવો કરીને એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા; પાર્ટીમાં તેમના પ્રવેશ નિમિત્તે એક જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ હાજરી આપી હતી. આ સાંસદોએ જણાવ્યું હતું કે તેઓ તેમના મતવિસ્તારના વિકાસ અને વિકાસ ભંડોળ મેળવવા માટે પક્ષ બદલી રહ્યા છે. દરમિયાન તેમના પાર્ટીમાં પ્રવેશ કર્યા પછી એકનાથ શિંદેએ તિજોરી ખોલી નાખી છે અને જાહેરાત કરી છે કે જે સાંસદો જોડાયા છે તેમને મોટું વિકાસ ભંડોળ ફાળવવામાં આવશે.

એકનાથ શિંદેએ પત્રકારો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપતા જણાવ્યું હતું કે તેઓ કોઈપણ ઓપરેશન અધૂરું છોડતા નથી ‘ઓપરેશન ટાઇગર’ સફળ રહ્યું છે અને બધી કાનૂની અને બંધારણીય પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે. બધા છ સાંસદો ખુશ છે. તેઓ હવે મૂળ શિવસેનામાં જોડાયા છે,આ ટિપ્પણીઓ

(જુઓ પાનું ૪) ▶▶

## -તો હું અપક્ષ તરીકે પણ ચૂંટણી લડવા તૈયારઃ નિમ્બાળકર

મુંબઈઃ રાજ્યના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જી શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેની પાર્ટીના છ સંસદ સભ્ય એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા એમાં ધારાશિવના ઓમરાજે નિમ્બાળકરનો પણ સમાવેશ થાય છે. વિકાસ કાર્યો માટે સરકારમાં જોડાઈ રહ્યા હોવાનું આ સંસદ સભ્યોએ જણાવ્યું છે. સોમવારે પક્ષમાં જોડાયા બાદ ઓમરાજે દ્વારા આપવામાં આવેલા નિવેદનથી હવે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઓમરાજે નિમ્બાળકરે કહ્યું છે કે જો હું મહાયુતિમાં જોડાઈશ તો પણ મારા જિલ્લામાં મારો સંઘર્ષ ચાલુ રહેશે. મને ખબર નથી કે રાજ્યમાં શું થશે, પરંતુ હું જિલ્લામાં ચૂપચાપ બેસી નહીં

(જુઓ પાનું ૪) ▶▶

## ‘જોર કા ઝટકા’એ માનસિક સંતુલન બગાડ્યુંઃ એકનાથ શિંદે

મુંબઈઃ લોકસભાના સાસંદોમાં પડેલા ભંગાણને મુદ્દે શિવસેના (યુબીટી)ની મજાક ઉડાવતા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મંગળવારે એવો દાવો કર્યો હતો કે ‘આગલા દિવસે (સોમવારે) લાગેલા ‘જોર કા ઝટકા’ને કારણે વિપક્ષે પોતાનું માનસિક સંતુલન ખોઈ નાખ્યું છે, પરંતુ આગામી દિવસોમાં આવા વધુ ઝટકા લાગવાના છે.

અહીં ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્ર વિધાનસભામાં સ્પીકરે અન્ય ખાતાના જવાબ આપવાની પ્રધાનને પરવાનગી આપી તેના પર નારાજી વ્યક્ત કરતાં એનસીપી-એસપીના

(જુઓ પાનું ૪) ▶▶

# ‘ઓપરેશન ટાઇગર-વન’ સફળ હવે વારો ‘ટૂ અને થ્રી’નો

## શિંદે સેનાના દાવાથી અટકળોનું બજાર ગરમ

મુંબઈઃ શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) જૂથના છ સંસદસભ્યો બળવો કરીને સત્તાવાર રીતે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાતા મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હલચલ મચી ગઈ છે. પ્રવેશ સમારોહ દરમિયાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ દાવો કર્યો હતો કે ‘ઓપરેશન ટાઇગર’ સફળ થયું છે અને કહ્યું હતું કે, અમે જે પણ કરીએ છીએ, તે પુરી તૈયારી સાથે કરીએ છીએ. આ મોટા રાજકીય વિકાસ પછી શિવસેનાના સાંસદ રવિન્દ્ર વાયકરે હવે એક સનસનાટીભર્યો દાવો કર્યો છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં વધુ મોટા ઉથલપાથલ થવાની તૈયારીમાં છે. સાંસદ રવિન્દ્ર વાયકરે ‘ઓપરેશન ટાઇગર’ના

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં હલકી ગુણવત્તાના કોલસાને કારણે વીજ ઉત્પાદન પર અસરઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે રાજ્ય વિધાનસભામાં એવી કબૂલાત કરી હતી કે હલકી ગુણવત્તાના કોલસાને કારણે રાજ્યમાં વીજળીના ઉત્પાદન પર અસર પડી છે અને ગેરમાર્ગે દોરનારા સપ્લાયરોને રોકવા માટે ટેન્ડરમાં આકરી સુરક્ષા કલમો સામેલ કરવાની ખાતરી આપી હતી.

રાજ્ય વિધાનસભાના પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે જણાવ્યું હતું કે રાજ્યમાં વીજળીની અછત, વીજળીની માગણીમાં વધારો અને જનરેટિંગ યુનિટ્સ બંધ થવાનું એક જ કારણ છે.

તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે રાજ્ય સરકાર સંચાલિત મહારાષ્ટ્ર સ્ટેટ પાવર જનરેશન કંપની (મહાજેન્કો)ના અનેક યુનિટ્સ દ્વારા સામનો કરવામાં આવતી ટેક્નિકલ સમસ્યાઓ પાછળ નબળી ગુણવત્તાનો કોલસો એક મોટું કારણ છે. ઉનાળા દરમિયાન રાજ્યમાં વીજળીની માગણી રેકોર્ડ સ્તર સુધી પહોંચી ગઈ હતી. વડેટ્ટીવારે હલકી ગુણવત્તાનો કોલસો પૂરો પાડતા સપ્લાયર્સ સામે કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

ઉપસ્થિત કરવામાં આવેલા મુદ્દાઓ પર જવાબ આપતાં ફડણવીસે કહ્યું બકરિ રાજ્યને પૂરા પાડવામાં આવતા કોલસાની ગુણવત્તાને કારણે વીજળીના ઉત્પાદન પર અસર થઈ છે. તેમણે ગૃહને એવી પણ માહિતી આપી હતી કે રાજ્ય સરકારે કેન્દ્રીય કોલસા પ્રધાન સાથે ચર્ચા કરી છે અને કોલસાના યોગ્ય મનૂના લેવા અંગેનું વલણ વ્યક્ત કર્યું છે. ■

# એસટી કર્મચારીઓના વિરોધ પહેલા જ પગાર વધારાની જાહેરાત

મુંબઈઃ રાજ્ય સરકારે રાજ્ય પરિવહન (એસટી) નિગમના લાખો કર્મચારીઓને ખુશખબર આપી છે. પરિવહન પ્રધાન અને એસટી નિગમના અધ્યક્ષ પ્રતાપ સરનાઈકે કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અને ઘરભાડું ભથ્થું વધારવાની જાહેરાત કરી છે.

પ્રતાપ સરનાઈકે વિધાનસભામાં એક નિવેદન જારી કરી આ જાહેરાત કરી હતી. એસટી કર્મચારીઓની પડતર માગણીઓને ધ્યાનમાં રાખીને મહાયુતિ સરકારે મહત્ત્વનો નિર્ણય લઈ એસટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને ૫૩ ટકાથી વધારીને ૫૮ ટકા કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત કર્મચારીઓના ઘર ભાડા ભથ્થા (એચઆરએ)માં પણ નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે.

એસટી કર્મચારીઓએ વિવિધ માગણીઓ માટે હડતાળનું એલાન આપ્યું હતું. જોકે હડતાળ શરૂ થાય તે પહેલાં જ સરકારે સારા પગાર વધારાની જાહેરાત કરીને કર્મચારીઓને રાહત આપી છે.

રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ એસટી કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને હવે ૫૩ ટકાથી વધારીને ૫૮ ટકા કરવામાં આવ્યો છે. ઘર ભાડું ભથ્થું, જે પહેલા ૮, ૧૬ અને ૨૪ ટકા હતું, તે હવે અનુક્રમે ૧૦, ૨૦ અને ૩૦ ટકા કરવામાં આવ્યું છે. કર્મચારીઓના વાર્ષિક પગાર વધારાનો દર હવે બે ટકાથી વધારીને ત્રણ ટકા કરવામાં આવ્યો છે.■

# મહાયુતિ સરકાર યુનિફોર્મ સિવિલ કૉડ લાવવા કટિબદ્ધઃ પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રમાં યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવા અંગે મહાયુતિ સરકાર ૧૦૦ ટકા મક્કમ છે અને નિવૃત્ત હાઈ કોર્ટના ન્યાયમૂર્તિની આગેવાની હેઠળની સમિતિ ડ્રાફ્ટ તૈયાર કરવા પર કામ કરી રહી છે એમ રાજ્ય પ્રધાન યોગેશ કદમે મંગળવારે વિધાનસભામાં જણાવ્યું હતું. ભારતીય જનતા પક્ષનાં વિધાન સભ્ય દેવયાની ફરાંદે દ્વારા મુસ્લિમ મહિલાઓને ટ્રિપલ તલાકનો સામનો કરવો પડી રહ્યો છે તેવા કેસો અંગે ઊઠાવવામાં આવેલા ધ્યાન આકર્ષણ પ્રસ્તાવનો જવાબ આપી રહ્યા હતા. છેલ્લા દોઢ મહિનામાં ત્રણ મુસ્લિમ મહિલાએ મદદ માટે તેમનો સંપર્ક કર્યો હોવાનો દાવો દેવયાની ફરાંદેએ કર્યો હતો.

વિધાનસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે ‘પોલીસે આરોપીઓ સામે કેસ નોંધ્યા છે પરંતુ મહિલાઓને સંપૂર્ણ ન્યાય મળ્યો નથી. એક મહિલાને અશ્લીલ વીડિયો ફેલાવવાની ધમકી આપવામાં આવી હતી, જ્યારે બીજી મહિલાના પતિએ તેના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.’

કદમે જણાવ્યું હતું કે સરકાર યુસીસી ખરડો લાગુ કરીને જ રહેશે. આ ખરડાનો મુસદ્દો તૈયાર કરવા માટે નિવૃત્ત હાઇ કોર્ટના ન્યાયમૂર્તિના નેતૃત્વમાં એક સમિતિની રચના કરવામાં આવી છે. (પીટીઆઈ)■

# મુંબઈ-થાણે મુસાફરી ઝડપી બનાવવા ૧૭ હજાર કરોડનો પ્રોજેક્ટ

મુંબઈઃ મુંબઈ મહાનગર વિસ્તારમાં ઉત્તર-દક્ષિણ મુસાફરી સરળ બનવા જઈ રહી છે. રાજ્ય સરકારે મુસાફરીને ઝડપી બનાવવા અને ટ્રાફિક જામ ટાળવા માટે એક મોટો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. મીરા ભાયંદરથી ઘોડબંદર રોડ અને ટનલ ૧૭,૦૩૬.૦૩ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ થાણે-મીરા ભાયંદર અને મુંબઈ વચ્ચે મુસાફરી ઝડપી અને વધુ અનુકૂળ બનાવવાની શક્યતા છે.

ભાયંદર અને ઘોડબંદર વચ્ચેનો આખો પ્રોજેક્ટ ૧૫.૪૪ કિમી લાંબો હશે. ભાયંદરથી ફાઉન્ટેન હોટેલ જંકશન સુધી ૯.૫૮ કિમી લાંબો છ લેનનો ખાડી પુલ બનાવવામાં આવશે. ત્યારબાદ ફાઉન્ટેન હોટેલ જંકશનથી ગાયમુખ સુધી ૫.૮૬ કિમી ડબલ ટનલ બનાવવામાં આવશે. આ ટનલ પ્રત્યેક દિશામાં ત્રણ એવી છ

(જુઓ પાનું ૪) ▶▶

# ‘નાર્વેકરે તો મરાઠી ભાષા પર બુલડોઝર ફેરવી દીધું’

## રાજ ઠાકરેએ આવું શા માટે કહ્યું?

મુંબઈઃ વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકર ગૃહમાં શ્રદ્ધાંજલિ પ્રસ્તાવ વાંચી રહ્યા છે તેવો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેની લોકો દ્વારા ટીકા કરવામાં આવી રહી છે. આ દરમિયાન મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ પણ રાહુલ નાર્વેકર પર આકરા પ્રહારો કર્યા છે. રાજે જણાવ્યું હતું કે નાર્વેકરે વિધાનસભામાં મરાઠી ભાષાને રસ્તા પર લાવીને તેના પર બુલડોઝર ફેરવી દીધું હતું.

રાજ ઠાકરેએ સ્વર્ગસ્થ પદ્મ વિભૂષણ આશાતાઈ ભોંસલે માટે શોક પ્રસ્તાવ રજૂ કરતી વખતે વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે જે રીતે મરાઠી ભાષાની ચીરફાડ કરી તેથી ગુસ્સો અને નિરાશા બંને વ્યક્ત કરી અને નોંધ્યું કે તેઓ કાગળ પર લખેલું મરાઠી લખાણ પણ વાંચી શકતા નથી. રાજે આગળ ટિપ્પણી કરી કે જો નાર્વેકરે સ્વાહિલી અથવા હિબ્રુમાં પ્રસ્તાવ રજૂ કર્યો હોત તો પણ સારું થાત કારણ તેમનું મરાઠી કોઈ સમજ્યું નહીં અને સ્વાહિલી કે હિબ્રુ તો આપ પણ કોઈ ન સમજી શકત. બીજું દુઃખદ પાસું એ કે જ્યારે નાર્વેકર દીનાનાથ મંગેશકરનો ઉલ્લેખ ‘દીનદયાળ મંગેશકર’ તરીકે કરી રહ્યા હતા અને મરાઠી લખાણને આડેધડ રીતે વાંચી રહ્યા હતા, ત્યારે ગૃહમાં હાજર એક પણ વિધાનસભ્યોએ વાંધો ઉઠાવવાની તસ્દી લીધી નહીં. નાર્વેકર દીનાનાથ મંગેશકર કે દીનદયાળ ઉપાધ્યાયથી પરિચિત નથી? ભાજપની આડેધડ ભરતીની નીતિને કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. ■

# બિશ્નોઈ ગૅન્ગને નામે ખંડણી માટે ધમકી પછી ફૅક્ટરી પર ગોળીબાર

પુણેઃ કુખ્યાત લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગને નામે ધમકીભર્યો કૉલ કર્યા પછી પુણેના બિઝનેસમૅનની ફૅક્ટરી પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે સ્ટીલના ઉત્પાદનોનો વ્યવસાય ધરાવતા અમોલ રાજેન્દ્ર ચમાદાઈએ સૌપ્રથમ વાનવડી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો. જોકે ઘટના ફુરસુંગી પોલીસ સ્ટેશનની હદમાં બની હોવાથી બાદમાં ચમાદાઈએ ફુરસુંગી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં બિઝનેસમૅને જણાવ્યું હતું કે સોમવારની સાંજે ૪.૩૦ વાગ્યે અજાણ્યા શખસે તેને કૉલ કર્યો હતો. કૉલ કરનારા શખસે પોતાની ઓળખ ‘આરઝુ બિશ્નોઈ’ તરીકે આપી હતી. જાનની ધમકી આપી શખસે ખંડણી માગી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ચમાદાઈ ફુરસુંગી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતો હતો એ જ સમયે રાતે ૮.૧૦ વાગ્યાની આસપાસ તેની ફૅક્ટરી પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. ચાર રાઉન્ડ ફાયર કરી હુમલાખોર ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં કોઈને પણ ઇજા થઈ નહોતી.

ફરિયાદને આધારે ફુરસુંગી પોલીસે અજાણ્યા શખસો વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો. ખંડણી માટે ધમકી અને ગોળીબારની ઘટના એકબીજા સાથે સંકળાયેલી છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)■




# મેસી વર્લ્ડ કપનો શહેનશાહ

## આર્જેન્ટિના નૉકઆઉટમાંઃ ઑસ્ટ્રિયા સામે બે અદ્ભુત ગોલથી અપાવ્યો ૨-૦થી વિજય

અર્લિંગ્ટન (અમેરિકા): ફૂટબૉલ કિંગ લિયોનેલ મેસીએ સોમવાર, ૨૨મી જૂને ઐતિહાસિક બે ગોલ કરીને આર્જેન્ટિનાને ફિફા વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચાડી દીધું હતું. વર્લ્ડ કપના ઇતિહાસમાં મેસી હવે સૌથી વધુ ગોલ કરનારો ખેલાડી બન્યો છે. મેસીનો આ વિક્રમજનક છઠ્ઠો વર્લ્ડ કપ છે અને આ છ વર્લ્ડ કપમાં તેણે કુલ ૧૮ ગોલ કર્યા છે. તેણે જર્મનીના મિરોસ્લાવ ક્લૉઝનો કુલ ૧૬ ગોલનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાખ્યો છે. આર્જેન્ટિનાએ સોમવારે ઑસ્ટ્રિયાને ૨-૦થી હરાવ્યું હતું. બંને અદ્ભુત ગોલ ૩૮ વર્ષીય મેસીએ ૩૮મી અને ૯૫મી મિનિટમાં કર્યા હતા. એમાંનો પહેલો વર્લ્ડ કપમાં ઇતિહાસનો કુલ તેનો ૧૭મો ગોલ હતો. એ સાથે તેણે મિરોસ્લાવના ૧૬ ગોલનો દાયકાઓ જૂનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. ત્યાર પછી મેસીએ ૧૮મો ગોલ કરીને પોતાનો રેકૉર્ડ વધુ મજબૂત કર્યો હતો.



### બરાબર ૪૦ વર્ષે મૅરડોનાના બે ગોલ બાદ મેસીના બે વિનિંગ ગોલ

બરાબર ૪૦ વર્ષ પહેલાં (૧૯૮૬ના વર્લ્ડ કપની ૨૨મી જૂને) ડિયેગો મૅરડોનાએ ઇંગ્લૅન્ડ સામેની મૅચમાં બે ગોલ કરીને એકલા હાથે આર્જેન્ટિનાને જિતાડ્યું હતું.

જોકે એમાં મૅરડોનાનો એક 'હૅન્ડ ઑફ ગૉડ' ગોલ આજ સુધી વિવાદમાં રહ્યો છે. આ વખતના વર્લ્ડ કપમાં આર્જેન્ટિના બે મૅચ રમ્યું છે જેમાં એના નામે કુલ પાંચ ગોલ છે. એ તમામ પાંચ ગોલ મેસીએ કર્યા છે.

### ...તો મેસીનાં ત્રણ ગોલ હોત!

મેસીને સોમવારે ઑસ્ટ્રિયા સામેની મૅચમાં શરૂઆતમાં જ પેનલ્ટી કિકથી ગોલ કરીને વર્લ્ડ રેકૉર્ડ ત્યારે જ તોડવાની સુવર્ણ તક હતી. ભૂતકાળમાં ૩૨ વખત પેનલ્ટી કિકમાં નિષ્ફળ ગયેલો મેસી આ પેનલ્ટી કિકમાં ગોલ નહોતો કરી શક્યો. જોકે મેસીએ ૩૮ મિનિટમાં મૅચનો પહેલો ગોલ કરીને (કુલ ૧૭મો ગોલ કરીને) વિશ્વવિક્રમ પોતાના નામે કરી લીધો હતો. ત્યાર બાદ છેક મૅચના અંતે ૯૦ મિનિટના મુખ્ય સમય પછી પાંચમી મિનિટમાં (૯૫મી મિનિટમાં) મેસીએ બીજો ગોલ કરીને ચોંકાવી દીધા હતા.

### મેસીના બંને ગોલ પર એક નજર...

૩૮મી મિનિટમાં મેસીએ ફ્યુકૅન્ડો મેડિનાનાં આસિસ્ટથી બૉલ પોતાના કબજામાં લીધો હતો અને બોક્સની મધ્યમાંથી ડાબા પગની કિકથી બૉલને ગોલ પોસ્ટના ડાબા તળિયે નેટમાં મોકલી દીધો હતો. ૯૫ મિનિટમાં મેસીએ ગોલ પોસ્ટની દિશામાં આગળ વધતી વખતે બોલ જુલિયન અલ્વારેઝને પાસ કર્યો હતો. પોતાના સ્થાનેથી જ બૉલને નેટમાં મોકલી શક્યો હોત, પરંતુ ત્યાંથી પોતાનાથી ગોલ નહીં થઈ શકે એવા ડરથી તેણે બોલ મેસી તરફ પાછો મોકલ્યો હતો જેણે એક શૉટમાં બૉલ ઑસ્ટ્રિયાના પ્લેયર દ્વારા અટકાવવામાં આવ્યા બાદ બીજી ક્ષણે ફરી એક કિકમાં બૉલ નેટમાં મોકલી દીધો હતો.

### આજે કઈ મૅચ?

પનામા વિ. ક્રોએશિયા
પરોઢિયે ૪.૩૦

કોલમ્બિયા વિ. કૉન્ગો
સવારે ૭.૩૦

સ્વિટ્ઝરલૅન્ડ વિ. કૅનેડા
મધરાત બાદ ૧૨.૩૦

બોસ્નિયા વિ. કતાર
મધરાત બાદ ૧૨.૩૦

બ્રાઝિલ વિ. સ્કૉટલૅન્ડ
મધરાત બાદ ૩.૩૦

# મળો લિયોનેલ મેસીનાં ૧૦૦ વર્ષનાં વયોવૃદ્ધ ચાહક અને માંડ એક વર્ષની ઉંમરના ફૅનને!

અર્લિંગ્ટન (અમેરિકા): વર્લ્ડ ચૅમ્પિયન આર્જેન્ટિનાના ફૂટબોલર લિયોનેલ મેસી જેવો દાયકાઓમાં એક ખેલાડી જોવા મળતો હોય અને તે કદાચ જો છેલ્લો વર્લ્ડ કપ રમી રહ્યો હોય તો તેની મૅચ સ્ટેડિયમમાં આવીને જોવાનું મન કોને ન થાય! સોમવારે રાત્રે ઑસ્ટ્રિયા સામેની મૅચમાં આ સૉકર આઇકનનો પર્ફોર્મન્સ અસાધારણ અને અદ્ભુત હતો અને એની મોજ અહીંના સ્ટેડિયમમાં હજારો લોકોએ માણી હતી એમાં ૧૦૦ વર્ષનાં તેના વયોવૃદ્ધ મહિલા ફૅન પણ હતાં.

૧૦૦ વર્ષનાં હોય કે એક વર્ષનો, મેસીના ફૅન સૌ કોઈ હોય. એટલું જ નહીં, માંડ એક વર્ષની ઉંમરના બાળકને લઈને પણ તેના પૅરન્ટ્સ આ મૅચ જોવા આવ્યા હતા. તેને ઊંચો કરીને ગોલ સેલિબ્રેટ કર્યો હતો.






૧૦૦ વર્ષની ઉંમરના એક મહિલા સૉકરપ્રેમી આ મૅચ જોવાં આવ્યાં હતાં. તેઓ તેમ જ પેલું ભૂલકું મેસીના રેકૉર્ડ-બ્રેક ગોલના સાક્ષી છે. આ મહિલાએ મૅચ બાદ જરૂર પોતાના મિત્રો અને સંબંધીઓને ગર્વથી કહ્યું હશે કે તેઓ મેસીની ઐતિહાસિક મૅચના સાક્ષી બન્યાં છે. એવી જ રીતે, એક વર્ષનું બાળક મોટું થશે ત્યારે ઘણાને કહેશે કે તેણે મેસીની વર્લ્ડ રેકૉર્ડ ૧૭મા અને ૧૮મા ગોલવાળી મૅચ સ્ટેડિયમમાં જોઈ હતી.

૧૦-૧૨ મહિનાની ઉંમરના બચ્ચાંને તેના પૅરન્ટ્સ વારંવાર ઊંચો કરતા હતા અને કૅમેરામૅનને પ્રભાવિત કરતા હતા. આ ભૂલકાંને પણ આર્જેન્ટિના શર્ટ પહેરાવવામાં આવ્યું હતું.

### ૧૦૦ વર્ષનાં મહિલા કેમ મેસીનાં ફૅન?

અર્લિંગ્ટનના સ્ટેડિયમમાં ઉપસ્થિત મેસીનાં ૧૦૦ વર્ષની ઉંમરના ચાહકે પણ આકર્ષણ જમાવ્યું હતું. તેઓ '૧૦૦ વર્ષની ઉંમરના મૅસી ફૅન' બૅનર લઈને ઊભા હતા. તેમણે ભૂતકાળમાં સ્ટેડિયમમાં જઈને આર્જેન્ટિનાના મહાન ખેલાડીઓ આલ્ફ્રેડો ડી સ્ટેફાનો તેમ જ ડિયેગો મૅરડોનાની મૅચ પણ જોઈ હતી. આ મહિલાના મતે 'ગોલ કરવાની મેસીની સ્ટાઇલ અને કળા અસાધારણ છે. તે જ્યારે બૉલને નેટમાં મોકલવા જે સહજતાથી કિક મારે છે ત્યારે મારા માટે ફૂટબૉલ જાણે મ્યૂઝિક બની જાય છે.'

# મેસીએ મિરોસ્લાવનો રેકોર્ડ તોડ્યો, હવે મેસીનો વિક્રમ ઍમ્બપ્પે તોડવાની તૈયારીમાં!

## ફ્રાન્સ નૉકઆઉટમાં, ૩-૦ની જીતમાં ૧૦૦મી મૅચવાળા ઍમ્બપ્પેના બે ગોલઃ નોર્વે ૨૮ વર્ષે નૉકઆઉટમું

ફિલાડેલ્ફીયા/ન્યૂ યોર્કઃ ફિફા વર્લ્ડ કપના ગ્રૂપ-આઈમાં બે મહત્ત્વની મૅચ રમાઈ ગઈ જેમાં ફ્રાન્સએ વન-સાઇડેડ મુકાબલામાં ઈરાકને ૩-૦થી હરાવીને અને નોર્વેએ રોમાંચક ટક્કરમાં સેનેગલને ૩-૨થી હરાવીને નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. ત્રણમાંથી બે ગોલ નોર્વેના હાલેન્ડે કર્યા હતા.

એ પહેલાં, સોમવારે રાત્રે આર્જેન્ટિનાએ મેસીના બે ગોલની મદદથી નૉકઆઉટમાં એન્ટ્રી કરી હતી. નૉકઆઉટ રાઉન્ડમાં ૩૨ ટીમ રમશે. એ પહેલાં આ ટૂર્નામેન્ટની ૧૬ ટીમ બહાર થઈ ગઈ હશે.

ફ્રાન્સે ઈરાકને ૩-૦થી હરાવ્યું એમાં કીલિયાન ઍમ્બપ્પેના બે ગોલ સામેલ હતા. તેની આ ૧૦૦મી આંતરરાષ્ટ્રીય મૅચ હતી. તેણે ૧૪મી મિનિટમાં અને પછી ૫૪મી મિનિટમાં ગોલ કર્યો હતો. એ સાથે વર્લ્ડ કપના ઇતિહાસમાં ઍમ્બપ્પેના નામે હવે કુલ ૧૬ ગોલ છે. સોમવારે રાત્રે મેસીએ જર્મનીના જે લેજન્ડ (મિરોસ્લાવ ક્લૉઝ)નો ૧૬ ગોલનો વિશ્વવિક્રમ તોડયો ત્યાર બાદ એમ્બપ્પેએ મિરોસ્લાવના ૧૬ ગોલની બરાબરી કરી લીધી હતી.

# વૈભવને મળી '૦૩' નંબરની જર્સીઃ ટીનેજરને તેના મમ્મીએ કહ્યું હતું કે...

નવી દિલ્હીઃ આયરલૅન્ડ સામે બે ટી-૨૦ અને ઇંગ્લૅન્ડ વિરુદ્ધ પાંચ ટી-૨૦ રમવા ભારતથી રવાના થઈ રહેલી ભારતીય ટીમના સ્ટાર અટ્રૅક્શન અને છેલ્લાં બે વર્ષથી ક્રિકેટ જગતમાં છવાઈ ગયેલા બિહારના ૧૫ વર્ષની ઉંમરના વૈભવ સૂર્યવંશીને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તરફથી તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીના આરંભ પહેલાં '૦૩' નંબરની જર્સી આપવામાં આવી છે. તેને શા માટે આ જ નંબરની જર્સી અપાઈ એ વિશે કેટલાક રસપ્રદ અહેવાલો મળ્યા છે. ટીમ ઇન્ડિયાના થ્રો-ડાઉન સ્પેશિયાલિસ્ટ રઘુ હૉટેલના સ્ટાફ મેમ્બરની મદદથી રૂમ પર જર્સીવાળું બૉક્સ લઈને આવ્યા ત્યારે વૈભવ ઇમોશનલ થઈ ગયો હતો. વૈભવ તેમને પગે લાગ્યો હતો અને તેમણે આપેલું બૉક્સ ખોલીને એમાં જે જર્સી હતી એના પર પોતાનું નામ અને '૦૩' નંબર વાંચીને વૈભવ ભાવવિભોર થઈ ગયો હતો.

સચિનની ૧૦ નંબરની, વિરાટની ૧૮ નંબરની અને રોહિતની ૪૫ નંબરની તેમ જ એમએસ ધોનીની ૭ નંબરની જર્સી કરોડો ક્રિકેટપ્રેમીઓમાં લોકપ્રિય થઈ ગઈ છે એમ આશા છે કે વૈભવની ૩ નંબરની જર્સી પણ ફેમસ થઈ જશે.




### શા માટે ત્રણ નંબરની જ જર્સી?

વૈભવ સૂર્યવંશીએ પ્રોફેશનલ કરીઅર શરૂ કરી ત્યારે તેની જર્સીનો નંબર ૧૨ હતો. કહેવાય છે કે વૈભવને તેની મમ્મીએ ૩ નંબરની જર્સી પહેરવાની સલાહ આપી હતી. તેમણે તેમના દીકરાને કહ્યું હતું કે ૧૨ નંબરને જોડવાથી (૧+૨) સરવાળો ૩ થાય. તેમણે વૈભવને સિંગલ ડિજિટવાળી જ જર્સી પહેરવાની સલાહ આપી હતી જે તેણે તરત સ્વીકારી લીધી હતી તે રાજસ્થાન રૉયલ્સ વતી ૧૨ નંબરની જર્સી પહેરીને રમ્યો અને એના પરથી તેને (૧+૨) એટલે કે ૩ નંબરની જર્સી પહેરવાની સલાહ અપાઈ હતી.

# માંડ એક વર્ષથી ભારત વતી રમતી સ્પિનર શ્રી ચરની બની ગઈ વર્લ્ડ નંબર-વન

દુબઈઃ ભારતની ૨૧ વર્ષની લેફ્ટ-આર્મ સ્પિનર શ્રી ચરની હજી માંડ એક વર્ષથી ભારત વતી રમે છે અને એમાં તો તેણે સર્વોચ્ચ શિખર હાંસલ કરી લીધું છે. મહિલાઓની ટી-૨૦માં તે વર્લ્ડ નંબર-વન બોલર બની ગઈ છે.

આંધ્ર પ્રદેશની ચરનીએ ઇંગ્લૅન્ડની છેલ્લામાં છેલ્લા આઇસીસી રૅન્કિંગ્સમાં ઇંગ્લૅન્ડની લિન્સી સ્મિથને હટાવીને મોખરાનું સ્થાન મેળવ્યું છે. ઇંગ્લૅન્ડમાં જ ચાલી રહેલા ટી-૨૦ વર્લ્ડ કપની ત્રણ મૅચમાં ૧૦ વિકેટ લેનાર શ્રી ચરનીએ નેધરલૅન્ડ્સ સામેની મૅચમાં ચાર વિકેટ લઈને નંબર-વનની રૅન્ક પર કબજો કર્યો હતો. સાઉથ આફ્રિકા સામે ભારત હાર્યું હતું, પણ ચરનીએ ત્રણ વિકેટ લીધી હતી.

શ્રી ચરનીએ ટી-૨૦ ફૉર્મેટમાં કુલ ૨૩ મૅચમાં ૩૮ વિકેટ લીધી છે. તેણે ગયા વર્ષે નૉટિંગમમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ મૅચથી આ ફૉર્મેટમાં ડેબ્યૂ કર્યું હતું.

શ્રી ચરની મોખરે આવી ગઈ છે અને એ સ્થાન ગુમાવનાર લિન્સી સ્મિથ ત્રીજા નંબર પર ધકેલાઈ

# સૂર્યવંશીની સાથે હવે સૂર્યાંશ પણ ભારતની ટી-૨૦ ટીમમાં!

## ઈજાગ્રસ્ત નીતીશ રેડ્ડીના સ્થાને મુંબઈના સૂર્યાંશનો આયરલૅન્ડ-ઈંગ્લૅન્ડની ટૂર માટેની ટીમમાં સમાવેશ



નવી દિલ્હીઃ શુક્રવારથી આયરલૅન્ડમાં ભારતની બે મૅચની ટી-૨૦ સિરીઝ શરૂ થશે અને એના ત્રણ જ દિવસ પહેલાં ટીમને મોટો ઝટકો લાગ્યો છે જેમાં પેસ બોલિંગ ઑલરાઉન્ડર નીતીશ કુમાર રેડ્ડી ડાબી સાથળની ઈજાને કારણે ટીમની બહાર થઈ ગયો છે અને તેના સ્થાને મૂળ મુંબઈના પેસ બોલિંગ ઑલરાઉન્ડર સૂર્યાંશ શેડગેને ટીમમાં સમાવવામાં આવ્યો છે. ભારતીય ટીમમાં (વૈભવ) સૂર્યવંશીની સાથે હવે સૂર્યાંશ (શેડગે)નું આગમન થઈ રહ્યું છે.

નીતીશ રેડ્ડીને ડૉક્ટરે ચાર અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે અને તે ઇંગ્લૅન્ડના પ્રવાસે પણ નહીં જઈ શકે એટલે પાંચ ટી-૨૦વાળી એ ટૂરની ટીમમાં પણ સૂર્યાંશનો સમાવેશ કરાયો છે. ભારત વતી ૧૦ ટેસ્ટ, છ વન-ડે અને ચાર ટી-૨૦ રમી ચૂકેલા નીતીશ રેડ્ડીને ૨૦મી જૂને અફઘાનિસ્તાન સામેની ત્રીજી વન-ડે બાદ સાથળમાં દુખાવો વધી ગયો હતો. ડૉક્ટરે તેને ક્વૉડ્રિસેપ્સ (સાથળના ચાર મજબૂત સ્નાયુઓ)માં દુખાવો હોવાનું નિદાન કરીને તેને મેદાનથી દૂર રહીને રિહૅબિલિટેશનની સલાહ આપી છે.

### સૂર્યાંશ શેડગે વિશે જાણો

રાઇટ-આર્મ પેસ બોલર અને રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન સૂર્યાંશ શેડગે ૨૩ વર્ષનો છે. તેની ડોમેસ્ટિક કરીઅર સાધારણ રહી છે. તેણે મુંબઈ વતી આઠ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૫૧૦ બૉલમાં ૪૩૯ રન બનાવ્યા છે. તેને ત્રણ જ ઇનિંગ્સમાં બોલિંગ મળી છે જેમાં તેણે એક વિકેટ લીધી છે. લિસ્ટ-એ પ્રકારની ૧૫ મૅચમાં તેણે ૨૫૮ રન બનાવ્યા છે અને ૧૧ વિકેટ લીધી છે. આઇપીએલ સહિતની તમામ ટી-૨૦ મૅચોમાં તેણે ૧૯૯ બૉલમાં ૩૫૬ રન બનાવ્યા છે અને ૧૩ વિકેટ લીધી છે. આઇપીએલમાં પંજાબ કિંગ્સે તેને ૩૦ લાખ રૂપિયામાં ખરીદ્યા બાદ તેને ૧૨ મૅચ રમવાનો મોકો આપ્યો છે જેમાં તે ૧૦ ઇનિંગ્સમાં ૧૬૫ રન બનાવી શક્યો છે. ત્રણ વખત તે અણનમ હતો.

### સૂર્યાંશ કેમ નીતીશના સ્થાને ટીમમાં?

(૧) સૂર્યાંશ શેડગેએ તાજેતરમાં શ્રીલંકામાં ઇન્ડિયા-એ વતી ટ્રાઇ સિરીઝમાં સારું રમ્યો હતો. ભારતે આ સિરીઝની ટ્રૉફી જીતી લીધી હતી. મિડલ-ઑર્ડરમાં તેણે પાંચ મૅચમાં કુલ ૧૪૭ રન બનાવ્યા હતા તેમ જ સારી બોલિંગ પણ કરીને બે વિકેટ પણ લીધી હતી. (૨) ૨૦૨૪-'૨૫ની સીઝનમાં સૂર્યાંશે સૈયદ મુશ્તાક અલી ટ્રૉફીમાં ૨૫૧.૯૨ના અફલાતૂન સ્ટ્રાઇક-રેટથી ૧૩૧ રન બનાવ્યા હતા. (૩) સૂર્યાંશ બૅટિંગમાં નીચલા ક્રમે ટીમને મૅચ જિતાડી શકે એવી ક્ષમતા ધરાવે છે.



**ક્રિકેટર તિલક વર્મા વિધાનસભા ભવનમાં!**
ભારતીય ક્રિકેટર તિલક વર્મા મંગળવારે મુંબઈમાં ચોમાસુ વિધાનસભા સત્ર વખતે વિધાનસભા ભવનમાં જોવા મળ્યો હતો. (અમય ખરાડે)

# ભારતે હૉકીમાં પાકિસ્તાનને ૪-૩થી હરાવ્યું, અપરાજિત રહેવાની દાયકા જૂની પરંપરા જળવાઈ

લંડનઃ એફઆઇએચ પ્રો લીગ હૉકી મુકાબલામાં ભારતે કટ્ટર હરીફ પાકિસ્તાનને મંગળવારે ૪-૩થી હરાવ્યું હતું. આ વિજય સાથે ભારતે પાકિસ્તાન સામે અપરાજિત રહેવાની એક દાયકા જૂની પરંપરા જાળવી રાખી છે.

અહમદ નદીમે પાકિસ્તાનને આઠમી મિનિટમાં સરસાઈ આપી બાવીસમી મિનિટમાં અભિષેકે સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો અને ૨૪મી મિનિટમાં (પેનલ્ટી કૉર્નરથી) નીલકંઠ શર્માએ ગોલ કરીને ભારતને ૨-૧થી સરસાઈ અપાવી હતી.

ભારતીયોએ પાકિસ્તાનને એક પછી એક ઝટકો આપવાનું ચાલુ જ રાખ્યું હતું. ૪૦મી મિનિટમાં સુખજીત સિંહે અને ત્યાર બાદ રાજિન્દર સિંહના ગોલથી સરસાઈ વધીને ૪-૧ થઈ ગઈ હતી.

પાકિસ્તાને પછીથી બે ગોલ કર્યા હતા, પણ મૅચને ડ્રૉમાં લઈ જવામાં કે જીતવામાં સફળ નહોતું થયું. ભારત હવે શુક્રવારે ઇંગ્લૅન્ડ સામે રમશે.

# રિષભ પંતના ૧૨ કરોડ રૂપિયા કપાઈ ગયા

## ટ્રેડ ડીલમાં લખનઊમાંથી આઉટ, દિલ્હીમાં કમબૅક બે સીઝન ખરાબ રમ્યો એનું પરિણામઃ બદલામાં કુલદીપને લખનઊએ ૧૩.૫૦ કરોડમાં મેળવ્યો

નવી દિલ્હીઃ લખનઊ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સએ હાઇ-પ્રોફાઇલ ટ્રેડ સત્તાવાર રીતે પૂરું કર્યું છે જેમાં રિષભ પંત અને કુલદીપ યાદવની અદલાબદલી થઈ છે. રિષભ પંતે સીઝન દીઠ પેમેન્ટમાં ૧૨ કરોડ રૂપિયાનો મોટો ઘટાડો ખમવો પડશે, કારણકે લખનઊનું ફ્રૅન્ચાઇઝી તેને એક સીઝન રમવાના રેકૉર્ડ-બ્રેક ૨૭ કરોડ રૂપિયા આપતું હતું, જ્યારે દિલ્હીનું ફ્રૅન્ચાઇઝી ૧૫ કરોડ રૂપિયા આપશે.

સ્પિનર કુલદીપને દિલ્હીમાં મળતી હતી એટલી જ ફી (૧૩.૫૦ કરોડ રૂપિયા) લખનઊ વતી આગામી સીઝનમાં મળશે. લખનઊના ફ્રૅન્ચાઇઝીએ હવે પોતાના ભંડોળમાંથી રિષભ પંતને વર્તમાન ફી (૨૭ કરોડ રૂપિયા) નહીં આપવી પડે. કુલદીપને આ ફ્રૅન્ચાઇઝીએ એક સીઝનના ૧૩.૫૦ કરોડ રૂપિયા આપવાના રહેશે એટલે લખનઊને ૧૩.૫૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે. આગામી ઑક્શન માટેના લખનઊના ફંડમાં ૧૩.૫૦ કરોડ રૂપિયા ઉમેરાઈ ગયા છે. દિલ્હીના ફંડમાંથી ૧.૨૫ કરોડ રૂપિયા કપાઈ જશે.

# રાષ્ટ્રપ્રમુખ મુર્મૂએ પદ્મ અવૉર્ડ્સ એનાયત કર્યા











નવી દિલ્હીઃ રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ ભૂતપૂર્વ ભારતીય કૅપ્ટન રોહિત શર્મા, ટેનિસ ખેલાડી વિજય અમૃતરાજ, ગાયિકા અલકા યાજ્ઞિક, અભિનેતા મમૂટી, સહિત ૬૫ જણને મંગળવારે પદ્મ અવૉર્ડ્સ એનાયત કર્યા હતા.

રાષ્ટ્રપતિ ભવનમાં ગણતંત્ર મંડપ ખાતે યોજાયેલા સમારંભમાં મુર્મૂએ સર્વોચ્ચ અદાલતના ભૂતપૂર્વ ન્યાયાધીશ કે. ટી. થોમસ અને મલયાલમ પત્રકાર પી. નારાયણને પણ પદ્મ પુરસ્કાર આપ્યા હતા.

અલકા યાજ્ઞિક , મમૂટી, કેન્સરના અમેરિકન ચિકિત્સક દત્તાત્રેયુડુ નોરી, વિજય અમૃતરાજ, ઉદ્યોગપતિ એસ. કે. એમ. માઇલીનંદન અને સામાજિક કાર્યકર વેલ્લાપ્પલી નટેસનને પદ્મ ભૂષણ એનાયત કરાયા હતા.

જેએમએમના સ્થાપક સ્વ. શિબુ સોરેન વતી પત્ની રુપી સોરેને આ મરણોત્તર પુરસ્કાર મેળવ્યો હતો.

પાંચ પદ્મવિભૂષણ અવૉર્ડ સહિત ૧૩૧ પદ્મ પુરસ્કાર વિજેતાના નામની જાહેરાત પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ કરાઇ હતી.

રાષ્ટ્રપ્રમુખે અગાઉ ૨૫ મેએ યોજાયેલા કાર્યક્રમમાં બે પદ્મ વિભૂષણ, છ પદ્મ ભૂષણ અને ૫૭ પદ્મ શ્રી સહિતના કુલ ૬૫ પુરસ્કાર એનાયત કર્યા હતા. (એજન્સી)

### દક્ષિણ કોરિયાના કોસ્પી ઈન્ડેક્સમાં આઠ ટકાની નીચલી સર્કિટ લાગતાં વૈશ્વિક બજારો ગબડ્યા

# વિશ્વ બજાર પાછળ આઈટી અને મેટલ શૅરોમાં વ્યાપક વેચવાલીએ સેન્સેક્સમાં ૮૯૩ પૉઈન્ટનો અને નિફ્ટીમાં ૨૭૮ પૉઈન્ટનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ કોરિયાના બજાર નિયામકે આઈટી ક્ષેત્ર ઓવરહીટ થઈ ગયું હોવાની ચેતવણી આપતા આજે વિદેશી રોકાણકારોની ખાસ કરીને આઈટી સહિત ચીપ ઉત્પાદક કંપનીઓના શૅરોમાં નફારૂપી વેચવાલીનું પ્રબળ દબાણ રહેતાં એક તબક્કે દક્ષિણ કોરિયાના બૅન્ચમાર્ક કોસ્પીમાં આઠ ટકાની નીચલી સર્કિટ લાગી હતી અને બજાર ૨૦ મિનિટ સુધી બંધ રહ્યું હતું અને સત્રના અંતે બૅન્ચમાર્ક ગત ચોથી માર્ચ પછીના સૌથી મોટા ૯૧૦.૭૧ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૨૦૩.૮૪ પૉઈન્ટની સપાટીએ રહ્યો હતો. તેમ જ કોરિયા ખાતે આજે મુખ્યત્વે સેમસંગ અને હાઈનિક્સમાં ૧૨ ટકા કરતાં વધુ માત્રામાં કડાકા બોલાઈ ગયા હતા.

આમ કોરિયન બજારમાં નીચલી સર્કિટ લાગી હોવાના નિર્દેશો સાથે ભારત સહિત એશિયન બજારોમાં કડાકા બોલાઈ ગયા હતા. આંતરરાષ્ટ્રીય સ્તરે ભૂરાજકીય તણાવમાં ઘટાડો થવાથી વૈશ્વિક બજારમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડો થતાં ઈક્વિટી માર્કેટમાં સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ ખાસ કરીને આઈટી અને મેટલ શૅરોમાં રોકાણકારોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૮૯૩.૩૯ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૭૮.૮૦ પૉઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૩૯૬.૦૭ કરોડની ખરીદી સામે રૂ. ૧૫,૩૭૮.૨૧ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૭.૮૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૮૬૩.૦૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૬,૧૮૨.૮૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૬૮૦.૨૧ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે.

આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૭,૦૯૪.૦૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૭,૦૮૬.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૬,૦૮૨.૫૧ અને ઉપરમાં ૭૭,૧૯૪.૮૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૮૯૩.૩૯ અથવા તો ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૭૬,૨૦૦.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪,૧૦૨.૯૦ના બંધ સામે ઘટીને ૨૪,૦૭૧.૩૦ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૭૮૪.૯૫થી ૨૪,૧૩૫.૫૦ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના બંધ સામે ૧.૧૬ ટકા અથવા તો ૨૭૮.૮૦ પૉઈન્ટ ઘટીને ૨૩,૮૨૪.૧૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાને ટેકે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલી તેજી આજે વિશ્વ બજાર પાછળ આઈટી શૅરોમાં આક્રમક વેચવાલીને કારણે ધોવાઈ ગઈ હતી. વધુમાં આજે ડૉલર ઈન્ડેક્સ મજબૂત રહેતાં રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં બજાર વતુ દબાણ હેઠળ આવી હોવાનું ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થ ટેક કંપની એનરિચ મનીના સીઈઓ પોન્મુડી આરએ જણાવ્યું હતું.



તે જ પ્રમાણે આઈટી રેલિગેર બ્રોકિંગના રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું કે એઆઈ પાછળ જોવા મળેલી રેલી ટકશે કે કેમ તેની અવઢવ વચ્ચે એશિયન બજારોમાં નરમાઈ ઉપરાંત અમેરિકી ફ્યુચરમાં પણ નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિકમાં પણ આઈટી શૅરો દબાણ હેઠળ આવ્યા હતા. વધુમાં જિઓજીત ઈન્વેસ્ટમેન્ટસ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં નફારૂપી વેચવાલીનું દબાણ દર્શાવે છે કે રોકાણકારો સાવચેતીનો અભિગમ અપનાવી રહ્યા છે.

આજે બીએસઈ ખાતે કુલ ૪૪૪૭ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૪૨૭ શૅરના ભાવ વધીને, ૨૮૭૮ શૅરના ભાવ ઘટીને અને ૧૪૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૯૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૫૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને સાત શૅરમાં નીચલી સર્કિટ લાગી હતી. આજે બીએસઈ ખાતે સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૫૦ ટકાનો અને ૦.૯૦ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર ચાર શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા, જેમાં પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૦.૮૩ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૦.૨૮ ટકાનો, મારુતિ સુઝુકીમાં ૦.૨૭ ટકાનો અને સન ફાર્મામાં ૦.૨૩ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય તમામ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં સૌથી વધુ ૩.૩૬ ટકાનો ઘટાડો ઈન્ફોસિસમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટીસીએસમાં ૩.૧૬ ટકાનો, ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૨.૬૭ ટકાનો, ટાટા સ્ટીલમાં ૨.૬૬ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૪૨ ટકાનો અને ઈટર્નલમાં ૧.૮૪ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં મેટલ ઈન્ડેક્સમાં ત્રણ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૨.૨૪ ટકાનો, પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૨.૦૮ ટકાનો, કૉમોડિટી ઈન્ડેક્સમાં ૧.૯૦ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૮૮ ટકાનો, ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ૧.૮૧ ટકાનો બૅન્કેક્સમાં ૧.૪૨ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર હૅલ્થકૅર ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઘટાડા સાથે બંધ રહ્યો હતો અને યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં વધુ ૧૩ પૈસાની નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાના નિર્દેશ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૩ પૈસા નબળો પડીને ૯૪.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૬૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૭૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૯૨ અને ઉપરમાં ૯૪.૭૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસાના ઘટીને ૯૪.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૩૦ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

એકંદરે આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની સપાટી પાર કરી ગયો હોવાના નિર્દેશ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, અમેરિકાએ ઈરાન પર મૂકવામાં આવેલા તેલના વેચાણના પ્રતિબંધ દૂર કરતાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલો ઘટાડો અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પીછેહઠ રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાએ ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા નકારી ન શકાય. તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળી રહેલા ઘટાડા ઉપરાંત કોમર્શિયલ બૅન્કો દ્વારા એકત્રિત કરવામાં આવીરહેલા એફસીએનઆરમાં નોંધપાત્ર રકમ એકત્રિત થાય તો રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે, એમ જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવતા ઉમેર્યું હતું કે હાલના મથાળેથી રૂપિયામાં વધુ ઘટાડાનું જોખમ જણાતું નથી અને ૯૪.૬૦થી ૯૪.૯૫ની રેન્જમાં રહી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૧૦૧.૦૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૯૩.૩૯ પૉઈન્ટનો અને ૨૭૮.૮૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૩૫.૯૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો, પરંતુ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૪ ટકા ઘટીને બેરલદીઠ ૭૭.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

### ફેડરલ રિઝર્વ વધુ તંગ નાણાનીતિ અપનાવે તેવી શક્યતાએ ડૉલર ઊછળતા

# વૈશ્વિક ચાંદીમાં ચાર ટકાથી વધુ કડાકો બોલાતા સ્થાનિક ચાંદીમાં ₹ ૧૦,૩૧૮નું ગાબડું, સોનામાં ₹ ૨૩૧૫ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણાની વાટાઘાટનો પહેલો તબક્કો પૂરો થયા બાદ ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલી પીછેહઠ અને ક્રૂડતેલના ભાવ વધવાની શક્યતા પાતળી થઈ જતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વધતા ફુગાવાને અંકુશમાં રાખવા વધુ તંગ નાણાનીતિ અપનાવે તેવી ધારણા હેઠળ આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતા લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ચાંદીના ભાવમાં ૪.૪ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હતો અને સોનાના ભાવ પણ ૧.૮ ટકા જેટલા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦,૩૧૮નું ગાબડું પડ્યું હતું, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૦૬થી ૨૩૧૫નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારોની પણ વધુ ભાવઘટાડાના આશાવાદે માગ મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૦,૩૧૮ના કડાકા સાથે રૂ. ૨,૨૭,૪૮૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ ઘટતી બજારે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૦૬ ઘટીને રૂ. ૧,૪૪,૪૧૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૧૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૪,૯૯૫ના મથાળે રહ્યા હતા.

ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૧૬.૦૭ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૬ ટકા ઘટીને ૪૦૯૦.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૪.૪ ટકા ગબડીને ઔંસદીઠ ૬૨.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાનના અધિકારીઓની ગઈકાલે સ્વિટ્ઝર્લેન્ડ ખાતે વાટાઘાટોનાં સફળ રાઉન્ડ બાદ ક્રૂડતેલના ભાવમાં આવેલા ઘટાડાથી યુદ્ધને કારણે તેલના ભાવ વધવાની શક્યતાનો છેદ ઉડી ગયો છે અને અમેરિકી ફેડરલ રિઝર્વે વધતા ફુગાવાને અંકુશમાં લેવા તંગ નાણાનીતિના નિર્દેશ આપ્યા હોવાથી આજે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે હવે લાંબા સમયગાળા દરમિયાન સોનાના ભાવની વધઘટનો આધાર ફેડરલની નાણાનીતિ પર વધુ અવલંબિત રહેશે. જોકે, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બૅન્કના વિશ્લેષક સુકી કૂપરના મતાનુસાર આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનામાં ઉછાળે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે. અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૮ ટકા શક્યતા બજાર વર્તુળો આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર જોઈ રહ્યા હતા, જ્યારે ગઈકાલે આ શક્યતા માત્ર ૨૯ ટકા દર્શાવાઈ રહી હતી. જોકે, હવે બજારની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હતી. ■

# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૦ની પીછેહઠ

### મંડી ટેક્સમાં વધારાના વિરોધમાં મધ્ય પ્રદેશની મંડીઓ બંધ

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક, દેશાવરો અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં રાજકોટ ખાતે સિંગતેલમાં તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૨૪૬૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૫૨૫ આસપાસના મથાળે રહ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ની પીછેહઠ જોવા મળી હતી. જોકે, કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં મથકો પાછળ ભાવમાં અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૬ રિંગિટ ઘટી આવ્યા હોવાથી સ્થાનિકમા આયાતી તેલમાં આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોયા રિફાઈન્ડમાં છૂટાછવાઈ માગને ટેકે ભાવમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો.

આજે દેશભરમાં સોયાસીડની માત્ર ૪૦,૦૦૦ ગૂણીની આવકો રહી હતી. ખાસ કરીને મધ્ય પ્રદેશમાં મંડી ટેક્સમાં વધારો કરવામાં આવ્યો તેના વિરોધમાં મંડીઓમાં આવકો નહોતી પરિણામે સોયાસીડની કુલ આવકો ઓછી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, રવાનગીમાં મંડીમાં સોયાસીડના ભાવ ક્વિન્ટલે રૂ. ૬૭૦૦થી ૬૯૦૦ અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૦૦૦થી ૭૧૦૦ આસપાસ રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૫, ઈમામીના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, પતંજલિ ફૂડ્સના જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫ તથા સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૫ અને ઑગસ્ટ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ તથા જીવનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપાર થયાના અહેવાલ હતા. ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫થી ૧૫૨૦માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૨૫માં થયા હતા. હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૫૮૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૫ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે રહ્યા હતા. ■

# ટીનની આગેવાનીમાં વિવિધ ધાતુઓમાં સ્ટૉકિસ્ટોની આક્રમક વેચવાલીએ પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ હેઠળ આજે વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને તાજેતરના ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે વૈશ્વિક અર્થતંત્રોની ગાડી પાટે ચડતા સમય લાગે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈનેગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૨૫ સુધીની પીછેહઠ જોવા મળી હતી.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર, નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૫ ઘટીને રૂ. ૫૧૧૩, રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૩૪૫, રૂ. ૧૯ ઘટીને રૂ. ૧૬૯૩ અને રૂ. ૧૫ ઘટીને રૂ. ૩૫૨ના મથાળે રહ્યા હતા. ■

# ખાંડમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦થી ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહેતાં ખપપૂરતા કામકાજે હાજરમાં અને નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, એકંદરે કામકાજો મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦૦૦થી ૪૦૫૬ અને મિડિયમ ગ્રેડના રૂ. ૪૧૦૨થી ૪૧૯૬ આસપાસ ગુણવત્તાનુસાર ટકેલા રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૩૯૭૦ અને મિડિયમ ગ્રેડના રૂ. ૩૯૯૦થી ૪૧૧૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# એપ્રિલ મહિનામાં રિઝર્વ બૅન્કે હાજર બજારમાં ૮.૯૪૪ અબજ ડૉલર વેચ્યા

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે ગબડી રહેલા રૂપિયાને અંકુશમાં રાખવા માટે ગત એપ્રિલ મહિનામાં રિઝર્વ બૅન્કે હાજર ફોરેક્સ માર્કેટમાં ૮.૯૪૪ અબજ ડૉલરનું વેચાણ કર્યું હતું. આમ સતત બીજા મહિનામાં રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહી હોવાનું રિઝર્વ બૅન્કે તેનાં માસિક બુલેટિનમાં જણાવ્યું છે. આ પૂર્વે માર્ચ મહિનામાં ૯.૭૫૮ અબજ ડૉલરની વેચવાલી રહી હતી.

બુલેટિનમાં જણાવ્યાનુસાર ગત એપ્રિલ મહિનામાં રિઝર્વ બૅન્કની કુલ ૧૬.૨૨૫ અબજ ડૉલરની ખરીદી સામે ૨૫.૧૬૯ અબજ ડૉલરનું વેચાણ રહ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત માર્ચ અને એપ્રિલમાં ખાસ કરીને પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની એકધારી વેચવાલીને કારણે ડૉલર સામે રૂપિયો સતત દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, જૂન મહિનામાં લેવામાં આવેલા મૂડીગત્ આંતરપ્રવાહના પગલાં અને ભૂરાજકીય તણાવ હળવો થવાથી ક્રૂડતેલના ભાવ ઘટી આવતા રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું બુલેટિનમાં ઉમેર્યું હતું. ■

# શાળા પ્રવેશોત્સવના પ્રારંભે અગરિયાના બાળકોના શિક્ષણ માટે ૨૮ 'રણશાળા'નું પ્રસ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિક્ષણ માત્ર મહાનગરો પૂરતું સીમિત ન રહે પણ છેવાડાના માણસ સુધી પણ પહોંચવું જોઈએ. આ વાતને સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા અંતરિયાળ રણ અને મીઠું પકવતા વિસ્તારોમાં રહેતા અગરિયા પરિવારોના બાળકોને અવિરત શિક્ષણ મળી રહે તે માટે નવીન 'સ્કૂલ ઓન વ્હીલ્સ' 'રણશાળા' પહેલ શરૂ કરવામાં આવી છે. ત્યારે રાજ્યભરમાં 'શાળા પ્રવેશોત્સવ'ના ભવ્ય પ્રારંભે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી આ ૨૮ રણશાળાનું બસોનું વિધિવત્ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત એસટી દ્વારા અગરિયા વિસ્તારમાં 'રણશાળા'ના એક ખૂબ જ નવા અભિગમ જોડે એસટીની જે વેસ્ટ બસો હતી એમાંથી કઈ રીતે તેનો બેસ્ટ ઉપયોગ થઈ શકે તેનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ ૨૮ રણશાળા ગાંધીનગરથી સુરેન્દ્રનગર, પાટણ, કચ્છ અને મોરબી જિલ્લાના અગરિયા વિસ્તારોમાં મોકલવામાં આવશે.

આ રણશાળા એ એક ખૂબ જ યુનિક મોડલ છે. બસની અંદર ૨૦થી વધુ બાળકો માટે સોલર એનર્જીના માધ્યમથી ટીવી અને ડીશ ટીવીની વ્યવસ્થા છે જેથી ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા ઓનલાઇન ક્લાસીસનો પણ આ બધા જ બાળકો લાભ લઈ શકશે.

રણની અંદર જે પરિવાર અગરિયા તરીકે કામ કરી રહ્યા છે તેમના બાળકોને ભણવા માટે ક્યાંકને ક્યાંક દૂર જવું ન પડે તે માટે પ્રત્યેક બાળકોને આ બસમાં ક્લાસ થકી આવનારા દિવસોમાં ભણતર આપવામાં આવશે.

તેમણે આગળ જણાવ્યું હતું કે, આ બસો જે બિનઉપયોગી હાલતમાં હતી એ જ બસ આજે શાળાનો ઉત્તમ ક્લાસ હોય એ પ્રકારની વ્યવસ્થાઓ આ બસની અંદર કરવામાં આવી છે. આગામી સમયમાં પણ આ પ્રકારની વધુ બસો શિક્ષણ આપવાના હેતુથી તૈયાર કરવામાં આવશે જેથી છેવાડાનો એકપણ બાળક શિક્ષણથી વંચિત રહી ન જાય તેમ, તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત એસટી અને સર્વ શિક્ષા અભિયાનના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલી આ રણશાળા એ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં સૌથી વધુ ૨૦, પાટણના સાતલપુરમાં ચાર, કચ્છના અંજારમાં બે તેમ જ મોરબીના માળિયામાં બે એમ કુલ ૨૮ બસ શિક્ષણ કાર્યમાં સેવા આપી રહી છે. ■




રાજકોટ તાલુકામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો, જેમાં કુંવરજીભાઈ બાવળિયાએ કુવાડવા ગ્રામ મિડલ સ્કૂલ, સરકારી માધ્યમિક શાળા-બેટી અને સાયપર પ્રાથમિક શાળામાં ભૂલકાઓને શૈક્ષણિક કીટ આપી આવકાર્યા હતા...

# સોમનાથથી દ્વારકા અને વેરાવળથી ભાવનગર માટે સીધી બસ સેવા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં સ્થાનિક મુસાફરો અને યાત્રાળુઓની સુવિધા માટે બે નવા બસ રૂટ શરૂ કરવામાં આવ્યા છે, જેમાં સોમનાથ-દ્વારકા અને વેરાવળ-ભાવનગર રૂટનો સમાવેશ થાય છે. વેરાવળ એસ.ટી. ડેપોના મેનેજરે જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક વર્ષોથી સોમનાથ આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સોમનાથ અને દ્વારકા બંને અનુક્રમે જ્યોતિર્લિંગ અને ચાર ધામ સર્કિટ સાથે જોડાયેલા મુખ્ય ધાર્મિક સ્થળો હોવાથી, આ બંને પવિત્ર સ્થાનોને જોડતી સીધી બસ સેવા શરૂ કરવાની લાંબા સમયથી માગ હતી. આ નવી સેવાઓ શરૂ થવાથી હવે સૌરાષ્ટ્રના આ બે સૌથી મહત્ત્વપૂર્ણ ધાર્મિક કેન્દ્રો તેમ જ અન્ય વિસ્તારો વચ્ચેની મુસાફરી વધુ સરળ અને સુવિધાજનક બનશે. આ નવી સેવાઓ અંતર્ગત શરૂ કરાયેલી સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ બસ દરરોજ સવારે ૬:૩૦ વાગ્યે સોમનાથથી ઉપડશે અને માંગરોળ તથા પોરબંદર થઈને દ્વારકા પહોંચશે, જ્યારે પરતીની બસ બપોરે ૨:૩૦ વાગ્યે દ્વારકાથી રવાના થશે. આ ઉપરાંત, વેરાવળ અને ભાવનગર વચ્ચે પણ એક નવી બસ સેવા શરૂ કરવામાં આવી છે, જે દરરોજ સવારે ૫:૩૦ વાગ્યે વેરાવળથી ઉપડીને સોમનાથ, કોડીનાર, ઉના, મહુવા અને રાજુલા થઈને ભાવનગર પહોંચશે અને ભાવનગરથી પરતીની બસ બપોરે ૨:૦૦ વાગ્યે ઉપડશે. ■

# કેશોદમાં સગીરાને બ્લેકમેલ કરી દુષ્કર્મ આચરનાર પોરબંદરનો જીઆરડી જવાન જેલભેગો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના કેશોદ પંથકમાંથી સગીરા સાથે દુષ્કર્મ આચરી, તેના વાંધાજનક ફોટા પાડીને લાંબા સમય સુધી બ્લેકમેલિંગ કરવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ડિસેમ્બર ૨૦૨૪માં પીડિતા જ્યારે ૧૭ વર્ષની સગીર વયની હતી, ત્યારે કાકાના દીકરાના લગ્નપ્રસંગ દરમિયાન તેની મુલાકાત પોરબંદરના ઓટડા ગામના વતની અરમાન જુસબભાઈ મકવાણા સાથે થઈ હતી. લગ્ન બાદ પણ બંને વચ્ચે ઇન્સ્ટાગ્રામ મારફતે વાતચીત ચાલુ રહી હતી. આ ઓનલાઈન મિત્રતાનો ગેરફાયદો ઉઠાવી આરોપી અરમાને સગીરાને વિશ્વાસમાં લઈ પોરબંદર બોલાવી હતી અને ત્યાં તેની મરજી વિરુદ્ધ જબરદસ્તીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. આ હેવાનિયત બાદ નરાધમે સગીરાના જ મોબાઈલમાંથી આપત્તિજનક ફોટા પાડી લીધા હતા અને તે સોશ્યલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું.

બદનામીના ડરથી મજબૂર બનેલી પીડિતાને આરોપી અવારનવાર ધમકાવીને પોરબંદર પોતાના ઘરે બોલાવી શારીરિક શોષણ કરતો રહ્યો હતો. આ અત્યાચાર એટલાથી ન અટકતા ગત ૧૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આરોપી તમામ હદો પાર કરીને કેશોદ ખાતે આવેલા પીડિતાના ઘરે સુધી પહોંચી ગયો હતો અને ત્યાં પણ જૂના ફોટા વાયરલ કરવાની ધમકી આપીને યુવતી સાથે ફરીથી દુષ્કર્મ આચર્યું હતું. વારંવારના આ શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને આખરે પીડિતાએ હિંમત ભેગી કરી પોતાના પરિવારને આપવીતી જણાવી હતી અને કેશોદ પોલીસ સ્ટેશનમાં ન્યાય માટે ગુહાર લગાવી હતી.

આ ચકચારી કેસમાં આરોપી અરમાન જુસબભાઈ મકવાણા વિરુદ્ધ પોક્સો એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની દુષ્કર્મની કલમો મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ગુનાની શરૂઆત થઈ ત્યારે ભોગ બનનાર સગીર વયની હોવાથી પોક્સો હેઠળ કાર્યવાહી કરાઈ હતી. પકડાયેલો આરોપી છેલ્લા એક વર્ષથી પોરબંદર જી.આર.ડી.માં નોકરી કરતો હોવાનું ખૂલ્યું હતું. હાલ પોલીસ દ્વારા નરાધમ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# દીકરીઓ નિર્ણય લેતા પહેલા માતા-પિતાને વિશ્વાસમાં લેઃ ધારાસભ્ય ટીલાળા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં અગાઉ આરતી સાંગાણીના આંતરજ્ઞાતીય લગ્નના વિવાદ બાદ હવે વધુ એક ગાયિકા રિદ્ધિ રાજપરાએ જયેશ વાઘેલા સાથે લગ્ન કરી લેતાં પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે સોશ્યલ મીડિયા પર પણ સમાજના લોકો પોતાની નારાજગી અને આક્રોશ વ્યક્ત કરી રહ્યા છે. આ ચર્ચાસ્પદ વિષય પર પોતાનું વલણ સ્પષ્ટ કરતાં રાજકોટના ધારાસભ્ય અને લેઉવા પાટીદાર સમાજના આગેવાન રમેશ ટીલાળાએ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, કાયદાકીય રીતે લગ્ન કરવાનો દરેક દીકરીને સ્વતંત્ર અધિકાર છે, પરંતુ વર્તમાન સમયમાં જે પ્રકારના કિસ્સા સામે આવી રહ્યા છે તે સામાજિક દૃષ્ટિએ યોગ્ય નથી.

ધારાસભ્ય રમેશ ટીલાળાએ માત્ર પાટીદાર સમાજ જ નહીં, પરંતુ તમામ વર્ગના વડીલો અને દીકરીઓને ખાસ સંદેશ આપતા ઉમેર્યું હતું કે, દીકરીઓએ પોતાના જીવનનો આટલો મોટો નિર્ણય લેતી વખતે માતા-પિતા અને વાલીઓના માર્ગદર્શનને અગ્રતા આપવી જોઈએ. માતા-પિતાએ સંતાનો પર ઘણી અપેક્ષાઓ રાખી હોય છે, તેથી તેમને વિશ્વાસમાં લેવા ખૂબ જરૂરી છે. આવા સામાજિક પ્રશ્નોના કાયમી ઉકેલ માટે માત્ર પરિવારે જ નહીં, પરંતુ તમામ સમાજના વડીલોએ પણ આગળ આવીને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું જોઈએ જેથી ભવિષ્યમાં આવા વિવાદોને રોકી શકાય છે તેમ જણાવ્યું હતું. ■

# રાજકોટ જિલ્લામાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ': કુંવરજી બાવળિયાના ડ્રોપ આઉટ રેશિયોનાં નિવેદનથી વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ'નો ભવ્ય પ્રારંભ થયો હતો, તે અંતર્ગત રાજકોટ શહેર અને જિલ્લાની ૮૦૦થી વધુ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવના પ્રથમ દિવસે જ અંદાજે કુલ ૧૫,૯૦૧ વિદ્યાર્થીઓને ધોરણ-૧ અને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. શહેરના રામનાથપરા જૂની જેલ પાસે આવેલી સંત તુલસીદાસ શાળા ખાતે ધારાસભ્ય રમેશ ટીલાળાએ હાજરી આપી બાળકોને આવકાર્યા હતા અને વાલીઓને પોતાના બાળકોના શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવા અપીલ કરી હતી.

બીજી તરફ, રાજકોટના સાયપર ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે બાળકોનો શાળા પ્રવેશ કરાવવા માટે રાજ્યના કૅબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતા પ્રધાન કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા, ત્યારે વર્ષ ૨૦૦૩માં આ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઐતિહાસિક શરૂઆત થઈ હતી. તે પૂર્વે પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓના અભાવે દીકરા-દીકરીઓ મોટા પ્રમાણમાં અધવચ્ચેથી શિક્ષણ છોડી દેતા હતા અને ડ્રોપ આઉટ રેશિયો ખૂબ ઊંચો હતો, પરંતુ આ અભિયાન બાદ સ્થિતિમાં મોટો સુધારો આવ્યો છે.

આ પ્રવેશોત્સવ દરમિયાન કૅબિનેટ પ્રધાન કુંવરજી બાવળિયાએ એક આશ્ચર્યજનક દાવો પણ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં અધવચ્ચેથી અભ્યાસ છોડી દેતા બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો હવે શૂન્ય ટકા પર પહોંચી ગયો છે. જો કે રાજ્ય સરકારના એક પરિપત્રમાં દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યમાં ૬.૪૧ લાખ બાળકોએ અધવચ્ચેથી શાળા છોડી દીધી હતી જેમાં રાજકોટના ૩૨,૦૦૦ વિદ્યાર્થીઓ સામેલ હતા. આથી સરકારના પ્રધાનનું નિવેદન ચર્ચામાં રહ્યું હતું. ■

# ભાવનગરમાં નેત્રમ પ્રોજેક્ટની કમાલઃ સીસીટીવીની મદદથી પોલીસે અરજદારને રૂ. ૨૭૦૦/- પરત અપાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: આજના આધુનિક યુગમાં ટેકનોલોજીનો સદુપયોગ ગુનાખોરી ડામવા અને પ્રજાલક્ષી કાર્યોમાં કેટલો અસરકારક સાબિત થઈ શકે છે, તેનો ઉત્કૃષ્ટ દાખલો ભાવનગર પોલીસે પૂરો પાડ્યો હતો. ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા એડવાન્સ ટેકનોલોજીનો ઉપયોગ કરી લોકઉપયોગી બનવા તેમજ ગુનાઓના ત્વરિત ઉકેલ માટે ખાસ સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત નેત્રમ શાખાના કર્મીઓએ સીસીટીવી કેમેરાની મદદથી એક વેપારી સાથે થયેલી છેતરપિંડીનો ગણતરીના કલાકોમાં ઉકેલ લાવવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત તારીખ ૨૨/૬/૨૬ ના રોજ સાંજે આશરે ૬:૨૦ વાગ્યાની આસપાસ એક જાગૃત અરજદારે 'નેત્રમ' શાખાનો સંપર્ક સાધી રજૂઆત કરી હતી કે, તેમની 'ગાયત્રીનાથ પ્રોવિઝન સ્ટોર' નામની દુકાનેથી એક અજાણ્યો ઈસમ રૂ. ૨૭૦૦/- ની ખરીદી કરી, પેમેન્ટ આપ્યા વગર જ જતો રહ્યો છે. આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને નેત્રમ ટીમના હેડ કોન્સ્ટેબલ પી.પી. વિંઝિયા દ્વારા ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. બારીકાઈથી કરવામાં આવેલી તપાસ દરમિયાન સાંજે ૬:૧૩ વાગ્યે શંકાસ્પદ ઈસમ વાહન પર પસાર થતો હોવાનું કેમેરામાં કેદ થયો હતો. આ ફૂટેજના આધારે પોલીસે વાહનના નંબર પરથી ખરીદી કરનાર ઈસમનો સંપર્ક સાધ્યો હતો અને કાયદાકીય પાવર બતાવી અરજદારના રોકાયેલા રૂ. ૨૭૦૦/- પૂરેપૂરા પરત અપાવ્યા હતા. ■

# પેપરલીક અને બેરોજગારી મુદ્દે કૉંગ્રેસના સરકાર પર પ્રહારઃ ગુજરાતમાં યોજાશે 'છાત્ર ગર્જના' કાર્યક્રમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ કેન્દ્ર સરકારની શિક્ષણ નીતિ અને પરીક્ષા પ્રણાલી સામે ઉગ્ર મોરચો માંડ્યો છે. ભાવનગર શહેરના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં કોંગ્રેસના પ્રવક્તા મનહર પટેલે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, વર્તમાન સરકાર હેઠળ દેશની શિક્ષણ વ્યવસ્થા માત્ર એક 'ધંધાદારી કૌભાંડ' બનીને રહી ગઈ છે, જ્યાં ભવિષ્ય ઘડવાની આશાએ બેઠેલા લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનું પરીક્ષાના નામે કરોડો રૂપિયાનું આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં આ મુદ્દાઓને રાષ્ટ્રીય સ્તરે ઉઠાવ્યા બાદ, હવે ગુજરાતના વિદ્યાર્થીઓના અવાજને બુલંદ કરવા માટે કોંગ્રેસ દ્વારા આગામી સમયમાં રાજ્યવ્યાપી ''છાત્ર ગર્જના'' કાર્યક્રમનું આયોજન કરીને લડત ચલાવવામાં આવશે.

કોંગ્રેસ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ, દેશની પાંચ મુખ્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે એસએસસી, યુપીએસસી, આરઆરબી, જેઇઇ અને નીટ પાછળ વિદ્યાર્થીઓ અને વાલીઓ વાર્ષિક અંદાજે ૩.૫ લાખ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચી રહ્યા છે. આ આંકડો ભારત સરકારના વાર્ષિક શિક્ષણ બજેટ (૧.૪૦ લાખ કરોડ રૂપિયા) કરતા પણ ત્રણ ગણો વધારે છે. મનહર પટેલે ખાસ કરીને નીટ પરીક્ષાનો ઉલ્લેખ કરતા ઉમેર્યું હતું કે, આ પરીક્ષા આપતા ૨૨ લાખ વિદ્યાર્થીઓના કોચિંગ, રહેવા-જમવા અને ફોર્મ ફી પાછળ વાર્ષિક ૧.૩૨ લાખ કરોડ રૂપિયાનો ધુમાડો થાય છે, જેને કોંગ્રેસે શિક્ષણના નામે ચાલતી 'ખુલ્લી લૂંટ' ગણાવી છે.

પ્રેસ કોન્ફરન્સમાં દેશમાં વધતી બેરોજગારી અને પરીક્ષાઓના ગણિતના ચોંકાવનારા આંકડા રજૂ કરીને વર્તમાન શાસનની નિષ્ફળતા પર આકરા પ્રહારો કરાયા હતા. કોંગ્રેસના દાવા મુજબ, યુપીએસસી પાસ કરીને આઇએસએસ બનવામાં દર ૩૦૦૦ વિદ્યાર્થીએ માત્ર ૧ વિદ્યાર્થી સફળ થાય છે, ઈઈઝમાં દર ૩૦૦૦ એ માત્ર ૩૦ વિદ્યાર્થી અને ગઊઊઝમાં દર ૩૦૦૦ એ માત્ર ૧૮૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થાય છે. વધુમાં, દેશમાં દર ૧૦૦૦ વિદ્યાર્થીઓમાંથી માંડ ૧૨ લોકોને જ રોજગારી મળે છે અને દેશના ૮૦ ટકા એન્જિનિયરો આજે બેરોજગાર બેઠા છે. છેલ્લા ૧૦ વર્ષના શાસનમાં રેકોર્ડબ્રેક ૮૯ પેપરલીક થયા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ વિવાદોમાં ઘેરાઈ છે, જેના કારણે વિદ્યાર્થીઓ ભયંકર માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસે આ શૈક્ષણિક અરાજકતા બદલ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના તાત્કાલિક રાજીનામાની માગ સાથે શિક્ષણ પ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવા મક્કમતા દર્શાવી છે. ■

# જૂનાગઢમાં પૈસાની ઉઘરાણી કરવા આવેલા ટોળાની ૧૦ બાઈકો પર શખસે કાર ફેરવી દીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના જોશીપરામાં રૂપિયાની લેતી-દેતી મામલે સર્જાયેલો વિવાદ ફિલ્મી સ્ટાઈલનાં દ્રશ્યોમાં ફેરવાઈ ગયો હતો. જ્યાં એક ઘરની બહાર પૈસાની ઉઘરાણી કરવા માટે અંદાજે પંદર જેટલા લોકોનું ટોળું બાઈકો લઈને ધસી આવ્યું હતું અને દરવાજે ઊભા રહીને ઉગ્ર બોલાચાલી કરી રહ્યું હતું. આ દરમિયાન ઘરની અંદર હાજર એક શખસ બહાર આટલી મોટી સંખ્યામાં લોકોને જોઈને ગભરાઈ ગયો હતો. પોતાને માર પડશે તેવા ડરના કારણે તેણે ઘરની સામે પાર્ક કરેલી લાઈનબંધ બાઈકો ઉપર સીધી પોતાની પૂરપાટ ઝડપે આવતી કાર ચડાવી દીધી હતી. આ હુમલો એટલો જોખમી હતો કે કારચાલકે માત્ર એક વાર ગાડી બાઈકો પર ફેરવીને સંતોષ નહોતો માન્યો, પણ કાર રિવર્સ લઈને બીજી વખત પણ ત્યાં ઊભેલા લોકો પર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના દરમિયાન કાર બાઈકોને ઢસડીને આગળ નીકળી ગઈ હતી, જેના કારણે વાહનો પાસે ઊભેલા બેથી ત્રણ લોકો નીચે પટકાયા હતા. આ દ્રશ્યને પગલે સ્થળ પર અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી, જેમાં ૭ થી ૮ લોકોનો જીવ માંડ-માંડ બચ્યો હતો. રસ્તા પર આચરવામાં આવેલા આ આખા હાઈવોલ્ટેજ ડ્રામાનો લાઈવ વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ હતી.

આ ચોંકાવનારી ઘટના સોશ્યલ મીડિયાના માધ્યમથી વાઇરલ થતાં જ પોલીસનો કાફલો તાત્કાલિક એક્શનમાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું છે કે આ મામલે બંને પક્ષોમાંથી કોઈએ પણ હજુ સુધી પોલીસમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી નથી. જો કે, જાહેર રોડ પર લોકોના જીવ જોખમમાં મૂકવા અને આ પ્રકારનું આતંક મચાવતું કૃત્ય કરવું એ ગંભીર ગુનો હોવાથી, પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કોઈની ફરિયાદની રાહ જોયા વિના પોતાની જાતે જ આ ગુનાહિત તત્ત્વો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ઊના ગીર ગઢડા પંથકમાં વરસાદની એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઊનાઃ ગીર ગઢડા પંથકમાં બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ વરસી ગયેલા અને ખેતરોમાંથી પાણી બહાર નીકળી ગયા હતા ગીર ગઢડા પંથક ના ધોકડવા, નીતલી, જસાધાર, બેડીયા સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી ગયેલા વ્યાપક વરસાદના પગલે ખેડૂતોના ચહેરા પણ હરખાઈ ગયા હતા તે સિવાય ઊના શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે અમી છાંટણાં વરસ્યા હતા, પરંતુ તાલુકાના સનખડા, ગાંગડા, પશવાળા, સામતેર નાંદરખ સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસી ગયેલા અને ખેતરો માંથી પાણી વહેતા થઈ ગયાં હતાં.

કાગડોળે વરસાદની રાહ જોતા ખેડૂતો પણ વરસાદના આગમનને વધાવ્યું હતું અને વાવણી કાર્યની તૈયારી કરવા લાગ્યા હતા જ્યારે બન્ને તાલુકામાં બપોર બાદ વરસાદી વાતાવરણ જોવા મળતું હતું અને સમયસર વરસાદથી લોકો એ પણ રાહત ની લાગણી અનુભવી હતી. ભારે પવન સાથે વરસાદ વરસતા ગીર ગઢડા તાલુકાના બેડીયા ગામે વૃક્ષ ધરાશાય થયું હતું તેમજ સનખડા ગામમાં પણ ધોધમાર એક ઇંચ જેટલો વરસાદ વરસી જતા બસ સ્ટેન્ડ ની બાજુમાં આવેલ પી.જી.વી.સી. એલ.ના સબસ્ટેશન જે બેન્ક ની સામે આવેલ હોય તેમાં વીજ શોર્ટ લાગતા નંદીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ક્યાંક ધોધમાર વરસાદ તો ક્યાંક ધીમીધારે વરસાદ વરસેલ બપોર ના સમયે ધોધમાર વરસાદ ભાવનગર હાઈવે પર વરસતા વાહનચાલકો પણ મુશ્કેલીમાં મુકાયા હતા જ્યારે ગાંગડાથી સામતેર પાસે વરસાદનો છાંટો પણ જોવા મળેલ નહીં બાદમાં સામતેરમાં અમુક વિસ્તાર માં ધોધમાર વરસાદ તો બીજા વિસ્તારમાં ધીમીધારે વરસાદ વરસ્યો હતો. આમ વરસાદનું આગમન થતા નાઘેર વિસ્તારના લોકોએ રાહત અનુભવી હતી. ■

# ભાવનગર એસ. ટી. વિભાગને મુસાફરો દ્વારા ક્યુ. આર. કોડ સ્કેન કરીને પાંચમાંથી ૪.૭ નું રેટિંગ આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ગુજરાત રાજ્ય માર્ગ વ્યવહાર નિગમમાં સારી બસો સ્વચ્છ બસો, નિયમિત સંચાલન તેમજ મુસાફરોની સાથે ફરજ પરના સ્ટાફની વિવેકી અને મુસાફર જનતા સાથે સૌજન્ય પૂર્ણ વ્યવહાર હોય તે બાબતે એક મુહીમ ચલાવવામાં આવે છે અને મુસાફર જનતાને વધુ ને વધુ સારી સેવા પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. ત્યારે ભાવનગર વિભાગની બસોને પાંચમાંથી ૪.૭ રેટિંગ પ્રાપ્ત થયું છે.

જેના અનુસંધાને માહે એપ્રિલ-૨૬ માં મધ્યસ્થ કચેરી દ્વારા અપાયેલ સૂચના મુજબ નિગમ દ્વારા અપાતી સેવા બાબતે સુજ્ઞ મુસાફર જનતાને અપાતી સેવા માટે મુસાફર જનતાનો નિગમની સેવા બાબતે શું પ્રતિસાદ છે? તે જાણવા માટે તેમજ સેવા બાબતે કોઈ ત્રુટિઓ છે તે બાબતનો સારાંશ કે અભિપ્રાય મેળવવા માટે દરેક બસોની સીટ પર ક્યુ આર કોડ લગાવવામા આવેલ છે જે ક્યુ. આર. કોડ સ્કેન કરી મુસાફર નિગમની સેવા બાબતે પોતાનો અભિપ્રાય જણાવી શકશે જે સુવિધા અન્વયે ભાવનગર વિભાગની બસોના એપ્રિલ-૨૬ આજદીન સુધીમામ કુલ ૧૭૯૦૦ મુસાફરો એ પોતાનો પ્રતિસાદ આપેલ તેમજ ચાલુ સપ્તાહ દરમિયાન ૨૭૭૮ મુસાફરોએ મુસાફરો એ પોતાનો પ્રતિસાદ આપ્યો હતો.

મુસાફર જનતા દ્વારા અપાયેલ પ્રતિસાદોનુ વિહંગાવલોકન કરતા ભાવનગર વિભાગ ને ઓવર ઓલ કુલ ૫(પાંચ) માથી ૪.૭ નુ રેટિંગ મળેલ જે વિસ્તૃત વિશ્લેષણ મુજબ સ્ટાફની વર્તણુંક અને સલામતી બાબતે કુલ ૫(પાંચ) માથી ૪.૯ નુ રેટિંગ પ્રાપ્ત થયેલ છે. બસોની સ્વચ્છતા અને સમય પાલન બાબતે કુલ ૫(પાંચ) માથી ૪.૮નુ રેટીંગ પ્રાપ્ત થયેલ છે. બસની સ્થિતિ બાબતે પણ કુલ ૫(પાંચ) માથી ૪.૮નુ રેટિંગ પ્રાપ્ત થયું છે. ■